RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 10-05-2026 I VOL : 12 I Issue : 54 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

**સુવિચાર**
ઈચ્છાઓ પૂરી ના થાય તો ક્રોધ વધે છે... અને, ઈચ્છાઓ પૂરી થાય તો લોભ વધે છે...

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3

ભારત-પાકિસ્તાનના સંબંધો સુધારવા મથામણ!

4


યુવા ભારત ઉપર જોખમ : ડિગ્રી હોવા છતાં રોજગારી નથી

6

સેલિના જેટલીએ પતિ પીટર વિરુદ્ધ FIR નોંધાવી

7

યશસ્વી જયસ્વાલ અને શેફાલી વર્મા મુસીબતમાં! NADAએ ફટકારી નોટિસ

### એક નજર...

**એક્ટ્રેસ નિયા શર્માએ કરાવ્યું બોલ્ડ ફોટોશૂટ**



અમીષા પટેલે કોઈનું નામ લીધા વગર જણાવ્યું કે, માત્ર પીઆર ગેમ રમીને પોતાને સુપરસ્ટાર કહેવડાવવાનું બંધ કરવું જોઈએ. તેણે કડવું સત્ય કહેતા લખ્યું કે, પોતાને સુપરસ્ટાર ત્યારે જ કહો જ્યારે તમે બોક્સ ઓફિસ પર ઈતિહાસ રચે તેવું કામ કર્યું હોય. ઘણી અભિનેત્રીઓ કે જેઓએ કારકિર્દીમાં એક પણ સોલો બ્લોકબસ્ટર ફિલ્મ આપી નથી.

### NEWS TRACK

## સ્પેસ શૂટ પહેરીને પૃથ્વી પર ઉતર્યા હતા 4 ફૂટના એલિયન્સ! UFOની ગુપ્ત ફાઇલ્સમાં મોટો ઘટસ્ફોટ

અત્યાર સુધી જે વાતોને કલ્પના માનવામાં આવતી હતી, તેના પર હવે ખુદ અમેરિકાના સંરક્ષણ વિભાગે મહોર મારી હોય તેમ લાગે છે. પેન્ટાગોન દ્વારા તાજેતરમાં 162 નવી UFO ફાઈલ્સ જાહેર કરવામાં આવી છે. આ દસ્તાવેજોમાં દાયકાઓ પહેલા જોવાયેલા ત્રણથી ચાર ફૂટ ઊંચા વિચિત્ર જીવો અને અવકાશયાનના અવશેષો વિશે અત્યંત ચોંકાવનારી વિગતો સામે આવી છે. સ્પેસ સૂટ અને હેલ્મેટ પહેરેલા જીવો પેન્ટાગોનની ફાઈલ્સમાં દાયકાઓ જૂના એવા અહેવાલોનો ઉલ્લેખ છે. જેમાં અવકાશમાં સ્પેસ સૂટ અને હેલ્મેટ પહેરેલા ત્રણથી ચાર ફૂટ ઊંચા રહસ્યમય જીવો જોવા મળ્યા હતા. આ અહેવાલોમાં એ વાતનો પણ ઉલ્લેખ છે કે, FBIના એક મેમોમાં ફ્રેન્ક એડવર્ડ્સના પુસ્તક 'Flying Saucers - Serious Business' પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જેણે તે સમયે લોકોમાં UFO પ્રત્યે ભારે ઉત્સુકતા અને વિવાદ જગાવ્યો હતો. FBI મેમોમાં એડવર્ડ્સના દાવાને ટાંકવામાં આવ્યો છે કે, UFO એ પૃથ્વી પરની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરવા માટે મોકલવામાં આવેલા સ્પેસ વાહનો હતા.

## દિલ્હીમાં આતંકી હુમલાનું એલર્ટ: ઇન્ટેલિજન્સ એજન્સીઓએ કહ્યું- આત્મઘાતી હુમલો થઈ શકે

ઈન્ટેલિજન્સ એજન્સીઓએ દિલ્હીમાં આતંકી હુમલાનું એલર્ટ જાહેર કર્યું છે. ન્યૂઝ એજન્સી PTIએ સૂત્રોના આધારે આ માહિતી આપી છે. એજન્સી અનુસાર, ભાજપ મુખ્યાલય અને આસપાસની સરકારી ઈમારતોની સુરક્ષા સઘન કરવામાં આવી છે. એજન્સીઓને શંકા છે કે દીન દયાલ ઉપાધ્યાય (DDU) માર્ગ પર સ્થિત કાર્યાલયોને આત્મઘાતી હુમલાઓ, કાર બ્લાસ્ટ, ગોળીબાર અથવા IED દ્વારા નિશાન બનાવી શકાય છે. કોઈપણ ખતરાને ટાળવા માટે સુરક્ષા દળોએ દેખરેખ અને સાવચેતીના પગલાં વધારી દીધા છે. જવાનોની તૈનાતી અને સીસીટીવી સર્વેલન્સ વધ્યું પોલીસ અને સુરક્ષા દળોએ વધારાના જવાનોની તૈનાતી, ચેકિંગ અને સીસીટીવી સર્વેલન્સ વધારી દીધું છે. શંકાસ્પદ ગતિવિધિઓ પર નજર રાખવા માટે બેરિકેડિંગ અને વાહનોની રેન્ડમ ચેકિંગની સાથે-સાથે સુરક્ષા એજન્સીઓ કોઈપણ સંભવિત ખતરાને રોકવા માટે પરસ્પર તાલમેલથી કામ કરી રહી છે. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ, સ્નિફર ડોગ યુનિટ્સ અને ક્વિક રિએક્શન ટીમોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

# પ. બંગાળના ભાજપના પહેલા CM બન્યા સુવેન્દુ અધિકારી

## દિલીપ ઘોષ સહિત 5 મંત્રી બન્યા; મોદીએ બંગાળની ધરતીને મસ્તક અડાડીને જનતાનો આભાર માન્યો



**કોલકાતા**

સુવેન્દુ અધિકારી શનિવારે પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટીના પ્રથમ મુખ્યમંત્રી બન્યા છે. તેમના સિવાય દિલીપ ઘોષ, અગ્નિમિત્રા પોલ, અશોક કીર્તનીયા, ખુદીરામ ટુડૂ અને નિશિથ પ્રમાણિકે પણ મંત્રી પદના શપથ લીધા. સુવેન્દુએ બંગાળીમાં ઈશ્વરના નામે શપથ લીધા. શપથ લીધા પછી, સુવેન્દુ પીએમ પાસે ગયા અને તેમને નમીને પ્રણામ કર્યા. બંગાળના રાજ્યપાલ આર.એન. રવિએ સુવેન્દુ ઉપરાંત અન્ય 5 ધારાસભ્યોને મંત્રી પદના શપથ લેવડાવ્યા. આમાં દિલીપ ઘોષ, અગ્નિમિત્રા પોલ, અશોક કીર્તનીયા, ખુદીરામ ટુડુ અને નિશિથ પ્રમાણિકના નામનો સમાવેશ થાય છે. આ શપથવિધિમાં પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ, એનડીએ અને ભાજપ શાસિત રાજ્યોના 20 મુખ્યમંત્રીઓ હાજર રહ્યા. કાર્યક્રમમાં સૌથી પહેલા મોદીએ મંચ પર રવીન્દ્રનાથ ટાગોરને તેમની જયંતિ પર શ્રદ્ધાંજલિ આપી. પીએમએ મંચ પર ભાજપના 98 વર્ષીય કાર્યકર્તા માખનલાલ સરકારનું સન્માન કર્યું. મંચ પર આવતા જ વડાપ્રધાન સીધા સરકાર પાસે ગયા, તેમને શાલ ઓઢાડી અને પછી તેમના ચરણ સ્પર્શ કર્યા.

# વિજય આજે તમિલનાડુના CM તરીકે શપથ લઈ શકે છે

## રાજ્યપાલને 121 ધારાસભ્યોના સમર્થનનો પત્ર આપ્યો, TVK ધારાસભ્યોના રિસોર્ટની સુરક્ષા વધારી

**ચેન્નાઈ**

તમિલનાડુમાં TVK ચીફ સી. જોસેફ વિજય રવિવારે મુખ્યમંત્રી પદના શપથ લઈ શકે છે. સૂત્રો અનુસાર ચેન્નઈના જવાહરલાલ નેહરુ ઈન્ડોર સ્ટેડિયમમાં બપોરે 3:15 વાગ્યે શપથ ગ્રહણ સમારોહ યોજાશે. વિજયે શનિવારે રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર સાથે લોકભવનમાં મુલાકાત કરી અને સરકાર બનાવવા માટે 121 ધારાસભ્યોનો સમર્થન પત્ર સોંપ્યો. બહુમતી સાબિત કરવા માટે 118 ધારાસભ્યોની જરૂર હતી. 4 મેના રોજ આવેલા ચૂંટણી પરિણામમાં વિજયની પાર્ટીને સૌથી વધુ 108 બેઠકો મળી હતી. પરંતુ આ બહુમતીના આંકડાથી 10 ઓછી હતી. TVKને કોંગ્રેસના 5, CPI અને CPI(M)ના 2-2 ધારાસભ્યોનું સમર્થન 8 મે સુધી મળી ચૂક્યું હતું. શનિવારે VCK અને IUMLએ TVKને સરકાર બનાવવા માટે પોતાના 2-2 ધારાસભ્યોનું સમર્થન આપ્યું. આ તરફ, મહાબલીપુરમ સ્થિત ફોર પોઈન્ટ્સ રિસોર્ટની બહાર ભારે સુરક્ષા તૈનાત કરવામાં આવી છે. અહીં TVKના તમામ ધારાસભ્યો રોકાયેલા છે. 4 મે- વિધાનસભા ચૂંટણીના પરિણામો આવ્યા. વિજયની પાર્ટી TVK 234માંથી 108 બેઠકો જીતીને સૌથી મોટી પાર્ટી બની. કોઈ પણ પાર્ટીને સ્પષ્ટ બહુમતી મળી નહોતી.

# ધર્મ-આસ્થા: 'હારે કે સહારે'ના દ્વારે ધાની મીડિયાના ગ્રુપ એડિટર પવન માકન, સપરિવાર લીધા બાબા શ્યામના આશીર્વાદ

## પરિવારની સુખ-શાંતિ અને સૌના સંકટ દૂર થાય તેવી ભાવભરી પ્રાર્થના કરી: ખાટુધામમાં ભક્તિમય માહોલ







**[બ્યુરો રિપોર્ટ], રાજસ્થાન**

કળિયુગના અવતારી દેવ અને ભક્તોના કષ્ટ હરનારા ભગવાન શ્રી ખાટુ શ્યામજીના ચરણોમાં સીસ ઝુકાવવા માટે દેશભરમાંથી શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યા છે. ત્યારે તાજેતરમાં 'ધાણી મીડિયા ગ્રુપ'ના ગ્રુપ એડિટર શ્રી પવન માકનજીએ સપરિવાર રાજસ્થાન સ્થિત સુપ્રસિદ્ધ ખાટુ શ્યામ મંદિરની મુલાકાત લીધી હતી.

**પરિવારની ખુશાલી માટે માગ્યા આશીષ**

પવન માકનજીએ પવિત્ર ધામમાં બાબા શ્યામની મનમોહક છબીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. તેમણે શાસ્ત્રોક્ત વિધિ મુજબ પૂજા-અર્ચના કરી પરિવારમાં સુખ, સમૃદ્ધિ અને હંમેશા ખુશાલી જળવાઈ રહે તે માટે બાબાના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે તેમની સાથે તેમનો પરિવાર પણ ભક્તિભાવમાં તરબળ જોવા મળ્યો હતો.

**સૌનું કલ્યાણ થાય તેવી મનોકામના**

માત્ર પોતાના પરિવાર માટે જ નહીં, પરંતુ પવન માકનજીએ સમગ્ર સમાજ અને દરેક પરિવાર પર આવતા સંકટો દૂર થાય અને બાબા શ્યામ સૌની રક્ષા કરે તેવી લોક-કલ્યાણની ભાવના સાથે વિશેષ પ્રાર્થના કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'બાબાના દરબારમાં જે પણ સાચા હૃદયથી આવે છે, બાબા તેના તમામ દુઃખ હરી લે છે.'

**શ્રદ્ધા અને સમર્પણનો સંગમ**

ધાણી મીડિયાના માધ્યમથી પત્રકારત્વ ક્ષેત્રે કાર્યરત પવન માકનજીની આ ધાર્મિક યાત્રા એ તેમની આધ્યાત્મિકતા અને સંસ્કારો પ્રત્યેની શ્રદ્ધા દર્શાવે છે. ખાટુધામથી પરત ફર્યા બાદ સોશિયલ મીડિયા પર પણ તેમને અને તેમના પરિવારને શ્યામ બાબાની કૃપા મળતી રહે તેવી અનેક શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.




# શું 'સખી વન સ્ટોપ સેન્ટર' પરિવારો જોડવા માટે છે કે તોડવા માટે?

## પુખ્તવયના નામે સામાજિક મૂલ્યોના ચીરેચીરા!

આજના આધુનિક યુગમાં 'પ્રેમ' અને 'સ્વતંત્રતા'ના નામે ક્યાંક ને ક્યાંક પારિવારિક માળખું જોખમાઈ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. તાજેતરમાં સામે આવેલા કિસ્સાઓએ સમાજમાં એક ગંભીર ચર્ચા છેડી દીધી છે. પ્રશ્ન એ ઊભો થાય છે કે, શું સરકારી સંસ્થાઓ માત્ર કાયદાની કલમો જોઈને જ કામ કરશે? શું તેમાં માનવીય સંવેદનાઓ અને માતા-પિતાના હક્કોનું કોઈ સ્થાન નથી?

### સખી વન સ્ટોપ સેન્ટરની ભૂમિકા સામે સવાલો

સખી વન સ્ટોપ સેન્ટર, જે ખરેખર પીડિત મહિલાઓને સહાય આપવા માટે બનાવવામાં આવ્યું છે, તે અત્યારે વિવાદના ઘેરામાં છે. આખરે પર જ્ઞાતિના યુવકો સાથે યુવતીઓના લગ્ન કરાવવા માટે આ કેન્દ્રના અધિકારીઓ આટલો બધો ઉત્સાહ અને રસ કેમ દાખવી રહ્યા છે?

* તટસ્થતા ક્યાં? શું અધિકારીઓનું કામ માત્ર લગ્ન કરાવી દેવાનું છે કે પછી વિખૂટા પડતા પરિવારને સમજાવીને ફરી એક કરવાનું?

* ઉતાવળ કેમ? કેમ માતા-પિતાના પક્ષને સાંભળ્યા વગર કે તેમને વિશ્વાસમાં લીધા વગર જ યુવતીના નિર્ણયને આખરી ઓપ આપી દેવામાં આવે છે?

પુખ્તતાની આડમાં માતા-પિતાની વેદનાની અવગણના

ચોક્કસપણે, 24 વર્ષની યુવતી કાયદેસર રીતે પુખ્ત છે અને પોતાનો નિર્ણય લેવા માટે સ્વતંત્ર છે. પરંતુ શું 24 વર્ષ સુધી જે મા-બાપે લોહીનું પાણી કરીને દીકરીને મોટી કરી, તેનું ભણતર-ગણતર સંભાળ્યું, શું તેમના કોઈ જ હક્ક નથી?

### "કાયદો પુખ્તતા જુએ છે, પણ સંસ્કાર અને સંબંધોની ગરિમા કોણ જોશે?"

આજે પ્રેમ લગ્નના નામે ઊભા થયેલા આ વાડાઓને કારણે હજારો પરિવારો માનસિક અને સામાજિક રીતે બરબાદ થઈ રહ્યા છે. સામાજિક સંતુલન બગાડતા આવા કિસ્સાઓમાં જ્યારે સરકારી તંત્ર પણ 'તેલ રેડવાનું' કામ કરે, ત્યારે સમાજ માટે તે લાલબત્તી સમાન છે.

### પરિવારોની બરબાદીનું જવાબદાર કોણ?

આ માત્ર બે વ્યક્તિઓના મિલનનો વિષય નથી, પણ બે પરિવારોના અસ્તિત્વનો સવાલ છે. પ્રેમ લગ્નની આ આંધળી દોટમાં જ્યારે જ્ઞાતિ અને સંસ્કારોના સીમાડા ઓળંગાય છે, ત્યારે પાછળ રહી જાય છે રડતા માતા-પિતા અને વેરવિખેર થયેલા પરિવારો.

### પાક્કો ગુજરાત તંત્રને અને સમાજને સવાલ પૂછે છે:

* શું અધિકારીઓ કાઉન્સેલિંગના નામે માત્ર યુવતીના હઠાગ્રહને જ પ્રોત્સાહન આપે છે?

* શું સામાજિક સમરસતા જાળવવામાં આ સંસ્થાઓ નિષ્ફળ રહી છે?

વખત આવી ગયો છે કે કાયદાની સાથે સાથે નૈતિકતા અને પારિવારિક મૂલ્યોને પણ એટલું જ મહત્વ આપવામાં આવે, નહીં તો 'પ્રેમ'ના નામે શરૂ થયેલી આ પ્રક્રિયા અનેક સુખી પરિવારોને સ્મશાનવત બનાવી દેશે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## AI સજ્જ સર્વેલન્સ વ્હીકલ લોન્ચ કરાશે

# રાજ્યનું પ્રથમ ઝીરો કમ્પ્લેઇન સિટી બનશે ગાંધીનગર

ગાંધીનગર

ગુજરાતનું પાટનગર ગાંધીનગર અત્યાર સુધી પોતાની હરિયાળી અને સુઆયોજિત સેક્ટરો માટે જાણીતું હતું, પરંતુ હવે તે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગ દ્વારા વહીવટી તંત્રમાં નવો ઈતિહાસ રચવા જઈ રહ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ટૂંક સમયમાં જ સ્માર્ટ ડિટેક્ટર વ્હીકલ પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકો ફરિયાદ કરે તે પહેલાં જ વહીવટી તંત્ર સમસ્યા શોધીને તેનું નિવારણ લાવે તે પ્રકારનું પ્રો-એક્ટિવ મોડલ ઊભું કરવાનો છે.

ગાંધીનગર હવે માત્ર ગ્રીન સિટી જ નહીં, પરંતુ હાઈટેક સિટી બનવા તરફ હરણફાળ ભરી રહ્યું છે. શહેરને ડસ્ટ ફ્રી બનાવવાના પ્રોજેક્ટ પછી હવે ગાંધીનગર મહાનગરપાલિકાએ નાગરિકોની સુવિધા માટે એક ક્રાંતિકારી કમ્પ્લેઈન ફ્રી મોડલ તૈયાર કર્યું છે. આ મોડલ અંતર્ગત શહેરમાં AI સજ્જ સર્વેલન્સ વ્હીકલ લોન્ચ કરવામાં આવશે. જે નાગરિકો ફરિયાદ કરે તે પહેલા જ સમસ્યાનો ઉકેલ લાવવા માટે સક્ષમ હશે.

આ પ્રોજેક્ટ હેઠળ તહેનાત કરવામાં આવનાર વાહન સામાન્ય સર્વેલન્સ વાહન નથી. તે અત્યાધુનિક કોમ્પ્યુટર વિઝન અને ડીપ લર્નિંગ અલ્ગોરિધમથી સજ્જ હશે. આ વાહનની છત પર હાઈરિઝોલ્યુશન 360 ડિગ્રી કેમેરા અને સેન્સર્સ લગાવવામાં આવશે. આ વાહન શહેરના માર્ગો પર નિર્ધારિત ગતિએ દોડશે. આ AI સજ્જ વ્હીકલની ખાસિયતની વાત કરીએ તો તેની AI સિસ્ટમથી પેવમેન્ટ ડિફેક્ટ ડિટેક્શન એટલે કે, રસ્તા પરના નાનામાં નાના ખાડા, તિરાડો કે ઘસાઈ ગયેલા રોડ માર્કિંગ્સનું રીઅલ ટાઈમ મેપિંગ કરશે. જ્યારે હાઈડ્રો લોજીકલ લીકેજ આઈડેન્ટિફિકેશન થકી ગટરના ઉભરાતા પાણી કે પીવાના પાણીની લાઈનમાં થતા લીકેજને સેન્સર દ્વારા ઓળખી કાઢશે.

એજ રીતે ઓબ્જેક્ટ રેકગ્નિશન થકી રસ્તા પર પડેલો કચરો, તૂટેલી સ્ટ્રીટ લાઈટ કે ફૂટપાથ પર થયેલા દબાણોને ઈમેજ પ્રોસેસિંગ દ્વારા તુરંત પકડી પાડશે. એટલે કે, માણસ ભૂલશે પણ મશીન નહીં એ ઉક્તિને સાર્થક કરતા આ પ્રોજેક્ટમાં માનવીય દખલગીરી નહિવત રાખવામાં આવી છે. અત્યાર સુધી સિસ્ટમ એવી હતી કે નાગરિક એપ પર ફોટો પાડીને મોકલે ત્યારે તંત્ર જાગતું હતું. હવે AI વ્હીકલ સમસ્યાને ડિટેક્ટ કરતાની સાથે જ તેનું GPS કો-ઓર્ડિનેટ્સ મેળવી લેશે.

આ ડેટા સીધો સેન્ટ્રલ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર પર જશે અને ત્યાંથી સેકંડોમાં સંબંધિત એન્જિનિયર અથવા વોર્ડ ઓફિસરના મોબાઈલ પર વર્ક ઓર્ડર તરીકે પહોંચી જશે. આ સિસ્ટમમાં ટાઈમ સ્ટેમ્પ હોવાથી અધિકારીએ નક્કી કરેલા સમયગાળામાં કામ પૂર્ણ કરી તેનો રિપોર્ટ અપલોડ કરવો પડશે.

**આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ઉપયોગ દ્વારા વહીવટી તંત્રમાં નવો ઇતિહાસ રચવા જઈ રહ્યું છે ગુજરાતનું પાટનગર**




## પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં કાર્યરત આઉટસોર્સિંગ કર્મચારીઓના

# લીવ ઓન કેશના નાણાંમાં ગેરરીતિ થયાનો ગંભીર આક્ષેપ

ગાંધીનગર

તાપી, દાહોદ અને ભાવનગર જિલ્લા પંચાયત હસ્તકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં કાર્યરત આઉટસોર્સિંગ કર્મચારીઓના લીવ ઓન કેશના નાણાંમાં ગેરરીતિ થયાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે. ગુજરાત જનતા જાગૃતિ મંચે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરીને 'અલ્ટ્રા મોર્ડન' એજન્સીનો કોન્ટ્રાક્ટ તાત્કાલિક રદ કરી પોલીસ ફરિયાદ દાખલ કરવાની માગ ઉઠાવી છે.

ગુજરાત જનતા જાગૃતિ મંચના જણાવ્યા અનુસાર, નવેમ્બર, 2023થી વર્ગ-3 અને વર્ગ-4ના કર્મચારીઓની ભરતી માટે આ એજન્સી કાર્યરત છે. જોકે છેલ્લા બે વર્ષ દરમિયાન ટેન્ડરની શરતો વિરુદ્ધ કર્મચારીઓને મળવાપાત્ર લીવ ઓન કેશની રકમ ચૂકવવામાં આવી નથી



અને કરોડો રૂપિયાની ઉચાપત કરવામાં આવી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

આક્ષેપ મુજબ તાપી જિલ્લામાં અંદાજે 1.32 કરોડ, ભાવનગર જિલ્લામાં 1.72 કરોડ અને દાહોદ જિલ્લામાં 2.83 કરોડ જેટલી રકમમાં ગેરરીતિ થઈ હોવાનું કહેવામાં આવ્યું છે. આમ ત્રણેય જિલ્લાઓમાં કુલ મળીને આશરે 6 કરોડથી વધુની રકમ પચાવી પાડવાનો દાવો કરવામાં આવ્યો છે.

ગુજરાત જનતા જાગૃતિ મંચે દાવો કર્યો છે કે, ફરિયાદો બાદ ટેન્ડર કમિટીઓએ રકમની રીકવરી માટે આદેશ પણ કર્યા છે, છતાં એજન્સી સામે કડક કાર્યવાહી થઈ નથી. વિપરીત રીતે એજન્સીને વધુ એક વર્ષ માટે કોન્ટ્રાક્ટ લંબાવવામાં આવ્યો હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. મંચના પ્રમુખ રજનીકાંત ભારતીયે જણાવ્યું હતું કે, સરકાર ભ્રષ્ટાચાર વિરોધી દાવા કરે છે, પરંતુ નાના કર્મચારીઓ સામે તરત કાર્યવાહી થાય છે, જ્યારે કરોડો રૂપિયાની ગેરરીતિના આરોપો વચ્ચે એજન્સી સામે કાર્યવાહી થતી નથી. ટેન્ડરની શરતો મુજબ ઓછું વેતન ચુકવવા અથવા ગેરરીતિ સાબિત થાય તો કોન્ટ્રાક્ટ કોઈ નોટિસ વિના રદ કરવાની જોગવાઈ હોવા છતાં સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીઓએ પગલાં લીધા નથી, એવો આક્ષેપ તેમણે કર્યો હતો. સાથે જ કેટલાક રાજકીય સંબંધોને કારણે એજન્સી સામે કાર્યવાહી અટકાવવામાં આવી રહી હોવાના પણ આરોપો રજૂઆતમાં કરવામાં આવ્યા છે. સમગ્ર મામલે સરકારે હજી સુધી સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી.

## કુલડીમાં ગોળ ભાંગવાની પ્રથા ચાલુ

# ભાયાવદર કોલેજના જુનિયર ક્લાર્કની ભરતીમાં સેટિંગ...!

રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ભાયાવદરમાં આવેલી એચ.એલ.પટેલ ગ્રાન્ટેડ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં જુનિયર ક્લાર્કની ભરતી સેટિંગથી કરવામાં આવી હોવાનો ઘટસ્ફોટ વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ દ્વારા કરવામાં આવ્યો છે.

પરીક્ષા અગાઉ જ જે ઉમેદવાર સિલેક્ટ થયા છે તેવા હર્ષ ભુવાના નામ સાથેની રજૂઆત શિક્ષણ મંત્રી અને શિક્ષણ સચિવને કરવામાં આવી હતી, આમ છતાં પણ કોઈપણ પ્રકારના પગલા સરકાર દ્વારા લેવામાં ન આવ્યા. જેથી આ ભરતી સ્થગિત અથવા તો રદ કરવામાં આવે ઉપરાંત હાઈકોર્ટના સિટિંગ જજ અથવા તો SIT (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ) ની રચના કરવામાં આવે તેવી માંગ કરાઈ હતી.

આ સાથે જ તેમણે કહ્યું કે જો સરકાર આ રીતે જ ભરતી કરવા માગતી હોય તો રૂ.15,20 અને રૂ.30 લાખના ટેન્ડર બહાર પાડી સિલેક્શન કરી નાખવામાં આવે જેથી લાખો વિદ્યાર્થીઓ જે વર્ષો સુધી લાઈબ્રેરીમાં વાંચી અને સરકારી નોકરી માટેની તૈયારી કરે છે તે બંધ કરી દે. વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં હવે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માત્ર દેખાડા પૂરતી થઈ ગઈ છે. બાકી પરીક્ષાની તારીખ જાહેર ન થાય તે પહેલા તો ઉમેદવારનું નામ જાહેર થઈ જાય છે.

# સાબરકાંઠા LCBએ આંતરરાજ્ય ગેંગનો મુખ્ય સૂત્રધારને ઝડપી પાડ્યો

હિંમતનગર

સાબરકાંઠા LCB (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) દ્વારા ગુજરાત અને રાજસ્થાનમાં તરખાટ મચાવતી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. પોલીસે ગેંગના મુખ્ય સૂત્રધાર સહિત 2 આરોપીઓની ધરપકડ કરી 6 ગુનાઓનો ભેદ ઉકેલ્યો છે. આરોપીઓ પાસેથી 6.70 લાખની સોનાની ચેઈન સહિત કુલ 7.05 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

સાબરકાંઠામાં વધી રહેલી ચેઈન સ્નેચિંગની ઘટનાઓને પગલે LCBની ટીમ ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સિસ દ્વારા તપાસ કરી રહી હતી. પેટ્રોલિંગ દરમિયાન પોલીસને સચોટ બાતમી મળી હતી કે, હિંમતનગરના ખેડ-તસિયા રોડ પર મહિલાના ગળામાંથી ચેઈન તોડનાર આરોપી કાળા રંગની હોન્ડા શાઈન મોટરસાઈકલ (નંબર RJ-12-SS-9104) પર શામળાજીથી હિંમતનગર તરફ આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી બે શંકાસ્પદ વ્યક્તિઓને અટકાવ્યા હતા.

આરોપીઓની અંગઝડતી લેતા તેમના ખિસ્સામાંથી 4 તૂટેલી સોનાની ચેઈન મળી આવી હતી. પૂછપરછમાં આરોપીઓએ કબૂલાત કરી હતી કે આ પૈકીની એક ચેઈન 3 મેના રોજ હિંમતનગરથી લૂંટી હતી, જ્યારે અન્ય 3 ચેઈન રાજસ્થાનના વિવિધ વિસ્તારોમાંથી સ્નેચિંગ કરી હતી.

પ્રાથમિક પૂછપરછમાં આ ગેંગે કુલ 6 ગુનાઓની કબૂલાત કરી છે, જેમાં અમદાવાદ અને હિંમતનગરના 2 તથા રાજસ્થાનના 4 ગુનાઓનો સમાવેશ થાય છે. પકડાયેલા બંને આરોપીઓને આગળની કાર્યવાહી માટે હિંમતનગર 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે. તમામ ફરાર આરોપીઓ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના ગેંજી નવાઘરા ગામના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.

# 1000 લીટર ઠંડી છાશનું વિતરણ : કાળઝાળ ગરમીમાં સેવાયજ્ઞ કરાયો

વડોદરા

સમગ્ર ગુજરાત સહિત વડોદરા શહેરમાં પણ હાલ ઉનાળાની કાળઝાળ ગરમી અને આકરો તાપ પડી રહ્યો છે, જેના કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. આવા અસહ્ય ઉનાળાના સમયમાં માર્ગો પરથી પસાર થતા રાહદારીઓ, શ્રમિકો અને વાહનચાલકોને શીતળતા તેમજ ગરમીથી થોડી રાહત મળી રહે તેવા ઉમદા હેતુ સાથે આર્ટ ઓફ લિવિંગ વડોદરા ચેપ્ટર દ્વારા એક સરાહનીય અને માનવતાવાદી સેવા પ્રકલ્પ હાથ ધરવામાં આવ્યો હતો. આર્ટ ઓફ લિવિંગ સંસ્થા દ્વારા વડોદરાના વ્યસ્ત ગણાતા આંબેડકર સર્કલ નજીક એક ભવ્ય છાશ વિતરણ સેવા શિબિરનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

વહેલી સવારે 10 વાગ્યાથી શરૂ કરીને બપોરે 3 વાગ્યા સુધી ચાલેલા આ સેવા કાર્યક્રમમાં માર્ગ પરથી પસાર થતા હજારો નાગરિકોને એકત્રિત કરીને એકદમ ઠંડી, શુદ્ધ અને મસાલેદાર છાશનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. ભરબપોરે તડકામાં શેકાતા લોકો માટે આ ઠંડી છાશ આશીર્વાદ સમાન સાબિત થઈ હતી અને તૃષા છીપાવવાની સાથે લોકોને ગરમી સામે લડવાની નવી ઊર્જા પણ મળી હતી. આ આયોજન પાછળ એક વિશેષ અને પવિત્ર ઉદ્દેશ્ય જોડાયેલો હતો. આગામી 13 મેના રોજ આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના સ્થાપક અને જગપ્રસિદ્ધ આધ્યાત્મિક ગુરુ રવિશંકરજીનો 70મો જન્મદિવસ આવી રહ્યો છે. આ સાથે જ માનવ કલ્યાણના પંથે આગળ વધી રહેલી આર્ટ ઓફ લિવિંગ સંસ્થા પણ આ વર્ષે પોતાની સ્થાપનાના ગૌરવપૂર્ણ 45 વર્ષ પૂર્ણ કરી રહી છે. આ ડબલ ઉત્સવની વૈશ્વિક સ્તરે ઉજવણીના ભાગરૂપે સંસ્થા દ્વારા સમગ્ર વિશ્વમાં કલ્યાણકારી અને સામાજિક સેવા પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે.

# પંચમહાલમાં 38 દિવસમાં 25થી વધુ બાળલગ્ન અટકાવવામાં આવ્યા

પંચમહાલ

પંચમહાલ જિલ્લામાં હાલ ચાલી રહેલી લગ્નની સિઝન વચ્ચે જિલ્લા બાળ સુરક્ષા એકમ અત્યંત સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે. વહીવટી તંત્ર દ્વારા છેલ્લા 38 દિવસમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સપાટો બોલાવી 25 થી વધુ બાળ લગ્નો અટકાવવામાં આવ્યા છે.

આ સપ્તાહમાં ગોધરા અને શહેરા તાલુકામાં રાત્રિ દરમિયાન દરોડા પાડીને તંત્રએ કાયદાકીય કાર્યવાહી હાથ ધરી હતી. સત્તાવાર વિગતો અનુસાર, જિલ્લા બાળ સુરક્ષા વિભાગની ટીમે ગોધરામાં ગઈકાલે અને શહેરા તાલુકામાં 6 મેના રોજ મોડી રાત્રે કાર્યવાહી કરી હતી. હેલ્પલાઈન નંબર 112 અને 1098 પર મળેલી ફરિયાદો તેમજ ખાનગી બાતમીના આધારે ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. લગ્ન સ્થળ પર સગીરના વાલીઓ અને ગ્રામીણ આગેવાનોને બાળ લગ્ન પ્રતિબંધિત કાયદા અંગે સમજણ આપવામાં આવી હતી. તંત્રએ આ લગ્નો અટકાવી વાલીઓ પાસેથી લેખિતમાં બાંયધરી પણ લીધી છે. જિલ્લા બાળ સુરક્ષા વિભાગની કામગીરીના આંકડા સમાજ માટે લાલબત્તી સમાન છે: સમયગાળો: 1 એપ્રિલથી 8 મે (માત્ર 38 દિવસ), અટકાવેલા લગ્નો: 25થી વધુ, ગત વર્ષનો આંકડો: વર્ષ 2025-26 દરમિયાન કુલ 21 બાળ લગ્નો અટકાવવામાં આવ્યા હતા.

ચાલુ વર્ષે માત્ર દોઢ મહિનામાં જ ગત વર્ષ કરતા વધુ કેસ નોંધાતા તંત્રએ વધુ કડક વલણ અપનાવ્યું છે. તંત્ર દ્વારા સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે જો કોઈ પણ વ્યક્તિ બાળ લગ્ન કરાવવામાં કે તેમાં સહભાગી થવામાં દોષિત જણાશે, તો તેમની સામે કડક કાયદાકીય પગલાં લેવામાં આવશે. બાળ સુરક્ષા વિભાગની આ સક્રિયતાને કારણે અનેક માસૂમ બાળકોનું ભવિષ્ય રોળાતું બચ્યું છે, પરંતુ આ સામાજિક બદીને જડમૂળથી ઉખેડવા માટે હવે જનજાગૃતિ અનિવાર્ય બની છે.

## પાટીલ સહિતના નેતાઓએ શ્રદ્ધાંજલિ પાઠવી

# સુરતના પૂર્વ મેયર અને MLA ડૉ. કનુભાઈ માવાણીનું નિધન

સુરત

સુરત શહેરના પૂર્વ મેયર, પૂર્વ ધારાસભ્ય અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડો. કનુભાઈ માવાણીનું નિધન થયું છે. સામાજિક સેવા અને શિક્ષણ ક્ષેત્રે તેમનું અમૂલ્ય યોગદાન આવનારી પેઢીઓ માટે હંમેશા પ્રેરણારૂપ રહેશે. તેમના નિધન પર રાજકીય નેતાઓ, સામાજિક અગ્રણીઓ અને શિક્ષણ જગતના લોકોએ ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી છે. આજે 9મે કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી.આર. પાટીલ સહિતના અગ્રણીઓએ અંતિમયાત્રામાં જોડાઈ શ્રદ્ધાંજલિ અર્પી હતી. સુરત મહાનગરપાલિકાના પૂર્વ મેયર ડૉ. કનુભાઈ માવાણીનું શુક્રવાર, 8 મે 2026ના રોજ દુઃખદ અવસાન થયું છે. તેમના માનમાં આગામી સોમવાર, 11 મે 2026ના રોજ મહાનગરપાલિકાની તમામ કચેરીઓ, શાળા બોર્ડ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં જાહેર રજા જાહેર કરવામાં આવી છે. જોકે, શહેરની સુવિધા માટે પાણી, ગટર,



સફાઈ અને ફાયર જેવી આવશ્યક સેવાઓ આ દિવસે કાર્યરત રહેશે. સુરત મહાનગરપાલિકા પરિવારે સદગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી શોકની લાગણી વ્યક્ત કરી છે. સુરત શહેરના પૂર્વ મેયર, પૂર્વ ધારાસભ્ય અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડો. કનુભાઈ માવાણીનું નિધન થયું છે. સામાજિક સેવા અને શિક્ષણ ક્ષેત્રે તેમનું અમૂલ્ય યોગદાન આવનારી પેઢીઓ માટે હંમેશા પ્રેરણારૂપ રહેશે. તેમના નિધન પર રાજકીય નેતાઓ, સામાજિક અગ્રણીઓ અને શિક્ષણ જગતના લોકોએ ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી છે.

# અમલીમાં ટેમ્પો હાઈટેન્શન લાઈનને અડકતાં થયો ભડકો

વલસાડ

દાદરા નગર હવેલીના અમલીમાં 66 KVA રોડ પર એક સીએનજી પિકઅપ ટેમ્પોમાં આગ લાગી હતી. વાહન રિવર્સ લેતી વખતે હાઈટેન્શન ઈલેક્ટ્રિક લાઈનના સંપર્કમાં આવતા આ ઘટના બની હતી. આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં આખું વાહન બળીને ખાખ થઈ ગયું હતું.

પ્રાથમિક માહિતી અનુસાર, ટેમ્પો ચાલક વાહન રિવર્સ કરી રહ્યો હતો ત્યારે તે ઉપરથી પસાર થતા ઈલેક્ટ્રિક કેબલને અડી ગયો હતો. કેબલના સંપર્કમાં આવતા જ જોરદાર શોર્ટ સર્કિટ થયું હતું, જેના કારણે પહેલા ટાયરમાં તણખા ઝર્યા હતા અને પછી આખા વાહનને આગ લાગી ગઈ હતી. ઘટનાસ્થળે હાજર લોકોના જણાવ્યા મુજબ, વાહનની આસપાસ કચરાનો મોટો ઢગલો હોવાથી આગ ઝડપથી ફેલાઈ હતી. આ વિસ્તાર ઔદ્યોગિક હોવાથી નજીકમાં અનેક કંપનીઓ અને દુકાનો આવેલી છે. જો આગ સમયસર કાબૂમાં ન આવી હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ શકતી હતી.

## જૂનાગઢમાં ઈકોના બોનેટ અને દરવાજામાં

# ગુપ્ત ખાના બનાવી દારૂની હેરાફેરી કરતા બુટલેગરને પોલીસે દબોચ્યો

જુનાગઢ

જૂનાગઢમાં પ્રોહિબિશનની પ્રવૃત્તિઓને નેસ્તનાબૂદ કરવા માટે પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ અને તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આ દરમિયાન શહેરના જોષીપરા વિસ્તારમાં રહેતા એક બુટલેગર દ્વારા અન્ય રાજ્યમાંથી દારૂ લાવી તેનું છૂટક વેચાણ કરવામાં આવતું હોવાની વિગતો પ્રકાશમાં આવી હતી.

જેના આધારે પોલીસે હર્ષદનગર વિસ્તારમાં વોચ ગોઠવીને એક શંકાસ્પદ ઈકો કારને આંતરી હતી. આ કારની તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી કારણ કે બુટલેગરે દારૂ છુપાવવા માટે ગાડીમાં અત્યંત ચાલાકીપૂર્વક ગુપ્ત ખાનાઓ બનાવ્યા હતા.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે આરોપીએ પોતાની માલિકીની ઈકો કારમાં સ્પેશિયલ વ્યવસ્થા કરાવી હતી. કારના બોનેટના ભાગે, સાઈડના પડિયામાં, દરવાજાની અંદરના ભાગે તેમજ આગળ અને પાછળના બમ્પરની અંદર ખાના બનાવી તેમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો હતો. પોલીસે આ તમામ ખાનાઓમાંથી નાની-મોટી કુલ 298 નંગ દારૂની બોટલો કબજે કરી હતી. આ દારૂનો જથ્થો ગોવા ખાતેથી લાવીને જૂનાગઢના વિવિધ વિસ્તારોમાં વેચવાનો પ્લાન હોવાનું સામે આવ્યું છે.

આ કામગીરી દરમિયાન પોલીસે સ્થળ પરથી 26 વર્ષીય મુખ્ય આરોપીની ધરપકડ કરી છે. તેની પૂછપરછમાં અન્ય બે શખ્સોના નામ પણ ખુલ્યા છે, જેમાં એક સ્થાનિક મદદગાર અને બીજો ગોવાનો સપ્લાયર હોવાનું મનાય છે. હાલમાં પોલીસે આ બંને ફરાર આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. પકડાયેલા આરોપી વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ઓખા-તિરુપતિ વચ્ચે નવી સાપ્તાહિક ટ્રેનનો પ્રારંભ : સોમવારે લીલીઝંડી આપશે

રાજકોટ

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધામાં વધારો કરવાના હેતુથી ઓખા અને તિરુપતિ વચ્ચે નવી સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન શરૂ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નવી ટ્રેન સેવાનો વિધિવત શુભારંભ 11 મે, 2026 સોમવારના રોજ કરવામાં આવશે. ઓખા રેલવે સ્ટેશન પર આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં સાંસદ પૂનમબેન માડમ તથા ધારાસભ્ય પબુભા માણેક ઉપસ્થિત રહીને નવી ઓખા-તિરુપતિ એક્સપ્રેસ ટ્રેનને લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવશે. બીજી તરફ રાજકોટ ડિવિઝનના રાજકોટ-કાનાલુસ સેક્શનમાં ડબલ ટ્રેકની કામગીરીને લઈ અલિયાવાડા સ્ટેશન પર કેટલીક ટ્રેનોના સ્ટોપેજ હંગામી ધોરણે રદ કરવામાં આવ્યા છે. જ્યારે દુરંતો સહિતની ટ્રેનોનાં સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાનાં જણાવ્યા મુજબ, ઓખા અને તિરુપતિ વચ્ચે નવી સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન શરૂ કરવામાં આવનાર છે. આ ટ્રેન પશ્ચિમ ભારતને દક્ષિણ ભારતના પ્રખ્યાત ધાર્મિક સ્થળ તિરુપતિ સાથે સીધી કનેક્ટિવિટી પૂરી પાડશે, જેનાથી શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને મોટી રાહત થશે. આગામી સોમવાર તા. 11મેનાં રોજ ઓખા સ્ટેશનથી સાંસદ પૂનમબેન માડમ અને ધારાસભ્ય પબુભા માણેક લીલીઝંડી આપીને આ ટ્રેનને પ્રસ્થાન કરાવશે. ટ્રેન સંખ્યા 19560 ઓખા-તિરુપતિ એક્સપ્રેસ (સાપ્તાહિક) દર સોમવારે રાત્રે 23.35 કલાકે ઓખાથી રવાના થશે. આ ટ્રેન બીજા દિવસે એટલે કે મંગળવારે વહેલી સવારે 4.00 કલાકે રાજકોટ પહોંચશે અને બુધવારે રાત્રે 23.30 કલાકે તિરુપતિ પહોંચશે. એવી જ રીતે પરતમાં ટ્રેન સંખ્યા 19559 તિરુપતિ-ઓખા એક્સપ્રેસ (સાપ્તાહિક) 14 મે, 2026થી દર ગુરુવારે સવારે 8.15 કલાકે તિરુપતિથી ઉપડશે.

## મહિલા સહિત 5થી વધુ લોહીલુહાણ

# ભાવનગરમાં બે પરિવારો વચ્ચે તલવાર-ધોકા ઉછળ્યા

### સામસામે પથ્થરમારો થતા પોલીસનો કડક બંદોબસ્ત ગોઠવાયો

ગાંધીનગર

ભાવનગરના ખેડૂતવાસ વિસ્તારમાં શુક્રવારે મોડી રાત્રે સામાન્ય બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. બે કૌટુંબિક પરિવારો વચ્ચે કરીયાણાની દુકાને બેસવા જેવી નજીવી બાબતે મામલો બિચક્યો હતો, જેમાં સામસામે તલવારો, ધોકા અને પથ્થરમારો થતા આખો વિસ્તાર રણમેદાનમાં ફેરવાઈ ગયો હતો. આ અથડામણમાં મહિલાઓ સહિત 5 જેટલા લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે. ઘટનાની વિગત મુજબ, ખેડૂતવાસમાં બહુચર માતાના મંદિર પાસે રહેતા બે પરિવારો વચ્ચે વિવાદ થયો હતો. ઈજાગ્રસ્ત જીતેશભાઈ બારૈયાના જણાવ્યા અનુસાર, તેમના ઘર પાસે આવેલી કરીયાણાની દુકાને લોકો ભેગા થતા હતા.

આ ભીડ એકઠી કરવાની ના પાડતા મામલો ગરમાયો હતો. આ જૂની અદાવતનો ખાર રાખીને શખ્સોએ મોડીરાતે હુમલો કર્યો હોવાના આક્ષેપ થયા છે. બીજી તરફ સામા પક્ષે ગીતાબેને પણ અગાઉની માથાકૂટને લઈ હુમલો થયો હોવાનું જણાવ્યું છે. પથ્થરમારામાં ઘાયલ થયેલા તમામ લોકોને તાત્કાલિક ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

## કલેક્ટર કચેરીમાં હાઇલેવલ બેઠક યોજાઇ

# બંગાળની થીમ ઉપર PM મોદીનું સ્વાગત થશે : રોડ શોના રૂટ પર રાષ્ટ્રધ્વજ લગાવાયા

વડોદરા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 11 મેના રોજ વડોદરા ખાતે સરદારધામ 3ના લોકાર્પણ કાર્યક્રમમાં હાજરી આપશે. ત્યાર બાદ તેઓના ભવ્ય રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. અંદાજે દોઢ કિમીના આ રોડ શોમાં વડાપ્રધાનનું ભવ્ય અભિવાદન કરવામાં આવશે. પશ્ચિમ બંગાળની જીત બાદ તેઓ ગુજરાત આવી રહ્યા છે ત્યારે અભિવાદનની થીમ પણ બંગાળ પર આધારિત હશે.

વડાપ્રધાનના ભવ્ય સ્વાગત માટે હાઈવેથી એરપોર્ટ સુધી LED સ્ક્રીન લગાવવામાં આવી છે. ગોલ્ડન ચોકડી નજીક બંને તરફ મોટી સ્ક્રીન લગાવવામાં આવી છે જેના ઉપર વડાપ્રધાનને આવકારતા પોસ્ટર પ્રદર્શિત કરવામાં આવશે. હાલ રોડ શોના રૂટ ઉપર તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. મહાનગરપાલિકાના કર્મચારીઓ તૈયારીઓમાં લાગી ગયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગદા સર્કલથી એરપોર્ટ સુધી રોડ શો કરી લોકોનું



અભિવાદન ઝીલશે. ત્યારે આ સમગ્ર રૂટ ઉપર રાષ્ટ્રધ્વજ લગાવવા આવ્યા છે. આ ઉપરાંત રોડની બંને બાજુ બેરીકેટિંગ કરી દેવામાં આવ્યા છે. જેમાં લોકો ઊભા રહીને વડાપ્રધાનનું ભવ્ય સ્વાગત કરશે. અને તેઓને પશ્ચિમ બંગાળની જીત બદલ અભિનંદન પાઠવશે. આ ઉપરાંત ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પણ ભાજપનો ભવ્ય વિજય થયો છે ત્યારે વડાપ્રધાન પણ તમામ મતદારોનો આભાર વ્યક્ત કરશે.

વડાપ્રધાન સરદારધામ 3ના લોકાર્પણ બાદ એરપોર્ટ સુધી પહોંચશે. જ્યાં ગદા સર્કલથી રોડ શોનું આયોજન કરવામાં આવશે. ગોલ્ડન ચોકડી નજીકથી સમગ્ર રૂટ ઉપર ભવ્ય રોશની કરવામાં આવશે. આકર્ષક રોશનીથી આ વિસ્તારને દુલ્હનની માફક સજાવવામાં આવશે. રોશનીની થીમ પણ બંગાળની થીમ આધારિત હશે. હાલમાં રૂટ ઉપર લાઈટિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવશે. આજે રાતથી આ લાઈટિંગ શરૂ કરી દેવાય તેવી શક્યતા છે.

ભાજપના શહેર પ્રમુખ ડો. જયપ્રકાશ સોનીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના સ્વાગત માટે લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સાંજે ભવ્ય રોડ શો યોજાશે ત્યારે આ રૂટ પર 15 સ્ટેજ બનાવવામાં આવ્યા છે. આ સ્ટેજ ઉપરથી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે. હાલમાં જ પશ્ચિમ બંગાળમાં ભવ્ય જીત થઈ છે ત્યારે સ્ટેજ ઉપરથી બંગાળની સાંસ્કૃતિક કૃતિઓ પણ રજૂ કરવામાં આવશે.

પાક્કો ગુજરાત
રવિવાર । 10 મે 2026 । અમદાવાદ

# ભારત-પાકિસ્તાનના સંબંધો સુધારવા મથામણ!

## છેલ્લા ત્રણ મહિનામાં કતાર અને એશિયાના અન્ય એક દેશની રાજધાનીમાં ઓછામાં ઓછી બે વાર ગુપ્ત બેઠકો યોજાઈ

**નવી દિલ્હી**

ઓપરેશન સિંદૂરને એક વર્ષ પૂર્ણ થયા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં હજુ પણ શૂન્યાવકાશ છે. સત્તાવાર સ્તરે કોઈ સંપર્ક નથી થયો, પરંતુ પડદા પાછળ વાતચીતનો માર્ગ ખોલવાના પ્રયાસો તેજ બન્યા છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ મંત્રણાની જવાબદારી બંને દેશોના નિવૃત્ત લશ્કરી જનરલો અને રાજદ્વારીઓએ સંભાળી છે. છેલ્લા ત્રણ મહિનામાં કતાર અને એશિયાના અન્ય એક દેશની રાજધાનીમાં ઓછામાં ઓછી બે વાર ગુપ્ત બેઠકો યોજાઈ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે આ મુલાકાતો અનૌપચારિક છે, પરંતુ તણાવ ઘટાડવા માટેની આ પહેલી મોટી કોશિશ માનવામાં આવે છે. ભારતીય સરકારી વર્તુળોમાં એવી સર્વસંમતિ બની રહી છે કે ઈસ્લામાબાદ અને રાવલપિંડી



(પાકિસ્તાન આર્મી હેડક્વાર્ટર) સાથે વાતચીત માટે એક ગુપ્ત રસ્તો ખુલ્લો હોવો જોઈએ. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજીત ડોભાલના કાર્યાલય અને રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલયને પણ આ હિલચાલથી વાકેફ કરવામાં આવ્યા છે. પાકિસ્તાન તરફથી પણ આવી જ ઈચ્છા વ્યક્ત કરાઈ છે. આ મંત્રણાનો મુખ્ય હેતુ ભવિષ્યમાં કોઈ સંભવિત આતંકી હુમલાની સ્થિતિમાં તણાવને વધુ વકરતો અટકાવવાનો અને કટોકટીના સમયે સીધો સંપર્ક સાધવાનો છે. ભારતનું વલણ હંમેશા સ્પષ્ટ રહ્યું છે કે 'આતંકવાદ અને મંત્રણા સાથે ન ચાલી શકે'. જોકે, બેક-ચેનલ વાટાઘાટોને આ સિદ્ધાંતનું ઉલ્લંઘન માનવામાં આવતું નથી. તેને એક એવી વ્યવસ્થા તરીકે જોવામાં આવે છે જેનાથી સંકટ સમયે ભારત સરકાર સીધી પાકિસ્તાની નેતૃત્વ સાથે વાત કરી શકે. હાલમાં બંને દેશો વચ્ચે માત્ર DGMO સ્તરે સાપ્તાહિક હોટલાઈન દ્વારા જ વાતચીત થાય છે, જે અપૂરતી સાબિત થઈ શકે છે.

હાલમાં આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાનની ભૂમિકા બદલાઈ રહી છે. અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના તણાવમાં પાકિસ્તાન સક્રિય છે. પાકિસ્તાની સેના પ્રમુખ ફિલ્ડ માર્શલ આસિમ મુનીરની પકડ મજબૂત થઈ છે અને તેમને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું પણ સમર્થન હોવાનું મનાય છે. આવી સ્થિતિમાં, જો કોઈ નવો આતંકી હુમલો થાય, તો ઈસ્લામાબાદ પર આંતરરાષ્ટ્રીય દબાણ લાવવું ભારત માટે પડકારજનક બની શકે છે. તેથી, ભારત માટે સીધા સંવાદની વ્યવસ્થા રાખવી અત્યંત મહત્ત્વની બની ગઈ છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ગુપ્ત વાટાઘાટોનો ઈતિહાસ ઘણો જૂનો છે. વર્ષ 2015થી 2018 વચ્ચે NSA ડોભાલે બેંગકોકમાં પાકિસ્તાની સમકક્ષો સાથે ઘણી બેઠકો કરી હતી. હવે પાકિસ્તાનમાં લેફ્ટનન્ટ જનરલ મોહમ્મદ આસિમ મલિકને નવા NSA બનાવવામાં આવ્યા છે. તેઓ પાકિસ્તાનના 10માં NSA છે અને પ્રથમ એવા અધિકારી છે જે ISI ચીફ અને NSA બંને પદ સંભાળી રહ્યા છે.

### વાઇસ એડમિરલ કૃષ્ણ સ્વામીનાથન આગામી નૌકાદળના વડા

# નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ N.S. રાજા સુબ્રમણિ નવા CDS હશે

**નવી દિલ્હી**



ભારત સરકારે લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) એનએસ રાજા સુબ્રમણિને દેશના આગામી ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ (CDS) તરીકે નિયુક્ત કર્યા છે. તેઓ સંરક્ષણ બાબતોના વિભાગના સચિવની જવાબદારી પણ સંભાળશે. વર્તમાન CDS અનિલ ચૌહાણનો કાર્યકાળ 30 મેના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. એનએસ રાજા સુબ્રમણિ દેશના ત્રીજા CDS હશે.

સુબ્રમણિ હાલમાં રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય (NSCS) માં મિલિટરી એડવાઈઝર છે. તેઓ 31 જુલાઈ 2025 ના રોજ વાઈસ ચીફ ઑફ આર્મી સ્ટાફ પદ પરથી નિવૃત્ત થયા હતા

તે જ સમયે, વાઈસ એડમિરલ કૃષ્ણ સ્વામીનાથનને આગામી નૌકાદળ પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ હાલમાં મુંબઈમાં વેસ્ટર્ન નેવી કમાન્ડર છે. કૃષ્ણ પણ 31 મેના રોજ કાર્યભાર સંભાળશે. એનએસ રાજા સુબ્રમણિએ ડિસેમ્બર 1985માં ગઢવાલ રાઈફલ્સમાંથી સેનામાં કમિશન લીધું હતું. તેમણે નેશનલ ડિફેન્સ એકેડમી (NDA)માંથી લશ્કરી તાલીમ મેળવી હતી. આ પછી તેઓ બ્રિટનના બ્રેકનેલ સ્થિત જોઈન્ટ સર્વિસિસ કમાન્ડ એન્ડ સ્ટાફ કોલેજ પણ ગયા હતા. ભારત પાછા ફર્યા પછી તેમને માઉન્ટેન બ્રિગેડમાં બ્રિગેડ મેજરની જવાબદારી સોંપવામાં આવી હતી.

# વી. ડી. સતીશનને જ CM બનાવવાની માંગ સાથે કેરલમમાં કોંગ્રેસ કાર્યકરોનો સૂત્રોચ્ચાર

**નવી દિલ્હી**

કેરલમ વિધાનસભા ચૂંટણીમાં ભવ્ય જીત બાદ હવે કોંગ્રેસ માટે મુખ્યમંત્રીની પસંદગી કરવી કાંટાળા તાજ સમાન બની ગઈ છે. શુક્રવારે આખા રાજ્યમાં હજારો કોંગ્રેસ કાર્યકરો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને વિરોધ પક્ષના નેતા વી. ડી. સતીશનને જ મુખ્યમંત્રી બનાવવાની માંગ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા.



કેરલમમાં અત્યારે બે મોટા જૂથો આમને-સામને છે. એક તરફ વી. ડી. સતીશન છે. જેમણે છેલ્લા 5 વર્ષ વિપક્ષી નેતા તરીકે જમીની સ્તર પર લડત આપી છે. બીજી તરફ કોંગ્રેસના રાષ્ટ્રીય સંગઠન મહાસચિવ કે. સી. વેણુગોપાલનું નામ પણ ચર્ચામાં છે. કાર્યકરો કોઈ પણ સંજોગોમાં વેણુગોપાલને પેરાશૂટ નેતા તરીકે સ્વીકારવા તૈયાર નથી. તેમનું કહેવું છે કે જે નેતાએ યુદ્ધ જીતાડ્યું, તેને જ સત્તા સોંપવી જોઈએ. રિપોર્ટ્સ મુજબ, કોંગ્રેસના 63 ધારાસભ્યોમાંથી બહુમતી વેણુગોપાલના પક્ષમાં હોવાનું મનાય છે, જે હાઈકમાન્ડ માટે મોટી મૂંઝવણ છે.

કેરલમના રાજકારણમાં આ સ્થિતિ 2006ની યાદ અપાવે છે. ત્યારે CPI(M) માં પિનારાયી વિજયન સામે વીએસ અચ્યુતાનંદન માટે જનતા રસ્તા પર ઉતરી હતી અને અંતે પાર્ટીએ નમવું પડ્યું હતું. હવે કોંગ્રેસમાં પણ કાર્યકરો સેક્યુલર કેરલમ માટે સતીશનની માંગ કરી રહ્યા છે. તેવામાં કોંગ્રેસ માટે ખુબ જ દ્વિધાયુક્ત સ્થિતિ સર્જાઇ છે.

સતીશને જાહેરાત કરી હતી કે, જો UDF 100 સીટ નહીં જીતે તો તેઓ નિવૃત્ત થશે, પરંતુ ગઠબંધને 140 માંથી 102 સીટો જીતી બતાવી છે. સતીશનના સમર્થનમાં રેલી કાઢનાર ઈડુક્કીના ત્રણ નેતાઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, જેની સામે સાંસદ ડીન કુરિયાકોસે વિરોધ નોંધાવ્યો છે. પૂર્વ પ્રદેશ પ્રમુખે કહ્યું કે, જે મહેનત કરે તેને જ મજૂરી મળવી જોઈએ. તેમનું આ નિવેદન પરોક્ષ રીતે સતીશનના સમર્થનમાં માનવામાં આવે છે. જે નેતાએ રણમેદાનમાં નેતૃત્વ કર્યું, તેને જ શાસન કરવા દો તેવા કોંગ્રેસના કાર્યકરો નારો લગાવી રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે કોંગ્રેસ હાઈકમાન્ડ ધારાસભ્યોના આંકડાને મહત્વ આપે છે કે રસ્તા પર ઉતરેલા કાર્યકરોની લાગણીને?

# દેશની સરકારી ઓઈલ કંપનીઓને મહિને 30 હજાર કરોડનું નુકસાન

**નવી દિલ્હી**

ઈરાન પર અમેરિકા-ઈઝરાયલના હુમલા પછી હોર્મુઝની ખાડી બંધ થઈ ગઈ. હોર્મુઝની ખાડીના રસ્તે વિશ્વના ૨૦ ટકા ઓઈલનો વેપાર થતો હતો. આ વેપાર અટકી જતાં દુનિયાભરમાં ઓઈલ-ગેસની અછત સર્જાઈ છે અને ૨૫થી ૩૦ ટકા ભાવવધારો ઝીંકાયો છે. ભારતમાં પણ ખાનગી ગેસ અને પેટ્રોલિયમ કંપનીઓએ ભાવવધારો કરી દીધો છે, પરંતુ સરકારી ઓઈલ કંપનીઓએ ભાવમાં વધારો કર્યો નથી.

ઈરાન-અમેરિકા યુદ્ધ પહેલાં ક્રૂડનો એક બેરલનો ભાવ ૭૨ ડોલર હતો. યુદ્ધ પછી આ ભાવ વધીને ૧૦૦ ડોલરને પાર થઈ ગયો છે. યુદ્ધના આ ગાળામાં એક વખત તો બેરલનો ભાવ ૧૪૪ ડોલરે પહોંચી ગયો હતો. કાચી સામગ્રીમાં ૩૦થી ૪૦ ટકાનો વધારો થયો હોવાથી ઓઈલ કંપનીઓનું પ્રોડક્શન મોંઘું થયું છે.

પરંતુ ભારતમાં સરકારી કંપનીઓએ પેટ્રોલ-ડીઝલ-ગેસમાં ભાવ વધારો કર્યો નથી. કારણ કે કેન્દ્ર સરકારે કોઈ જ અવરોધ વગર પેટ્રોલ-ડીઝલ મળી રહે તેવી ખાતરી આપી હતી.

# બિહારમાં વીજળી-વૃક્ષ પડવાથી 9નાં મોત, રાજસ્થાન-એમપીમાં તાપમાન 43°Cને પાર

**નવી દિલ્હી**

ઉત્તર પ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, હિમાચલ પ્રદેશ, રાજસ્થાનમાં શુક્રવારે વરસાદ સાથે કરા પડ્યા. જ્યારે મધ્ય ભારતમાં ફરીથી તીવ્ર ગરમી પડવા લાગી છે.

બિહારના પટના સહિત 7 જિલ્લામાં શુક્રવારે ભારે પવન સાથે વરસાદ થયો. વૃક્ષો અને વીજળી પડવાથી 9 લોકોના મોત થયા. સૌથી વધુ 5 મોત રાજધાની પટનામાં થયા. વાવાઝોડામાં 600થી વધુ વૃક્ષો પણ પડી ગયા.

ઉત્તર પ્રદેશના આગ્રા અને જાલૌનમાં વરસાદ થયો. મઉમાં કરા પણ પડ્યા. શનિવારે 17 જિલ્લામાં વાવાઝોડા-વરસાદ અને વીજળી પડવાનું એલર્ટ છે.

જ્યારે રાજસ્થાનનું બાડમેર દેશમાં સૌથી ગરમ રહ્યું. અહીં તાપમાન 44.6C નોંધાયું. જ્યારે જેસલમેર અને ફલોદીમાં તાપમાન 44C રહ્યું. મધ્ય પ્રદેશના 13 જિલ્લામાં આજે વાવાઝોડા-વરસાદનું એલર્ટ છે. શુક્રવારે રતલામમાં પારો 43.5 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો. આ તરફ, ગુજરાતના અમદાવાદમાં તાપમાન 43.1C અને



મહારાષ્ટ્રના વાશિમમાં તાપમાન 42.8C નોંધાયું. હિમાચલ પ્રદેશના શિમલામાં શુક્રવારે વરસાદ સાથે કરા પડ્યા. જેના કારણે રસ્તા પર ચાર ઈંચથી વધુ જાડું પડ છવાઈ ગયું. તેને હટાવવા માટે બાદમાં જેસીબી મશીનો લગાવવી પડી. સફરજનના પાક અને બગીચાઓને કરાથી બચાવવા માટે લગાવવામાં આવેલી એન્ટી હેલ નેટ પણ તૂટી ગઈ.

રાજ્યના પશ્ચિમી જિલ્લાઓમાં શુક્રવારથી હીટવેવનો દોર શરૂ થઈ ગયો. જેસલમેર અને બાડમેરમાં પારો 44C પર પહોંચી ગયો. જ્યારે નાગૌર, અજમેર, ટોંક અને સવાઈ માધોપુરના વિસ્તારોમાં બપોર પછી હળવો વરસાદ થયો. બુંદીમાં ભારે વાવાઝોડામાં ટીનશેડ સાથે એક વૃદ્ધ ઉડી ગયા. તેઓ સીધા 80 ફૂટ દૂર જઈને પડ્યા, જેના કારણે તેમનું મૃત્યુ થયું. ભોપાલ, છિંદવાડા અને રાયસેન સહિત 20 થી વધુ જિલ્લાઓમાં શુક્રવારે વાવાઝોડા સાથે હળવો વરસાદ થયો. જ્યારે, દિવસ દરમિયાન ઘણા જિલ્લાઓમાં ગરમીનો પ્રભાવ રહ્યો. રતલામમાં પારો 43.5C પર પહોંચી ગયો. જ્યારે શાજાપુર 42.6C સાથે રાજ્યનો સૌથી ગરમ જિલ્લો રહ્યો.

### 'સ્કૂલ એજ્યુકેશન સિસ્ટમ ઈન્ડિયા 2026'ના આંકડાનો

# ચિંતાજનક રિપોર્ટ : ભારતમાં દર 4 માંથી 1 વિદ્યાર્થી ધોરણ 10 પછી ભણવાનું કેમ છોડી દે છે

**નવી દિલ્હી**

ભારતે આઝાદી પછી શિક્ષણ ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. ગામેગામ શાળાઓ બની, મધ્યાહન ભોજન જેવી યોજનાઓ આવી અને આજે પરિસ્થિતિ એવી છે કે લગભગ દરેક બાળક પાસે શાળાની પહોંચ છે. પરંતુ, શું વર્ગખંડમાં પ્રવેશ મેળવવો એ જ સફળતાની અંતિમ મહોર છે? નીતિ આયોગના લેટેસ્ટ રિપોર્ટ 'સ્કૂલ એજ્યુકેશન સિસ્ટમ ઈન્ડિયા 2026' ના આંકડા આ સવાલ સામે એક મોટું પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું કરે છે. રિપોર્ટ કહે છે કે ભારતની શિક્ષણની પાઈપલાઈન ઉપરના સ્તરે પહોંચતા સુધીમાં ગંભીર રીતે 'લીક' થઈ રહી છે.

ભારતની શાળાકીય વ્યવસ્થાના આંકડા કોઈપણ દેશને પ્રભાવિત કરી શકે તેવા છે. 14.71 લાખથી વધુ શાળાઓ છે. બીજી તરફ આશરે 24.69 કરોડ બાળકો પણ છે. 1 કરોડથી વધુ શિક્ષકો પણ છે. એક દાયકાના ટ્રેન્ડ પર નજર



કરીએ તો, 2014-15માં કુલ નોંધણી (Enrolment) 26.95 કરોડ હતી, જે 2024-25માં ઘટીને 24.69 કરોડ થઈ છે. નિષ્ણાતો આ ઘટાડાને નકારાત્મક નથી ગણતા, કારણ કે તે ભારતમાં ઘટતા પ્રજનન દર અને બદલાતી ડેમોગ્રાફીનું પરિણામ છે. એટલે કે, શાળાએ જવાની વયના બાળકોની સંખ્યા જ કુદરતી રીતે ઘટી રહી છે. પરંતુ સમસ્યા એ નથી કે કેટલા બાળકો પ્રવેશ લે છે, સમસ્યા એ છે કે કેટલા બાળકો અભ્યાસ પૂરો કરે છે.

નીતિ આયોગના રિપોર્ટમાં સૌથી ચોંકાવનારો આંકડો Gross Enrolment Ratio (GER) નો છે. આ રેશિયો દર્શાવે છે કે જે તે વયજૂથના કેટલા ટકા બાળકો ખરેખર શાળામાં છે. આ ટેબલ પર નજર નાખતા જ સમજાશે કે પ્રાથમિક સ્તરે આપણે લગભગ 100% ની નજીક છીએ. એટલે કે દરેક બાળક શાળામાં પ્રવેશે છે. પરંતુ જેમ જેમ સીડી ચડવાની આવે છે, તેમ તેમ પગથિયાં ટૂંકા પડતા જાય છે. ઉચ્ચતર માધ્યમિક સ્તરે આ આંકડો સીધો 58.4% પર પછડાય છે. આનો અર્થ એ થયો કે લગભગ અડધા વિદ્યાર્થીઓ 12મું ધોરણ પૂરું કર્યા પહેલા જ સિસ્ટમમાંથી બહાર ફેંકાઈ જાય છે.

શિક્ષણનો આ પ્રવાસ એક પાઈપલાઈન જેવો છે, જેમાં એક છેડેથી વિદ્યાર્થીઓ અંદર જાય છે અને બીજા છેડેથી બહાર આવવું જોઈએ. પરંતુ ભારતમાં આ પાઈપલાઈન બે મુખ્ય જગ્યાએથી તૂટેલી છે.

### દાઉદ સહિત 15 હજુ પણ કાયદાથી વેગળા!

# પંજાબમાં AAPના કેબિનેટ મંત્રી સંજીવ અરોડાની કરાઈ ધરપકડ : દરોડા બાદ EDની મોટી કાર્યવાહી

**ચંદીગઢ**

પંજાબના કેબિનેટ મંત્રી અને આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા સંજીવ અરોડાને લઈને મોટો ઘટનાક્રમ સામે આવ્યો છે. ચંદીગઢ સ્થિત તેમના સરકારી નિવાસસ્થાને આજે સવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની ટીમે દરોડા પાડ્યા હતા. કલાકો સુધી ચાલેલી આ કાર્યવાહી બાદ EDએ મંત્રી સંજીવ અરોડાની ધરપકડ કરી છે. બીજી તરફ, આ કાર્યવાહીને લઈને આમ આદમી પાર્ટીએ કેન્દ્ર સરકાર પર રાજકીય દબાણ લાવવાનો આરોપ લગાવ્યો છે. સૂત્રો મુજબ EDની આ કાર્યવાહી મની લોન્ડરિંગ, ફેમા (FEMA) ઉલ્લંઘન, જમીન સંબંધિત બાબતો અને શંકાસ્પદ



નાણાકીય વ્યવહારોની તપાસ સાથે જોડાયેલી છે. EDની કાર્યવાહી માત્ર ચંદીગઢ સુધી મર્યાદિત રહી નથી, પરંતુ લુધિયાણા, જલંધર અને ગુરુગ્રામ સહિતના અનેક શહેરોમાં પણ દરોડા પાડ્યા છે. એવું જાણવા મળ્યું છે કે તપાસના દાયરામાં સંજીવ અરોડાના પરિવાર અને તેમની કંપની સાથે જોડાયેલી કેટલીક ઓફિસો પણ સામેલ હતી.

મુખ્યમંત્રી ભગવંત માને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કેન્દ્ર સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે છેલ્લા એક વર્ષમાં આ ત્રીજી વખત છે જ્યારે ED સંજીવ અરોડાના ઘરે પહોંચી છે, પરંતુ એજન્સીને અત્યાર સુધી કંઈ મળ્યું નથી. તેમણે કહ્યું કે પંજાબ ગુરુઓ અને શહીદોની ધરતી છે, જેને દબાવી શકાય નહીં. ભાજપ કેન્દ્રીય એજન્સીઓનો ઉપયોગ રાજકીય વિરોધીઓને નિશાન બનાવવા માટે કરી રહી છે. આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે પણ કેન્દ્ર સરકાર પર હુમલો કર્યો છે. તેમણે EDને ભાજપના 'સુપારી કિલર' ગણાવતા કહ્યું કે વિપક્ષી નેતાઓને બદનામ કરવા માટે કેન્દ્રીય એજન્સીઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે થોડા દિવસો સુધી કાર્યવાહી અને સમાચારોનો દોર ચાલશે, પરંતુ બાદમાં એજન્સી ખાલી હાથે પરત ફરશે. ED દ્વારા આ કાર્યવાહી મની લોન્ડરિંગ એક્ટ (PMLA, 2002) હેઠળ કરવામાં આવી રહી છે. તપાસ એજન્સીના સૂત્રોના જણાવ્યા અનુસાર, સંજીવ અરોડાએ તેમની કંપની દ્વારા 150 કરોડ રૂપિયાથી વધુના મોબાઈલ ફોનની નકલી GST ખરીદી બતાવી હતી અને ત્યારબાદ દુબઈથી ભારત ગેરકાયદેસર નાણાં લાવવા (રાઉન્ડ ટ્રીપિંગ) માટે નકલી નિકાસનો સહારો લીધો હોવાનો આરોપ છે.

# મમતા બેનર્જીએ સોશિયલ મીડિયા પ્રોફાઈલમાં ફેરફાર કર્યો

### 2021માં 17મી વિધાનસભાની ચૂંટણી જીતીને મમતા ત્રીજી વખત CM બન્યા હતા

**નવી દિલ્હી**

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આખરે શનિવારે સોશિયલ મીડિયા પ્રોફાઈલમાં ફેરફાર કર્યો. મમતા બેનર્જીના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ ફેસબુક પર શનિવારે બાયોમાં દેખાઈ રહ્યું છે - ફાઉન્ડર ચેરપર્સન ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ, ચીફ મિનિસ્ટર ઓફ વેસ્ટ બંગાળ (15મી, 16મી, 17મી વિધાનસભા).

શુક્રવાર સુધી મમતાના પ્રોફાઈલમાં દેખાઈ રહ્યું હતું ફાઉન્ડર ચેરપર્સન ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ, ઓનરેબલ ચીફ મિનિસ્ટર, વેસ્ટ બંગાળ. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં હાર છતાં મમતાએ મુખ્યમંત્રી પદ છોડવાનો ઈનકાર કર્યો. મમતાએ રાજીનામું આપ્યું નથી. 7 મેના રોજ પશ્ચિમ બંગાળની 17મી વિધાનસભાનો કાર્યકાળ સમાપ્ત થઈ ગયો છે. આ પછી રાજ્યપાલ આરએન રવિએ વિધાનસભા ભંગ કરી દીધી હતી. પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આખરે શનિવારે સોશિયલ મીડિયા પ્રોફાઈલમાં ફેરફાર કર્યો. મમતા બેનર્જીના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ ફેસબુક પર શનિવારે બાયોમાં દેખાઈ રહ્યું છે - ફાઉન્ડર ચેરપર્સન ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ, ચીફ મિનિસ્ટર ઓફ વેસ્ટ બંગાળ (15મી, 16મી, 17મી વિધાનસભા). શુક્રવાર સુધી મમતાના પ્રોફાઈલમાં દેખાઈ રહ્યું હતું ફાઉન્ડર ચેરપર્સન ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ, ઓનરેબલ ચીફ મિનિસ્ટર, વેસ્ટ બંગાળ. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં હાર છતાં મમતાએ મુખ્યમંત્રી પદ છોડવાનો ઈનકાર કર્યો. મમતાએ રાજીનામું આપ્યું નથી. 7 મેના રોજ પશ્ચિમ બંગાળની 17મી વિધાનસભાનો કાર્યકાળ સમાપ્ત થઈ ગયો છે. આ પછી રાજ્યપાલ આરએન રવિએ વિધાનસભા ભંગ કરી દીધી હતી.

### NCRBના રિપોર્ટમાં ધડાકો

# કૃષિપ્રધાન દેશ ભારતમાં દરરોજ 28 ખેડૂત-ખેતમજૂરોના આપઘાત

### વર્ષ 2024માં 4633 ખેડૂતો તથા 5913 ખેતમજૂરો મળીને કૃષિ ક્ષેત્ર સાથે જોડાયેલા કુલ 10,546 લોકોએ આપઘાત કર્યો

**નવી દિલ્હી**

ભારતને કૃષિપ્રધાન દેશ માનવામાં આવે છે. પરંતુ આ કૃષિપ્રધાન દેશમાં જ દરરોજ 28 ખેડૂત કે ખેતમજૂરે આપઘાત કરીને મોતની સોડ તાણવી પડે છે! એનસીઆરબી દ્વારા જાહેર કરવામાં આવેલા રિપોર્ટના આંકડામાં આ ચોંકાવનારો ખુલાસો થયો છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોએ જાહેર કરેલા આંકડા મુજબ, દેશમાં વર્ષ 2024માં 4633 ખેડૂતો તથા 5913 ખેતમજૂરો મળીને કૃષિ ક્ષેત્ર સાથે જોડાયેલા કુલ 10,546 લોકોએ આપઘાત કર્યો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસે પણ દાવો કર્યો છે કે રાજ્યમાં ખેડૂતોની સંખ્યા ઘટી રહી છે અને ખેતમજૂરોની સંખ્યામાં મોટો વધારો થયો છે. વર્ષ 2001માં ગુજરાતમાં 51.61 લાખ ખેતમજૂરો નોંધાયા હતા, જે વર્ષ 2011ની વસ્તી ગણતરી અનુસાર વધીને 68.39 લાખે પહોંચી ગયા છે. ગુજરાતમાં એક વર્ષમાં 381 ખેડૂતોએ આપઘાત કર્યો હતો, જેમાં અડધાથી વધુ કેસ સૌરાષ્ટ્ર વિસ્તારના છે. વાતાવરણને કારણે પાક નુકસાની અને સહાયમાં વિલંબને લીધે ખેડૂતો દેવાના બોજ હેઠળ દબાઈને આ અંતિમ પગલું ભરે છે.



# દેશમાં 70 વર્ષમાં 20 લાખ અપહરણ NCRB ગુનાઓમાં હિસ્સેદારી 3 ગણી વધી

### આંકડાઓ અનુસાર, કુલ ગુનાઓમાં અપહરણનો હિસ્સો 1953-62 માં 1.01% હતો

**નવી દિલ્હી**

ભારતમાં અપહરણ અને બળજબરીથી ઉઠાવી જવાના બનાવો છેલ્લા એક દાયકામાં અણધાર્યા રીતે વધ્યા છે. તાજેતરમાં ભોપાલમાં એક IAS એકેડમીના ડિરેક્ટરના અપહરણ અને 1.89 કરોડ રૂપિયાની ખંડણીના કેસે દેશમાં સુરક્ષા વ્યવસ્થા પર સવાલો ઉભા કર્યા છે.

સત્તાવાર આંકડાઓના વિશ્લેષણ દર્શાવે છે કે વર્ષ 1953 થી 2024ની વચ્ચે દેશમાં કુલ 20 લાખથી વધુ આવા કેસ નોંધાયા છે. ચોંકાવનારી હકીકત એ છે કે આ સાત દાયકાના કુલ કેસોનો 54% હિસ્સો (11.24 લાખ કેસ) ફક્ત છેલ્લા 11 વર્ષો (2013-2024) માં નોંધાયો છે. આંકડાઓ અનુસાર, કુલ ગુનાઓમાં અપહરણનો હિસ્સો 1953-62 માં 1.01% હતો, જે 2013-24 દરમિયાન વધીને 3.04% સુધી પહોંચી ગયો છે. અપહરણ પાછળના સૌથી મોટા કારણોમાં લગ્ન માટે મહિલાઓને ઉઠાવી જવી અને સામાન્ય અપહરણ છે.

ખંડણી માટે થતા સંગઠિત અપહરણ કુલ કેસોના માત્ર 0.7% જ છે. રાજ્યોની સરખામણી કરીએ તો ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્ર પછી બિહાર ત્રીજા સ્થાને રહેતું હતું, પરંતુ 2024ના આંકડાઓમાં બિહાર ટોચના છ રાજ્યોમાં સૌથી નીચે નોંધાયું છે.

ભારતમાં બાળકો વિરુદ્ધ નોંધાયેલા સાયબર અપરાધોમાં લગભગ 10માંથી 9 કેસોમાં બાળકો સંબંધિત જાતીય રીતે અશ્લીલ કન્ટેન્ટ પ્રકાશિત કે પ્રસારિત કરવાની વાત સામે આવી છે. NCRBના તાજા આંકડાઓ અનુસાર, દેશમાં કુલ અપરાધ ઘટવા છતાં બાળકો વિરુદ્ધના અપરાધ સતત વધી રહ્યા છે. 2024માં બાળકો વિરુદ્ધ અપરાધના 1,87,702 કેસ નોંધાયા. જે 2023ના 1,77,335 કેસો કરતાં 5.8% વધુ છે.

## તંત્રી લેખ...

# પાણી મર્યાદા તોડે તો વિનાશ નિશ્ચિત, વાણી મર્યાદા તોડે તો પતન અનિવાર્ય

આધુનિક જીવનની દોડધામમાં માણસ ઘણીવાર એક મૂળભૂત સત્ય ભૂલી જાય છે–મર્યાદા. પ્રકૃતિ હોય કે માનવ સ્વભાવ, બંનેમાં એક સરખો નિયમ કાર્યરત છે: જ્યાં મર્યાદા તૂટે છે, ત્યાં સંતુલન ખોરવાય છે અને ત્યારબાદ વિનાશનો આરંભ થાય છે. પાણી જીવનનું આધાર છે. તે શાંત વહે ત્યારે જીવન પોષે છે, ખેતરોને હરિયાળા બનાવે છે અને માનવજાતને ટકાવી રાખે છે. પરંતુ એ જ પાણી જ્યારે પોતાની હદ વટાવે છે, ત્યારે પૂર બનીને ઘરો, સંસ્કૃતિઓ અને સપનાઓને વહાવી જાય છે. એટલે પાણી આપણને એક ઊંડો સંદેશ આપે છે–શક્તિ હોવી મહત્વની છે, પરંતુ તેનું સંયમિત પ્રદર્શન એ વધુ મહત્વનું છે. આ જ સિદ્ધાંત વાણી પર પણ લાગુ પડે છે. વાણી માનવને મળેલી અનમોલ ભેટ છે. શબ્દો દ્વારા આપણે સંબંધો બાંધીએ છીએ, લાગણીઓ વ્યક્ત કરીએ છીએ અને સમાજ સાથે જોડાઈએ છીએ. પરંતુ જ્યારે એ જ શબ્દો સંયમ વિના, વિચાર વિના અને સંવેદના વિના બોલાય છે, ત્યારે તે તીર કરતાં પણ વધુ ઘા પહોંચાડે છે. શરીરના ઘા સમય સાથે ભરી જાય છે, પરંતુ શબ્દોના ઘા ઘણીવાર જીવનભર રહે છે. ઈતિહાસ અને પુરાણોમાં પણ આ સત્ય સ્પષ્ટ રીતે દેખાય છે. એક અસંયમિત વાક્ય કેવી રીતે મહાયુદ્ધનું કારણ બની શકે છે, તેનું ઉદાહરણ મહાભારતમાં જોવા મળે છે. આ માત્ર કથા નથી, પરંતુ માનવ સ્વભાવનું પ્રતિબિંબ છે–શબ્દોની શક્તિ અને તેના પ્રભાવની ચેતવણી છે. આજના ડિજિટલ યુગમાં, જ્યાં સોશિયલ મીડિયા દ્વારા વિચારો તરત જ પ્રસારિત થાય છે, ત્યાં વાણીનો સંયમ વધુ જ જરૂરી બની ગયો છે. એક ખોટો શબ્દ, એક કઠોર ટિપ્પણી અથવા એક ઉતાવળમાં કરાયેલ નિવેદન સંબંધોને તોડી શકે છે અને સમાજમાં અશાંતિ ફેલાવી શકે છે. બોલ્યા પછી શબ્દો પાછા ખેંચી શકાય નથી–એ હકીકતને સમજવી અત્યંત જરૂરી છે.




વાણી અને પાણી બંનેમાં એક સરખો સ્વભાવ છે–જો તે મર્યાદામાં રહે, તો શાંતિ અને જીવન આપે છે; જો મર્યાદા તોડે, તો વિનાશ લાવે છે. તેથી જ કહેવાયું છે–"તોલી બોલો". બોલતા પહેલાં વિચારવું એ જ સાચી બુદ્ધિ છે. ઘણીવાર ગુસ્સામાં, અહંકારમાં કે દુઃખમાં માણસ એવા શબ્દો બોલી દે છે જે પછી પસ્તાવો લાવે છે. એ ક્ષણે જો થોડી શાંતિ રાખી શકાય, થોડું મૌન અપનાવી શકાય, તો ઘણી મોટી સમસ્યાઓ ટાળી શકાય છે. મૌન ઘણીવાર શ્રેષ્ઠ જવાબ સાબિત થાય છે–તે સંબંધોને સાચવે છે અને અંતરમાં શાંતિ જાળવે છે. સંયમનો અર્થ દબાવ નથી, પરંતુ સમજ સાથેનું નિયંત્રણ છે. જ્યારે આપણે સમજીએ છીએ કે ક્યારે બોલવું, કેટલું બોલવું અને શું બોલવું, ત્યારે જ વાણીનું સાચું સૌંદર્ય પ્રગટ થાય છે. એ જ રીતે, જ્યારે આપણે જાણીએ છીએ કે ક્યારે અટકવું અને ક્યારે શાંત રહેવું, ત્યારે જ જીવનમાં સંતુલન જળવાઈ રહે છે. સમાજમાં શાંતિ, પ્રેમ અને સમજણ જાળવવા માટે વાણીનો સંયમ અત્યંત આવશ્યક છે. એક મીઠો શબ્દ હૃદય જીતી શકે છે, જ્યારે એક કઠોર શબ્દ હૃદય તોડી શકે છે. તેથી દરેક શબ્દ બોલતા પહેલાં વિચારવું જોઈએ કે તેનો સામેવાળા વ્યક્તિ પર શું પ્રભાવ પડશે. અંતમાં એટલું જ કહેવું છે કે જીવન એક વહેતી નદી સમાન છે. તેને સુંદર અને શાંતિપૂર્ણ બનાવવા માટે સંયમ જરૂરી છે. પાણીની જેમ વહેવું છે–પણ મર્યાદામાં; વાણીની જેમ બોલવું છે–પણ વિચાર સાથે. કારણ કે જ્યાં મર્યાદા છે, ત્યાં સૌંદર્ય છે; અને જ્યાં મર્યાદા તૂટે છે, ત્યાં વિનાશ નિશ્ચિત છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# યુવા ભારત ઉપર જોખમ : ડિગ્રી હોવા છતાં રોજગારી નથી

**તાજેતરમાં આવેલો અહેવાલ સ્પષ્ટ જણાવે છે કે, 20 થી 29 વર્ષની વયના 6.3 કરોડ સ્નાતક યુવાનોમાંથી અંદાજે 1.20 કરોડ યુવાનો બેરોજગાર છે. ભારત જેવા દેશ માટે ખરેખર આ ચિંતાજનક અને નિરાશાજનક પરિસ્થિતિ છે. યુવાનો વર્ષો ખર્ચીને અભ્યાસ કરે છે અને છતાં તેમની પાસે રોજગારીના અવસરો નથી : ઉચ્ચ શિક્ષણમાં છોકરાઓના રજિસ્ટ્રેશનમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. 2017માં છોકરાઓનું કુલ રજિસ્ટ્રેશન 38 ટકા હતું જે 2024માં 34 ટકા થઈ ગયું છે. તેની પાછળ મુખ્ય કારણ એવું છે કે પરિવારની જરૂરિયાતો પૂરી કરવા માટે નોકરી અને રોજગારીના અવસરો શોધવા પડે છે.**

ભારતમાં કામકાજની સ્થિતિ અંગે, રોજગારી અંગે તાજેતરમાં જ એક અહેવાલ સામે આવ્યો છે. દુનિયાના સૌથી વધારે યુવાન દેશમાં સ્થાન ધરાવતા ભારતમાં યુવાનોની સંખ્યા વધારે પણ સ્થિતિ થોડી ચિંતાનજક છે. ભારતની વસતીનો મોટો ભાગ યુવાનોનો છે અને તેઓ કાર્ય કરી શકે તેવી વસતીમાં સ્થાન ધરાવે છે પણ જ્યારે તેમની વાસ્તવિક સ્થિતિ જોઈએ ત્યારે ખ્યાલ આવશે કે તે તદ્દન વિપરિત છે. ભારતમાં યુવાનોની સંખ્યા વધારે છે, તેમની પાસે ડિગ્રી છે, તેમની પાસે કૌશલ્ય છે પણ તેમની પાસે રોજગારી નથી. દેશના યુવાનોના શિક્ષણ, રોજગાર અને શ્રમ બજારની વાસ્તવિકતા ઉપર આ અહેવાલો પ્રકાશ પાડયો છે જે ભારત માટે ચિંતાજનક છે. જાણકારોના મતે ભારતના યુવાનો શિક્ષિત છે, તેમની પાસે કૌશલ્ય છે પણ અવસર ઓછા છે. છેલ્લાં ચાર દાયકામાં ભારતમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ મોટાપાયે વધ્યું છે. ભારતમાં વિશ્વવિદ્યાલયો, મહાવિદ્યાલયો અને ટેકનિકલ શૈક્ષણિક સંસ્થાઓમાં મોટાપાયે વધારો થયો છે. તેના કારણે હવે હાયર એજ્યુકેશનમાં એનરોલમેન્ટ રેશિયો ૨૮ ટકા પહોંચી ગયો છે. તેમાં છોકરીઓની ભાગીદારી પણ મોટાપાયે વધી છે. બીજી તરફ છોકારઓના રજિસ્ટ્રેશનમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ૨૦૧૭માં છોકરાઓનું કુલ રજિસ્ટ્રેશન ૩૮ ટકા હતું જે ૨૦૨૪માં ૩૪ ટકા થઈ ગયું છે. તેની પાછળ મુખ્ય કારણ એવું છે કે પરિવારની જરૂરિયાતો પૂરી કરવા માટે નોકરી અને રોજગારીના અવસરો શોધવા પડે છે અને તેના કારણે ઉચ્ચ શિક્ષણ શક્ય બનતું નથી. આ પરિવર્તન જણાવે છે કે સમાજ એવા તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે જ્યાં ભણતર જરૂરી છે પણ સાથે સાથે પરિવાર ચલાવવો પણ એટલો જ મહત્ત્વનો છે. શિક્ષણ હવે સમાજના વ્યાપક વર્ગ સુધી પહોંચ્યું છે પણ જ્યારે રોજગારીના અવસરો જોવામાં આવે ત્યારે તેનું પ્રમાણ ઘણું ઓછું છે. તાજેતરમાં આવેલો અહેવાલ સ્પષ્ટ જણાવે છે કે, ૨૦થી ૨૯ વર્ષની વયના ૬.૩ કરોડ સ્નાતક યુવાનોમાંથી અંદાજે ૧.૨૦ કરોડ યુવાનો બેરોજગાર છે. ભારત જેવા દેશ માટે ખરેખર આ ચિંતાજનક અને નિરાશાજનક પરિસ્થિતિ છે. યુવાનો વર્ષો ખર્ચીને અભ્યાસ કરે છે અને છતાં તેમની પાસે રોજગારીના અવસરો નથી. તેના કારણે તેમને પોતાના કૌશલ્યથી ઉતરતી કક્ષાની, ઓછા પગારની નોકરી સ્વીકારવી પડે છે. અહેવાલ જણાવે છે કે, યુવાનોને સ્નાતક થયાના એક વર્ષની અંદર જે નોકરીઓ મળે છે તેમાંથી માત્ર ૭ ટકા યુવાનોને જ સ્થાયી પગારવાળી નોકરી મળે છે. એક સમયે કહેવાતું હતું કે, શિક્ષણ જ બેરોજગારીનો ઉકેલ છે પણ હાલમાં સ્થિતિ કંઈક અલગ જ ચાલી રહી છે. ભારતમાં આજે નજર કરીએ તો ખ્યાલ આવશે કે ૧૫ થી ૨૫ વર્ષના યુવાનોમાં બેરોજગારીનો દર




૪૦ ટકા છે જ્યારે ૨૫ થી ૨૯ વર્ષના યુવાનોમાં અંદાજે ૨૦ ટકા બેરોજગારી જોવા મળે છે. જેમની પાસે રોજગાર છે તેમને પણ પોતાના શિક્ષણ, લાયકાત અને ઈચ્છિત પગારધોરણ પ્રમાણે નોકરી મળી નથી. આ બાબત સ્પષ્ટ જણાવે છે કે, ભારતમાં શિક્ષણ અને રોજગાર વચ્ચેનો સેતુ અત્યંત નબળો છે. ડિગ્રી હોવા છતાં નોકરી ન મળવાના કારણે યુવાનો નિરાશમાં ધકેલાઈ રહ્યા છે. તેમનામાં અસંતોષ વધી રહ્યો છે. આજના યુવાનો સામે બેરોજગારી ઉપરાંત અધૂરી રોજગારી પણ સૌથી મોટી સમસ્યા છે. દેશણાં મોટી સંખ્યામાં એવા યુવાનો કામ કરી રહ્યા છે જેમને પોતાના અભ્યાસ અને કૌશલ્ય પ્રમાણે રોજગારી મળી જ નથી. જાણકારો માને છે કે, આ માત્ર આર્થિક નુકસાન નહીં પણ વ્યક્તિગત ક્ષમતાઓને નુકસાન છે અને રાષ્ટ્રીય સંસાધનોના વેડફાટ સમાન છે. જે શિક્ષણમાં વ્યાપક રોકાણ કરવામાં આવ્યું છે તેમાંથી અપેક્ષિત ઉત્પાદકતા આવે નહીં તો તેનો કોઈ અર્થ સરતો નથી. જાણકારો માને છે કે, દેશમાં માત્ર શિક્ષણનો વિકાસ અને વિસ્તાર થાય તે જરૂરી નથી. તેની સાથે સાથે શિક્ષણની ગુણવત્તા અને તેની ઉપયોગીતમાં પણ વધારો થવો જોઈએ. જો ૨૦૧૦થી ૨૦૨૧ વચ્ચેના સમયગાળાની નોંધ લેવામાં આવે તો પ્રત્યેક લાખ યુવાન વચ્ચે યુનિવર્સિટીઓની સંખ્યા ૨૯થી વધીને ૪૫ સુધી પહોંચી ગઈ છે. આઈટીઆઈ જેવી સંસ્થાઓની સંખ્યામાં પણ અનેકગણો વધારો નોંધાયો છે. તેમ છતાં રોજગારીના વાત આવે ત્યારે ક્ષેત્રીય સ્તરે અસમાનતાઓ રહેલી છે. બીજી તરફ શિક્ષકોનો અભાવ પણ એટલો જ ગંભીર છે. સરકારી કોલેજો અને ખાનગી કોલેજો અને શાળાઓમાં વિદ્યાર્થી-શિક્ષકની સરાસરી ખૂબ જ વધારે છે. તેમ છતાં આ કોલેજોમાંથી અભ્યાસ કરીને નીકળતા યુવાનોના કૌશલ્યમાં વિકાસ થયો હોતો નથી. આ પરિસ્થિતિ જ જણાવે છે કે, આજે પણ આપણી શિક્ષણ વ્યવસ્થા માત્ર ડિગ્રી પૂરતી જ મર્યાદિત છે. અહીંયા ડિગ્રી ઉપર ભાર મુકવામાં આવે છે પણ કૌશલ્ય ઉપર ભાર મુકવામાં આવતો નથી અને તેના પગલે રોજગારનું યોગ્ય સર્જન થતું નથી. બીજી તરફ ઉચ્ચ શિક્ષણ માટે ગરીબ પરિવારોના યુવાનો પણ આગળ વધી રહ્યા છે. તેઓ કોઈપણ રીતે ઉચ્ચ શિક્ષણ મેળવી રહ્યા છે. ૨૦૦૭માં ઉચ્ચ શિક્ષણમાં ગરીબ પરિવારોના યુવાનોનું પ્રતિનિધિત્વ પરાણે આઠ ટકા હતું જે ૨૦૧૭માં પંદર ટકા અને અત્યારે અંદાજે તેનાથી પણ વધારે થઈ ગયું છે. અભ્યાસના અંતે જોવા જઈએ તો આ યુવાનોને રોજગારી પૂરતા પ્રમાણમાં મળતી નથી. ભારતના અર્થતંત્રમાં વ્યાપક ફેરફાર આવી રહ્યો છે. બીજી તરફ યુવાનો હવે ખેતી છોડીને સર્વિસ સેક્ટર અને અન્ય સેક્ટરમાં એક્ટિવ થઈ રહ્યા છે. આઈટી, ઓટોમોબાઈલ અને વ્યાવસાયિક સેવાઓમાં મહિલાઓની ભાગીદારી પણ વધી રહી છે. પ્રોફેશનલ સેક્ટરમાં મહિલાઓ અને પુરુષો વચ્ચે જે ભેદભાવ હતો તે ઓછો થયો છે. આ ક્ષેત્રોમાં રોજગાર સર્જનની જે ગતિ છે તે ખૂબ જ ધીમી છે. એક તરફ ઉચ્ચ કૌશલ્ય ધરાવતી નોકરીઓનું પ્રમાણ ઘટી રહ્યું છે ત્યાં બીજી તરફ સામાન્ય કૌશલ્ય ધરાવતી નોકરીઓમાં પગારધોરણ ખૂબ જ ઓછા છે. તે ઉપરાંત તેમાં અસ્થિરતા અને અનિશ્ચિતતા વધારે છે. આ અસંતુલનના કારણે યુવાનો સામે મોટી સમસ્યા ઊભી થઈ છે. તેઓ પોતાના કૌશલ્યનો યોગ્ય ઉપયોગ કરી શકતા નથી અને બીજી તરફ તેમને યોગ્ય વેતન પણ મળતું નથી. ચિંતાજનક બાબત એ છે કે, જાણકારો માને છે કે, ભારત પાસે વિકસવા માટે અને યોગ્ય અર્થતંત્ર બનાવવા માટે ૨૦૩૦ સુધીનો જ સમય છે. ત્યારબાદ કામકાજી યુવાવર્ગની સંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડો થવા લાગશે. હાલમાં જે દેશ ઘણા સમયથી યુવાનોનો દેશ કહેવાય છે તેમાં પરિવર્તન આવવા લાગશે. તેનો સીધો અર્થ એ છે કે આગામી કેટલાક વર્ષોમાં જો રોજગારીના યોગ્ય વિકલ્પો આપવામાં નહીં આવે અને પૂરતા પ્રમાણમાં રોજગારી સર્જન નહીં થાય તો સમસ્યા વકરી જશે. આગામી પાંચ વર્ષમાં રોજગાર સર્જનની ગતિ વધારી દેવી પડશે. બેરોજગારી કે અધૂરી રોજગારી અસંતુષ્ટ યુવાનો થકી સામાજિક અને આર્થિક પડકારો અને મુશ્કેલીઓનું કારણ બને છે. આગામી સમયમાં એવું થશે તો દેશ માટે મોટો પડકાર સાબિત થશે. બેરોજગારી માત્ર આર્થિક જ નહીં પણ સામાજિક અને મનોવૈજ્ઞાનિક સંકટ રોજગારી અને શિક્ષણ સાથે સંકળાયેલા જાણકારો માને છે કે, માત્ર એકાદ સેક્ટરમાં સુધારો કરવાથી સ્થિતિ સુધરી જવાની નથી કે પરિવર્તન આવવાનું નથી.

# જ્યાં રજનીકાન્ત - કમલ હાસન નિષ્ફળ ગયા ત્યાં વિજય સફળ

**જેટલી ઉજવણી ભાજપે પશ્ચિમ બંગાળ જીતીને કરી છે, એટલી જ ઉજવણીના હકદાર તમિળનાડુ જીતનાર વિજય જોસેફ પણ છે. તેમનો નવો પક્ષ ટીવીકે (000) ભલે નવોસવો હોય, પણ તેમણે ડીએમકેને તમ્મર લાવી દીધા છે. વિજયે બહુ મોટી અને આશ્ચર્યભરી જીત મેળવી છે. જે કામ રજનીકાંત અને કમલ હાસન જેવા મહારથીઓ નહોતા કરી શક્યા, તે વિજયે ચપટી વગાડતાં જ કરી બતાવ્યું છે.**

જેટલી ઉજવણી ભાજપે પશ્ચિમ બંગાળ જીતીને કરી છે, એટલી જ ઉજવણીના હકદાર તમિળનાડુ જીતનાર વિજય જોસેફ પણ છે. તેમનો નવો પક્ષ ટીવીકે (૦૦૦) ભલે નવોસવો હોય, પણ તેમણે ડીએમકેને તમ્મર લાવી દીધા છે. વિજયે બહુ મોટી અને આશ્ચર્યભરી જીત મેળવી છે. જે કામ રજનીકાંત અને કમલ હાસન જેવા મહારથીઓ નહોતા કરી શક્યા, તે વિજયે ચપટી વગાડતાં જ કરી બતાવ્યું છે. જે વર્ષમાં પક્ષ સ્થાપ્યો, તે જ વર્ષમાં જાયન્ટ કહી શકાય તેવા ડીએમકે પક્ષ સામે ચૂંટણી લડીને તેને પરાસ્ત કર્યો છે. વિજયની પ્રગતિને ત્રણ કલાકની સાઉથની ફિલ્મ સાથે સરખાવી શકાય, જેમાં કોમન મેન પ્રજાનો અવાજ ઉઠાવ્યા પછી હીરો સીધો જ મુખ્ય પ્રધાન બની જાય છે. તમિળનાડુમાં લોકોને ફિલ્મી હીરો વધુ પસંદ આવે છે. એમ.જી. રામચંદ્રન અને જયલલિતા જેવાં કલાકારો ફિલ્મી પડદેથી મુખ્યપ્રધાનની ખુરશી પર બેસી ગયાં હતાં અને પાકા રાજકારણી બની ગયાં હતાં. ત્યારબાદ રાજકીય સત્તા મેળવવા લાખોના લાડીલા રજનીકાંત અને કમલ હાસન જેવાઓએ પ્રયાસ કર્યો હતો. સમર્થકોનાં ટોળાને મતદારોમાં રૂપાંતરિત કરવાની કળા વિજયે હસ્તગત કરી છે.

વિજય કરતાં અનેકગણા ફોલોઅર્સ રજનીકાંત પાસે હોવા છતાં રાજકારણમાં ટોપ પર પહોંચવાનું સપનું તેઓ સિદ્ધ કરી શક્યા નહોતા. વિજયની કેટલીય ફિલ્મોમાં સરકાર સામેનાં આંદોલનો, ગરીબો તરફી અવાજ અને ગુંડાઓના સફાયા જેવી વાતો જોવા મળે છે. 'જો સરકારી અધિકારીઓ અને રાજકારણીઓ સરકારી હોસ્પિટલોમાં સારવાર લેતા થાય, તો કોર્પોરેટ હોસ્પિટલોની મનમાનીનો અંત આવી જાય' - એવા ડાયલોગ વિજયની ફિલ્મોમાં જોવા મળે છે. વિજયે તમિળનાડુ વિધાનસભાના જંગમાં ઝંપલાવવાની જાહેરાત કરી, ત્યારે શરૂઆતમાં કોઈએ એમને ગંભીરતાથી લીધા નહોતા.



સત્તાધારી ડીએમકે પક્ષે તેમની મશ્કરી કરી હતી. તેમની અંગત જિંદગી વિશેના નકારાત્મક અહેવાલો પણ વહેતા થયા હતા. તમિળનાડુના ઈતિહાસ પર નજર કરીએ તો લોકો તેમના ફિલ્મી અભિનેતાઓને રાજકીય નેતાના રૂપમાં જોવા ઈચ્છતા હોય છે. એમ.જી.આર. અને જયલલિતાને મળેલી સફળતા જોઈને સાઉથના અન્ય અભિનેતાઓ પણ રાજકીય સત્તા મેળવવા મેદાનમાં કૂદી પડયા હતા, પરંતુ મોટાભાગના નિષ્ફળ રહ્યા. વિજયની જીત પાછળ ડીએમકેની હિન્દુવિરોધી નીતિ તો જવાબદાર છે જ, તે ઉપરાંત વિજયે આપેલાં ચૂંટણી વચનોએ પણ જીત અપાવી છે. ૭૦ ફિલ્મો કરનાર વિજયનું એક વચન એવું છે કે, 'હું મારી ફિલ્મી કરીયર છોડીને પ્રજાની સેવા કરીશ.' મતદારોને થયું કે આ માણસ ખરેખર આપણા માટે કામ કરશે. એક તરફ ડીએમકેના નેતાઓના આડાતેડાં નિવેદનોએ પ્રજાનો રોષ વહોરી લીધો હતો, તો બીજી તરફ વિકલ્પ શોધતા મતદારોને વિજયમાં પોતાનો રાજકીય લીડર નજરે પડયો હતો. રજનીકાંતે રાજકારણમાં પ્રવેશવા એકાદ દાયકા સુધી પ્રયાસ કર્યો, પણ અંતે સફળ ન થયા. તેમની સિગારેટ ઉછાળવાની રીત કે સનગ્લાસની સ્ટાઈલ પ્રેક્ષકોને ખુશ કરતી હતી, પરંતુ મતદારોને આકર્ષી શકી નહોતી.

કમલ હાસને રજનીકાંત કરતાં એક ડગલું આગળ વધીને પોતાના પક્ષ 'મક્કલ નિધિ મૈયમ' (એમએનએમ) દ્વારા ૨૦૧૯ની લોકસભા અને ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણી લડી હતી. જોકે, બંનેમાં તેમને એક પણ બેઠક મળી નહોતી. પક્ષની પકડ શહેરી વિસ્તારોમાં થોડી જોવા મળી હતી, પરંતુ કમલ હાસને પડદા પાછળ ડીએમકે સાથે હાથ મિલાવીને રાજ્યસભાનું પદ મેળવી લીધું. આ પછી તેમણે પોતાના પક્ષની સક્રિયતા ઘટાડી દીધી. વિજયની રાજકારણમાં એન્ટ્રી રજનીકાંત જેવી ભવ્ય નહોતી, પરંતુ તેની શરૂઆત સીધી ચૂંટણી જીત સાથે થઈ છે. પોતે ડીએમકે કે અન્નાડીએમકે સાથે કોઈ જોડાણ કરવાના નથી, એમ કહીને તેણે લોકોનો વિશ્વાસ જીતી લીધો. વિજયે જાહેરમાં કહ્યું હતું કે, 'મારી ફિલ્મોમાં જેમ મેં ભ્રષ્ટાચારીઓ સામે ઝુંબેશ ચલાવી છે, એમ જ હું રાજકારણમાં કરીશ.' યુવા અને શહેરી મતદારોને આવી ડાયલોગબાજી પસંદ આવી. રજનીકાંત અને કમલ હાસનની કમનસીબી એ હતી કે તેઓ તેમનાં ભાષણમાં પ્રસ્થાપિત પક્ષોની આકરી ટીકા નહોતા કરતા, જેના કારણે મતદારો તેમને ગંભીરતાથી નહોતા લેતા. જ્યારે વિજયે શરૂઆતથી જ ડીએમકે અને અન્નાડીએમકેને ટાર્ગેટ બનાવ્યા. વિજયની ૮૫,૦૦૦ ફેન ક્લબ, જે 'વિજય આર્મી' તરીકે ઓળખાય છે, તે તેમની સૌથી મોટી તાકાત બની છે.

# સત્તા ટકાવવા ગુંડાઓનો સહારો લેવો મમતાને ભારે પડયો

**૨૦૨૬ પશ્ચિમ બંગાળ વિધાનસભાનો ચુકાદો માત્ર રાજ્ય માટે જ નહિ પણ વ્યાપક રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્ય માટે પણ મહત્વનો છે. મમતા બેનર્જી તેમજ તેની ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના દારૂણ પરાજયે દોઢ દાયકા કરતા પણ વધુ સમયથી બંગાળની ઓળખ બની ગયેલા રાજકીય યુગનો અંત લાવી દીધો છે. આ પરિણામની વધુ ચોંકાવનારી બાબત છે તેનો વ્યાપ અને ઊંડાણ.**

૨૦૨૬ પશ્ચિમ બંગાળ વિધાનસભાનો ચુકાદો માત્ર રાજ્ય માટે જ નહિ પણ વ્યાપક રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્ય માટે પણ મહત્વનો છે. મમતા બેનર્જી તેમજ તેની ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના દારૂણ પરાજયે દોઢ દાયકા કરતા પણ વધુ સમયથી બંગાળની ઓળખ બની ગયેલા રાજકીય યુગનો અંત લાવી દીધો છે. આ પરિણામની વધુ ચોંકાવનારી બાબત છે તેનો વ્યાપ અને ઊંડાણ. આ કોઈ સ્થાનિક પરિબળો અથવા વિશિષ્ટ નબળાઈઓને કારણે થયેલો નજીવો પરાજય નહોતો, પણ ઊંડા મૂળિયા જમાવી ચુકેલા શાસક પક્ષને મળેલો વ્યાપક નકાર હતો. મમતા બેનરજીએ પોતાનું શાસન ટકાવી રાખવા અસામાજિક તત્ત્વો અને ગુંડાઓનો ભરપૂર સાથ લીધો હતો.

પોતાની ખુરશીને આંચ ન આવે તે માટે તેમણે આવા તત્વોને છાવર્યા પણ સમય જતાં આ જ લોકો તેમના પર હાવી થયા. છેલ્લે પરિસ્થિતિ એવી આવીને ઊભી રહી આ ગુંડાઓના કારણે જ મમતાને ચૂંટણીમાં કારમા પરાજયનો સામનો કરવો પડયો. મમતાએ પોતાની નજીકના માણસોની સાચી સલાહ પણ માનવાનું બંધ કરી દેતા બાજી બગડી. શુભેન્દુ અધિકારી મમતાના ખાસ હતા પણ તેમની અવગણના થતા અંતે તે ભાજપમાં જોડાઈ ગયા અને ભાજપે શુભેન્દુરૂપી તીરનો ઉપયોગ મમતાને માત આપવામાં કર્યો. અહેવાલો તો એવું પણ કહે છે કે મમતાએ પોતાના જ પક્ષના લોકોને ટિકિટ આપવા ત્રણથી પાંચ કરોડ જેટલી રકમ લીધી અને આ રકમ અસામાજિક તત્ત્વોના પોષણ પાછળ વાપરી. જો કે પ્રજાએ આ જોહુકમી સહન ના કરી અને અંતે મમતાને ઘરભેગા થવું પડયું. મમતા બેનર્જીના નાટયાત્મક ચૂંટણી પરાજય માટે નીચે જણાવેલા દસ કારણો મુખ્ય રૂપે જવાબદાર ગણાવી



શકાય: ૧. પંદર વર્ષથી ધરબાયેલી શાસક વિરોધી લાગણી મમતા બેનર્જી ૨૦૧૧માં ૩૪ વર્ષના સામ્યવાદી શાસનને પરાજિત કરીને સત્તા પર આવી. પંદર વર્ષ પછી તેણે આ જ મતદાર હતાશાનો સામનો કરવો પડયો. સમય જતા પરિવર્તનનો પવન ધીમો પડી ગયો અને તેનું સ્થાન સ્થગિતતા અને લાપરવાહીએ પડાવી લીધું. મતદારો ટીએમસીને એ જ નિષ્ક્રિયતા સાથે સાંકળવા લાગ્યા જેનો તે એક સમયે વિરોધ કરતી હતી. મુસ્લિમ તુષ્ટીકરણ, ટીએમસીના કાર્યકર્તાઓ દ્વારા હિન્દુઓ પર અત્યાચાર, અવિરત ચાલતી બળાત્કારની ઘટના પણ મમતાનું પતન નોતરવામાં નિમિત્ત બની. ૨. મંત્રીઓના પતનમાં પ્રશાસન નિષ્ફળતાનો સંકેત ૩૫માંથી ૨૨ મંત્રીઓનો પરાજય પદ્ધતિસરની નિરાશાનું સ્પષ્ટ લક્ષણ છે. આ માત્ર કેટલાક અપ્રિય ચહેરા સુધી સીમિત નહોતું, પણ તેમાં શિક્ષણ, આવાસ, કલ્યાણ અને પરિવહન જેવા વહીવટી ક્ષેત્રોમાં પ્રશાસન સામેનો વ્યાપક મોહભંગ દર્શાવે છે. મતદારોએ અસરકારક રીતે સંપૂર્ણ સરકારને ફગાવી દીધી. ૩. ભબાનીપુરમાં મમતા બેનર્જીનો અંગત પરાજય પોતાના ગઢ ભબાનીપુરમાં સુવેન્દુ અધિકારી સામે પંદર હજારથી વધુ મતોથી મમતા બેનર્જીનો પરાજય પ્રતીકાત્મક અને નુકસાનકારક સાબિત થયો. તેનાથી મમતાની અજેય હોવાની છબી ખરડાઈ અને લોકોના દ્રષ્ટિકોણને બદલી નાખ્યો. પોતાની જ બેઠક ગુમાવવાથી સાબિત થયું કે તેનો સૌથી વફાદાર સમર્થક વર્ગ પણ હવે તેનાથી નારાજ છે. ૪. ભાજપની બહેતર મત વહેંચણી વ્યૂહરચના ભાજપે ભલે ટીએમસીના ૪૦.૮૦ ટકા સામે ૪૫.૮૪ મત મેળવ્યા,પણ ખરો તફાવત તેની સક્ષમતામાં હતો. ભાજપે આ નજીવી સરસાઈને વિવિધ મતવિસ્તારોમાં વિજયમાં પરિવર્તિત કરીને બહેતર બૂથ સ્તરીય વ્યવસ્થા અને ચૂંટણી ગણિત દર્શાવ્યું. ટીએમસીના મતો ચોક્કસ સ્થળોએ કેન્દ્રિત રહ્યા અને બેઠક પરિવર્તનની બાબતમાં ઓછા અસરકારક સાબિત થયા. ૫. વિવિધ વિસ્તારોમાં વરિષ્ઠ નેતાગીરીનું પતન અરૂપ બિશ્વાસ, બ્રત્ય બાસુ, ચંદ્રિમા ભટ્ટાચાર્ય અને શશી પાંજા જેવા મહત્વના નેતાઓના પરાજયએ સાબિત કરી દીધું કે આ પરિવર્તન માત્ર સ્થાનિક નહોતું. તેનો વ્યાપ વિવિધ વિસ્તારો અને વસતીઓ સુધી ફેલાયો હતો જેમાં છુટીછવાઈ શાસન વિરોધી ભાવનાની બદલે સમર્થનના રાજ્યવ્યાપી ઘસારાનો સંકેત હતો. કદાચ સૌથી મહત્વનું પરિબળ હતું વાસ્તવિકતા સમજવામાં ટીએમસીની અસક્ષમતા. જાહેર અસંતોષ લાંબા સમયથી વધી રહ્યો હતો પણ પાર્ટી તેનો અસરકારક રીતે પ્રતિસાદ આપવામાં નિષ્ફળ ગઈ. સંસ્થાકીય લાપરવાહી અને વધુ પડતા આત્મવિશ્વાસનો અર્થ હતો કે મતદારોના અસંતોષના પ્રારંભિક સંકેતો બહુ મોડુ થયા સુધી અવગણવામાં આવ્યા.

# ભારતમાં દર વર્ષે હૃદય રોગથી 28 લાખ લોકોના મોત

તાજેતરમાં વડોદરામાં 29 વર્ષના સ્ટેટ રિઝર્વ પોલીસ (SRP) જવાનનું ટ્રેનિંગ પછી અચાનક હાર્ટ એટેકથી મૃત્યુ થયું. પરેડ પછી તેણે છાતીમાં દુખાવાની ફરિયાદ કરી હતી. હોસ્પિટલ લઈ જતી વખતે તેની હાલત બગડી અને તેનું મૃત્યુ થયું. ભારતમાં હૃદય રોગ હવે ફક્ત વૃદ્ધો પૂરતો સીમિત નથી. નાની ઉંમરના લોકો પણ તેની ઝપેટમાં આવી રહ્યા છે. વર્લ્ડ હાર્ટ ફેડરેશન (WHF) અનુસાર, હૃદય રોગથી દર વર્ષે ભારતમાં લગભગ 28 લાખ લોકોના મોત થાય છે. 'વર્લ્ડ હાર્ટ ફાઉન્ડેશન', 'ગ્લોબલ બર્ડન ઓફ ડિસીઝ' અને 'ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ' (ICMR)ના આંકડા અનુસાર, દેશમાં કુલ મૃત્યુમાં લગભગ 28% હિસ્સો કાર્ડિયોવેસ્ક્યુલર ડિસીઝનો છે. આવી સ્થિતિમાં, એ સમજવું જરૂરી છે કે હૃદયના કયા સંકેતોને સમયસર ઓળખવા જોઈએ. સાથે જ એ પણ કે આપણી રોજિંદી આદતો હૃદયના સ્વાસ્થ્યને કેવી રીતે અસર કરે છે. હૃદય એટલે કે હાર્ટ, શરીરનો એક મજબૂત સ્નાયુ પંપ છે. તે લગભગ આપણી મુઠ્ઠી જેટલું મોટું હોય છે. તે છાતીની વચ્ચે, થોડું ડાબી બાજુ હોય છે. ઉપરના બંને ચેમ્બર એટલે કે એટ્રિયમનું કામ છે, લોહી એકઠું કરવાનું. જમણું એટ્રિયમ શરીરમાંથી આવેલું ડિઓક્સિજનેટેડ લોહી લે છે. ડાબું એટ્રિયમ ફેફસાંમાંથી આવેલું ઓક્સિજનેટેડ લોહી લે છે. પછી આ લોહી નીચેના ચેમ્બર વેંટ્રિકલ્સમાં જાય છે. વેંટ્રિકલ્સનું કામ લોહીને જોરથી પમ્પ કરવાનું છે. જમણું વેંટ્રિકલ લોહીને ફેફસાં સુધી મોકલે છે અને ડાબું વેંટ્રિકલ આખા શરીરમાં લોહી પહોંચાડે છે. સમય જતાં હૃદયની નસો અને સ્નાયુઓ પર દબાણ વધે છે. વધુ તળેલું-મસાલેદાર અને મીઠું ખાવાથી ધમનીઓમાં ચરબી જમા થવા લાગે છે. જેનાથી રક્ત પ્રવાહ (બ્લડ ફ્લો)નો માર્ગ સાંકડો થઈ જાય છે, બ્લડ પ્રેશર વધે છે. સતત તણાવ, ઊંઘનો અભાવ અને ઓછી શારીરિક પ્રવૃત્તિથી બ્લડ પ્રેશર અને શુગર વધે છે, જે હૃદય પર વધારાનો બોજ નાખે છે. ધૂમ્રપાન અને દારૂનું સેવન હૃદયની નસોને નુકસાન પહોંચાડે છે. ઉંમર, આનુવંશિક કારણો અને બીમારી જોખમ વધારે છે. હૃદયના બીમાર થવાનું મોટું કારણ એ છે કે, આપણે શું અને કેવી રીતે ખાઈએ છીએ. વધુ તેલ-મસાલાવાળો ખોરાક ખરાબ કોલેસ્ટ્રોલ વધારે છે, જે હૃદયની ધમનીઓમાં જમા થાય છે. ખરાબ ખાનપાન હૃદયને કેવી રીતે બીમાર કરે છે, તમે કેટલી શારીરિક પ્રવૃત્તિ કરો છો, તેની સીધી અસર હૃદયના સ્વાસ્થ્ય પર પડે છે- બેઠાડું જીવનશૈલી એટલે કે લાંબા સમય સુધી બેસીને કામ કરવું, ઓછું હાલવું-ચાલવું અને વ્યાયામ (કસરત) ન કરવો હૃદયને ધીમે ધીમે બીમાર કરે છે. જ્યારે શરીર હલનચલન કરતું નથી, ત્યારે કેલરી બર્ન થતી નથી અને ચરબી જમા થવા લાગે છે. આનાથી વજન, બ્લડ પ્રેશર અને બ્લડ શુગર વધે છે. શારીરિક પ્રવૃત્તિ ઓછી થવા પર હૃદયને લોહી પંપ કરવા માટે વધુ મહેનત કરવી પડે છે. આનાથી હૃદય પર કામનો બોજ વધી જાય છે. નિયમિત ચાલવું, સીડીઓ ચડવી અથવા હળવી કસરત કરવાથી હૃદયના સ્નાયુઓ મજબૂત થાય છે અને રક્ત પરિભ્રમણ (બ્લડ સર્ક્યુલેશન) સુધરે છે. ઊંઘ દરમિયાન શરીર પોતાને રિપેર કરે છે અને હૃદય સહિતના તમામ અંગોને આરામ મળે છે.

પાક્કો ગુજરાત
રવિવાર | 10 મે 2026 | અમદાવાદ

### જિલ્લા પંચાયતમાં ભાજપાની કરારી હાર માટે

# જિલ્લા પ્રમુખ અને મહામંત્રીઓને જવાબદાર ઠેરવ્યા

**રાજપીપલા**

નર્મદામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો ભાજપ માટે આકરા આઘાત સમાન પુરવાર થયા છે . નર્મદા પાસે તાલુકા, જિલ્લા પંચાયત અને નગરપાલિકા હતી. પણ આ વખતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ઉલટા પરિણામો આવ્યા. તેમાં ભાજપે 1)નર્મદા જિલ્લા પંચાયત ગુમાવી,2-ગરુડેશ્વર તાલુકા પંચાયત,3-ડેડીયાપાડા તાલુકા પંચાયત,4-સાગબારા તાલુકા પંચાયત 5)ચીકદા તાલુકા પંચાયત ગુમાવી અને આપને ચરણે ધરી દીધી.એકી સાથે 4 તાલુકા પંચાયત અને મુખ્ય જિલ્લા પંચાયત ગુમાવી દેતા ભાજપને હજી કળ વળી નથી ભાજપાના કાર્યકર્તાઓની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ છે. આટલી મોટી હાર કાર્યકર્તાઓ સ્વીકારવા તૈયાર નથી.ત્યારે તાજેતરમાં રાજપીપલા એપીએમસી ખાતે જિલ્લા પ્રમુખ નીલ રાવની ગેરહાજરીમાં સાંસદ મનસુખ વસાવા, ધારાસભ્ય ડો દર્શનાબેન દેશમુખ અને પૂર્વ જિલ્લા પ્રમુખ ઘનશ્યામ પટેલ ની ઉપસ્થિતિમાં કાર્યકર્તાઓની હારના કારણો અંગે મનો મંથન કરવા મહત્વની મિટિંગ બોલાવી હતી. જેમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં. જેમાં ભાજપની કરારી હારથી નારાજ સાંસદ મનસુખ વસાવાએ જિલ્લા ભાજપ પ્રમુખ ની ગેરહાજરીમાં પ્રમુખ નીલ રાવને સાંસદ મનસુખ વસાવાએ રીતસરના ધોઈ નાખ્યા હતાં. અને જિલ્લા પંચાયતમાં ભાજપાની કરારી હાર માટે જિલ્લા પ્રમુખને જવાબદાર ઠેરવી જિલ્લા પ્રમુખ સામે સાંસદે આકરા પ્રહારો કરતા સભામાં સન્નાટો છવાઈ ગયો હતો.જોકે આ બેઠકમાં ભાજપાની આંતરિક જૂથબંધી, ખટરાગ સપાટી પર આવી હતી, એક સમયે એકબીજા સામે વિરોધ કરનારા નેતાઓ સાથે જોવા મળ્યા હતાં.ધારાસભ્ય અને સાંસદ એક મંચ પર એક થયેલા જોવા મળ્યા હતાં. આ બેઠકમાં જિલ્લાભાજપ પ્રમુખ નીલ રાવને જ બોલાવવામાં જ ન આવ્યાં હતાં. સમગ્ર રાજ્યમાં એક માત્ર નર્મદાને બાદ કરતાં તમામ જિલ્લા પંચાયતમાં ભાજપનો ભગવો લહેરાયો છે. રાજપીપળા સહિત આદિવાસી વિસ્તારમાં દેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાના વધી રહેલાં પ્રભાવ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં આદિવાસી સમાજે ખોબલે ખોબલે આમ આદમી પાર્ટીને મત આપ્યાં હતાં. સાંસદ મનસુખ વસાવા, નાંદોદના ધારાસભ્ય દર્શન દેશમુખ સહિતના અગ્રણીઓએ એપીએમસી ખાતે બેઠક બોલાવી હતી.સાંસદ મનસુખ વસાવાએ ભાજપની હાર પાછળ કેટલાક લોકોના અપપ્રચાર ને કારણ ગણાવ્યો હતો. સાંસદ મનસુખ વસાવાએ નીલ રાવ સામે ખુલ્લો આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે નીલ રાવ તાલુકા કે જિલ્લા પંચાયતના ભાજપાના ઉમેદવાર ને જીતાડવા ક્યારેય જાહેર સભા કરી નથી કે મહેનત નથી કરી. જિલ્લા પ્રમુખ ના ત્રણ ત્રણ મહામઁત્રીઓ પણ નિષ્ફળ ગયા છે..આ લોકો એસીમાં બેસીને ચાર પાંચ લોકો સાથે નીકળે તે કેમ ચાલે? મહત્વના નિર્ણય લેવામાં મને પૂછવું જોઈતું હતું. પણ મને પણ પૂછ્યું નથી. મે પોતે કઈ કઈ બેઠક પર કોને ટિકિટ આપી શકાય તે જણાવ્યું હતુ પણ મારું પણ સાંભળ્યું નથી. મે કહ્યું હતું કે આ સીટ પર આજ ઉમેદવાર ચાલે પણ અમારું સાંભળ્યું નથી. એમ કહી જિલ્લા પ્રમુખે સાંસદની પણ અવગણના કરી હોવાનો આક્ષેપ કર્યો હતો. જોકે થોડાં વખત પહેલા આ બાબતે બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી તેવાત અહીં સપાટી પર આવી ગઈ હતી.સાંસદે કહ્યું હતું કે નીલ રાવ કોઈપણ સીટ પર જીતાડવા માટે નીકળ્યા નથી. સવારે 9 વાગે ઉઠે ને પછી સીધા એસી કાર્યાલયમાં જતા રહેવાનું. અને ફોન પર બધું બ્રિફિંગ કર્યા કરવાનું.10 વાગ્યા સુધી સુઈ રહે.લોકોના પ્રશ્નો સાંભળવાના હોય છે વહેલા ઉઠી જવું જોઈએ. એ જિલ્લા મહામંત્રી ભોલો હોય કે જિલ્લા પ્રમુખ નિલ રાવ હોય.9 વાગે કે 10 વાગે ઉઠે એ રાક્ષસી વૃત્તિનો માણસ છે.અહીંયા બે રાક્ષસો છે એ ભોલો હોય કે નિલ હોઈ અને બીજા પણ કેટલા રાક્ષસો છે.પ્રમુખ અને મહામંત્રી એસી ઓફીસ માં બેસી રહે તો કેવી રીતે તાલુકા અને જિલ્લા પંચાયત જીતવાના છે? એમ જણાવી હારની દોષનો ટોપલો જિલ્લા પ્રમુખ અને મહામન્ત્રી તેમજ નર્મદા જિલ્લા સંગઠન પ્રભારી અર્જુન ચૌધરી પર ઢોળ્યો હતો.

### 1.84 લાખ સાથે જુગારધામ ઝડપાયું

# જેતપુરમાં શિવાની પ્રોસેસના કારખાનામાં LCBનો દરોડો

**જેતપુર**

નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલિપ્ત રાય તથા પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર નાઓની સૂચનાથી પ્રોહી જુગારના કેસો શોધી કાઢવાની ઝુંબેશ અંતર્ગત રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી. રાવના માર્ગદર્શન હેઠળ જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુગાર ધામ પર દરોડો પાડવામાં આવ્યો હતો. જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન નવાગઢ વિસ્તારમાં હિતેષ ઉર્ફે ભયલુ જેરામભાઇ ભાખોતરા તેની માલિકીના શિવાની પ્રોસેસ નામના કારખાનામાં બહારથી માણસો બોલાવીને જુગાર રમાડતો હોવાની બાતમી હેડ કોન્સ મનિષ વરૂ, મનદિપસિંહ જાડેજા, ભરત ગમારા ને મળી હતી જેથી એલ.સી.બી. શાખાના પો.સબ ઈન્સ. આર.વી. ભીમાણી, સ્ટાફ સાથે સ્થળ પર રેડ કરવામાં



આવી હતી.

રેડ દરમિયાન કારખાનાના માલિક હિતેષ ઉર્ફે ભયલુ જેરામભાઇ ભાખોતરા રહે નાજાવાળા પરા, અનિલ ઉર્ફે ડબલી મનસુખભાઇ બારૈયા રહે બાપુનીવાડી અભીષેક સ્કૂલ પાસે, તથા અમીત દિનેશભાઇ ભડેલીયા રહે રેલ્વે સ્ટેશન રોડ, વીરપુર એમ ત્રણેય આરોપીઓ જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ રૂ. 1,58,000 તથા મોબાઈલ ફોન નંગ 4 કિં.રૂ. 26,000 મળી કુલ રૂ. 1,84,000 નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### વસંત મસાલા પરિવાર દ્વારા ખેડૂત સશક્તિકરણનો અનોખો પ્રયાસ

# પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા 100 જેટલા ખેડૂતોને મફત સાધન સહાય વિતરણ

**દાહોદ**

ખેડૂતો દેશની આર્થિક અને સામાજિક પ્રગતિનો આધારસ્તંભ માનવામાં આવે છે. ખેડૂતો વધુ સમૃદ્ધ, આત્મનિર્ભર અને વૈજ્ઞાનિક અભિગમ સાથે ખેતી તરફ આગળ વધે તે હેતુથી ઝાલોદ સ્થિત વસંત મસાલા પરિવાર દ્વારા સતત ખેડૂત સશક્તિકરણ માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. CSR અંતર્ગત હાથ ધરાતી આ પહેલનો મુખ્ય હેતુ નાના અને મધ્યમ ખેડૂતોને આધુનિક, ઓછી ખર્ચાળ અને ટકાઉ ખેતી પદ્ધતિઓ સાથે જોડવાનો છે. તાજેતરમાં ઝાલોદ ખાતે બ્રહ્માકુમારીઝ વિશ્વ વિદ્યાલયમાં વસંત મસાલા પરિવાર દ્વારા "ફાર્મ બ્રિજ સોશિયલ સપોર્ટ ફાઉન્ડેશન"ના સહયોગથી વિશાળ ખેડૂત સેમિનાર યોજાયો હતો, જેમાં આશરે 100 જેટલા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક ખેતી, ઓછા ખર્ચે વધુ ઉત્પાદન અને પાણી બચત જેવી



આધુનિક પદ્ધતિઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ખેડૂતોને યથાર્થ હાઈડ્રોજેલ ટેક્નોલોજી દ્વારા પાણી બચત, જળ સંરક્ષણ અને પાક સુરક્ષા અંગે માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત બાયોકલ્ચર ટેક્નોલોજીના ઉપયોગથી રાસાયણિક ખાતર અને જીવાતનાશક દવાઓના ખર્ચમાં ઘટાડો કરી જમીનની ઉર્વરક શક્તિ વધારવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

હવામાન પરિવર્તન સામે પાકને સુરક્ષિત રાખવા, પાક પરિવર્તન તથા કેશ ક્રોપ વિશે પણ ખેડૂતોને ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. પ્રાકૃતિક ખેતી માટે નિંદામણ નિયંત્રણમાં લો-કોસ્ટ ટેક્નોલોજી અને મજૂરી બચત પદ્ધતિઓ સમજાવવામાં આવી, જેના કારણે ત્રણ કલાકનું કામ હવે એક કલાકમાં શક્ય બને તેવી માહિતી આપવામાં આવી હતી. સેમિનારમાં ફાર્મ બ્રિજના ડાયરેક્ટર રાજેશ દવે અને CEO મહર્ષિ દવે દ્વારા ખેડૂતોને ઓછી જમીન, ઓછા પાણી અને ઓછા ખર્ચે વધુ ફળદ્રુપ તથા આરોગ્યપ્રદ ખેતી કેવી રીતે કરી શકાય તે અંગે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. માઈક્રોરાઈઝા યુક્ત બાયો-કમ્પોસ્ટ દ્વારા પાક સુરક્ષા, ગુણવત્તા વધારો અને ફંગસથી રક્ષણ અંગે પણ માહિતી આપવામાં આવી હતી.

### પોલીસે શહેરના મુખ્ય માર્ગો પર આરોપીની રી-કન્સ્ટ્રક્શન કરાવ્યું

# જેતપુરમાં વૃદ્ધાના હાથમાંથી સોનાની બંગડી કાપી ફરાર થયેલ આરોપીને પોલીસે કાયદાનું ભાન કરાવ્યું

**જેતપુર**

જેતપુર શહેરમાં થોડા દિવસો પૂર્વે વૃદ્ધ મહિલાને નિશાન બનાવી રીક્ષા મારફતે સોનાની બંગડી ચોરી કરનાર ગેંગના એક સાગરીતને ખેડા-નડિયાદ એલ.સી.બી. ટીમે ઝડપી પાડ્યો છે. ઝડપાયેલા આરોપીને જેતપુર સિટી પોલીસને સોંપવામાં આવતા પોલીસે શહેરના મુખ્ય માર્ગો પર આરોપીની રી-કન્સ્ટ્રક્શન કરાવ્યું હતું.

મળતી માહિતી મુજબ ગત તા. 04/05/2026 ના રોજ જેતપુર-જુનાગઢ રોડ પર હોસ્પિટલ નજીક 60 વર્ષીય વિધવા મહિલા અને એક 14 વર્ષનો કિશોર રીક્ષામાં બેઠા હતા. તે દરમિયાન ગેંગના સભ્યોએ નજર ચુકવી વૃદ્ધાના હાથમાં



પહેરેલી 11.3 ગ્રામ વજનની અંદાજે દોઢ લાખ રૂપિયાની સોનાની બંગડી કટર વડે કાપી ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ઘટનાને લઈને જેતપુર સિટી પોલીસ મથકે બી.એન.એસ. કલમ 303(2) અને 3(5) મુજબ ગુનો નોંધાયો હતો.

બીજી તરફ ખેડા-નડિયાદ એલ.સી.બી. ટીમ નડિયાદ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે એક શખ્સ ચોરીની સોનાની બંગડી વેચવા નડિયાદ રેલવે સ્ટેશન બહાર રીક્ષા સ્ટેન્ડ પાસે ઉભો છે. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી દરોડો પાડતા સાહીલ ઉર્ફે દિવાન નજીરભાઈ વ્હોરા રહે. મહેમદાવાદને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની તલાશી લેતા પેન્ટના ખિસ્સામાંથી કટિંગ કરેલી સોનાની બંગડી મળી આવી હતી.

પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીએ જેતપુરમાં થયેલી બંગડી ચોરીમાં પોતાની સંડોવણી કબૂલી હતી. સાથે જ રાજેશ ઉર્ફે ટણી, રાજુ નામનો રિક્ષાચાલક, સંજુ ઉર્ફે બબો તેમજ એક બુરખાધારી મહિલા પણ સમગ્ર ગુનામાં સામેલ હોવાનું ખુલ્યું હતું.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ઝડપાયેલ આરોપી સામે નડિયાદ રેલવે પોલીસ મથકે ચોરીના 7થી વધુ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. ખેડા પોલીસે આરોપીનો કબજો જેતપુર સિટી પોલીસને સોંપ્યા બાદ પોલીસે આરોપીને સાથે રાખી શહેરના જાહેર માર્ગો અને ઘટના સ્થળે લઈ જઈ ગુનાનું રી-કન્સ્ટ્રક્શન કરાવ્યું હતું.

# વડોદરામાં મોડી રાત્રે દારૂના કટીંગ ઉપર પોલીસનો દરોડો

### 13.15 લાખના દારૂ સાથે 10 આરોપી ઝડપાયા, 78 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

**વડોદરા**

વડોદરા શહેરમાં મંજુસર પોલીસે ડુમાડ ગામ નજીક વિદેશી દારૂના કટીંગ પર મોટી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસને બાતમી મળી હતી કે ડુમાડથી છાણી તરફ જતા રોડ પર આવેલા મહિન્દ્રા ટ્રેક્ટર શોરૂમ સામેની ખુલ્લી પાર્કિંગ જગ્યામાં મોટા પાયે દારૂનું કટીંગ ચાલી રહ્યું છે. જેના આધારે પોલીસે મોડી રાત્રે સ્થળ પર દરોડો પાડ્યો હતો.

પોલીસની ટીમ પહોંચતા જ સ્થળ પર હાજર આરોપીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. જોકે પોલીસે વિસ્તારને ચારેય બાજુથી ઘેરી લઈ કુલ 10 આરોપીઓને ઝડપી પાડ્યા હતા. ટેક્નિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી સમગ્ર રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું છે.

કારરવાઈ દરમિયાન પોલીસે સ્થળ પરથી કુલ 11,172 વિદેશી દારૂની બોટલ અને બિયરના કેન મળી અંદાજે રૂ.13.15 લાખનો જથ્થો જપ્ત કર્યો હતો. ઉપરાંત 10 મોબાઈલ ફોન તેમજ અલગ અલગ વાહનો સહિત કુલ અંદાજે રૂ.78.93 લાખનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો હતો.

આ મામલે પોલીસે કુલ 11 આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે. ઝડપાયેલા આરોપીઓમાં હિતેન કમલેશભાઈ કુલવાણી, હિમરાજસિંહ ઉર્ફે શક્તિ રવિન્દ્રસિંહ વાઘેલા, જયદીપસિંહ કમલસિંહ રાજપૂત, પ્રભુસિંહ નટુસિંહ રાવત, જીતેન્દ્ર કમલલાલ મોટવાણી સહિત અન્ય આરોપીઓનો સમાવેશ થાય છે.

પોલીસ તપાસમાં કેટલાક આરોપીઓ છોટાઉદેપુર જિલ્લાના કવાંટ અને હાંફેશ્વર વિસ્તાર ઉપરાંત રાજસ્થાનના બાંસવાડા વિસ્તારના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. પોલીસે સમગ્ર નેટવર્ક અંગે વધુ તપાસ શરૂ કરી છે.

### મનસુખ વસાવાએ જિલ્લા પ્રભારીને કઠપૂતળી અને બુઠ્ઠી તલવાર કહેતા ભાજપાનું રાજકારણ ગરમાયું

# સાંસદ મનસુખ વસાવાના સ્ફોટક નિવેદન બાદ જિલ્લા પ્રભારી અર્જુન ચૌધરીનું સામે આવ્યું નિવેદન

**રાજપીપલા**

રાજપીપલા એપીએમ સી માં જિલ્લા પ્રભારીને બેઠકમા ન બોલાવતા અને સાંસદે પ્રભારીને કઠપૂતળી અને બુઠ્ઠી તલવાર કહેતા ભાજપાનું રાજકારણ ગરમાયું છે સાંસદ મનસુખ વસાવા ના સ્ફોટક નિવેદન બાદ જિલ્લા ભાજપાના પ્રભારી અર્જુન ચૌધરીની પ્રતિક્રિયા સામે આવી હતી. તેમણે જણાવ્યું હતું કે મને બેઠકમાં બોલાયો નથી એનો ખેદ છે.મને બેઠકમાં બોલાવ્યો હોત તો આનંદ થાત.

તેમણે સાંસદ ના આક્ષેપો નકાર્યાં હતાં અને આવા શબ્દો



વાપરવા બદલ ખેદ વ્યક્ત કર્યો હતો તેમણે સાંસદના આક્ષેપોને નકરતા જણાવ્યું હતું કે તમામ પંચાયત ની બેઠક પર બુથ સુધી હું ગયો છું.એક એક તાલુકા પંચાયતના બુથપર ગયો છું અનેબુથ પ્રમુખ સાથે બેઠકો કરીને સાથે મળીને ચર્ચા કરી છે અને કામ કર્યું છે.

ચૂંટણીના માત્ર પાંચ દિવસ અગાઉ જ મને પ્રાપારી બનાવ્યો હતો છતાં મે સંગઠન બાબતે કામ કર્યું જ છે. પ્રભારીએ આવનારી બંને વિધાનસભા બેઠકો જીતી બતાવવાનું વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. પ્રદેશમાં પ્રભારી તરીકે હકીકત રજુ કરવાની મારી ફરજ છે હું રજુઆત કરીશ ચૈતર વસાવા ની સામે કાઉન્ટર કર્યાં નથી એવા આક્ષેપો ખોટા છે અમે જે તે વખતે કાઉન્ટર કર્યું જ છે.35 વર્ષ સુધી ભારતીય જનતા પાર્ટીમાં કામ કર્યું છે એના માત્ર સંગઠનમાં કામ કર્યું છે મારી પાસે હું સંપૂર્ણ જ્ઞાન પણ છે.

મારી કામ કરવાની જે પદ્ધતિ છે એ રીતે હું પ્રભારી તરીકે કામ કરતો રહીશમને ઘણી ફરિયાદો પણ પુરાવા સાથે મળી છે હા હકીકતની પ્રદીપ કક્ષાએ જાણ કરવાની મારી ફરજ છે તે હું કરીશ.કામ ના કરવું હોય તો પાર્ટી છોડી દો એવું કોઈને ના કહેવાય. ભારતીય જનતા પાર્ટીને જે હાર મળી છે તે પરિણામો સુધારવાના મારા પ્રયત્નો રહેશે. અમે બધું ટૂંક સમયમાં ઠીક કરી દઈશું.

# માસમા ગામની સીમના ખુલ્લા ગોડાઉનમાંથી રૂા.7,500 કિંમતના લોખંડના પાઇપની ચોરી

### ખુલ્લા ગોડાઉન ઉપર મોપેડ લઈને આવેલ અજાણ્યા ચોરટો બાજુના કારખાનાના માલિકની નજર તળે લોખંડના પાઇપની ચોરી કરી ફરાર

**ઓલપાડ**

શહેરમાં રહેતા એક વેપારી ના ઓલપાડ તાલુકાના માસમા ગામની સીમના ખુલ્લા ગોડાઉન ઉપર મોપેડ લઈને આવેલો અજાણ્યો ચોરટો ગોડાઉનની બાજુના કારખાના માલિકની નજર તળે રૂ.૭,૫૦૦ ની કિંમતના લોખંડના પાઈપ ચોરી કરીને ફરાર થઈ ગયો છે.

સુરત શહેરના કતારગામ વિસ્તાર માં ગજેરા સ્કૂલ પાસેની ધનરાજ નગર સોસાયટીના મ. નં.૭૬/૭૭ અનિરૂદ્ધસિંહ દેવસંગ ચૌહાણ રહે છે.તે ઓલપાડ તાલુકાના સાયણ ખાતેના પટેલ એસ્ટેટમાં વલ્લભી ટેક્ષટાઈલ નામનું કાપડનું કારખાનું ચલાવે છે.તેમણે હાલમાં માસમા ગામની સીમમાં સાંઈ શ્રધ્ધા વિભાગ-૧ ના પ્લોટ નં:૧ અને ૨ માં સિવિલ કંસ્ટ્રકશન નો સામાન મુકવા માટે ગોડાઉન બનાવવાનું કામ ચાલુ કર્યું હતું.જે ગોડાઉન ત્રણ બાજુની દિવાલથી બંધ અને એક બાજુથી ખુલ્લું હતું.આ ગોડાઉન માં તેમનો સિવિલ કંસ્ટ્રકશન સામાન પૈકી ૧૬ એમ.એમ. ના ૧૦૦ નંગ જેટલા લોખંડના પાઈપ,લોખંડની પ્લેટ,લાકડાની પ્લાય અને મિક્ષર મશીન મુકેલું હતું. આ ગોડાઉન ઉપર ગત તા.૦૨ જી એપ્રિલના રોજ બપોરે-૧૧:૩૦ વાગ્યાંના સમયે મજુરો સાથે એક અજાણ્યો ઈસમ મોપેડ હંકારી આવ્યો હતો.

આ શખ્સે ગોડાઉનની બાજુના કારખાના માલિક જયેશભાઈ ની હાજરીમાં ગોડાઉનના સામાન માંથી લોખંડના ૧૦૦ નંગ જેટલા લોખંડના પાઈપ મોપેડ ઉપર બાંધી રહ્યો હતો. જેથી જયેશભાઈએ અનિરૂદ્ધસિંહનો મોબાઈલ સંપર્ક કરી જણાવ્યું હતું કે,તમારા માણસો ગોડાઉન ઉપર માલ ભરવા માટે આવેલા છે અને એક ઈસમ મોપેડ ઉપર લોખંડના પાઈપ બાંધી ચાલ્યો ગયો છે.

### કાલોલ ખાતે થેલેસેમિયા વિશ્વ દિવસ નિમિત્તે

# રેડ ક્રોસ દ્વારા ફ્રી હેલ્થ ચેક અપ કેમ્પનું આયોજન મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો

**કાલોલ**

કાલોલ ખાતે 8 મી મે ના રોજ થેલેસેમિયા વિશ્વ દિવસ નિમિત્તે રેડ ક્રોસ દ્વારા ફ્રી હેલ્થ ચેક અપ કેમ્પ આયોજન કરવામાં આવ્યું જેમાં મોટી સંખ્યામાં દર્દીઓ એ લાભ લીધો 8 મી મે એટલે વિશ્વ દિવસ થેલેસેમિયા તરીકે ઉજવણી કરવામાં આવે છે તયારે કાલોલ રેડ ક્રોસ દ્વારા થેલેસેમિયા વિશ્વ દિવસ અંતર્ગત કાલોલ રેડ ક્રોસ સોસાયટી દ્વારા ફ્રી હેલ્થ ચેક અપ અને જન જાગૃતિ અભિયાન શરૂ કરવા માં આવ્યું હતું આ કાર્યક્રમ ની શરૂઆત દીપ પ્રાગટ્ય કરી નર અભિયાન ની શરૂઆત કરી હતી જેમાં મોટી સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા જેમાં ચેરમેન સતીષભાઈ શાહ, વાઈસ ચેરમેન ડૉ યોગેશ



પંડ્યા, સેક્રેટરી ડૉ પ્રકાશ ઠક્કર, ડૉ સ્નેહા પરીખ, ડૉ મનસૂરી,એન એમ જી ટ્રસ્ટ ના પ્રમુખ પ્રકાશભાઈ, શહેર ભાજપ પ્રમુખ કલ્પેશ પારેખ, ભરત ભાઈ વરિયા, રોહિત પારેખ, પત્રકાર યોગેશ કાછિયા, અને અન્ય મહાનુભાવો ની ઉપસ્થિતિમાં અભિયાન ની શરૂઆત કરી હતી જેમાં મોટી સંખ્યામાં દર્દીઓ એ લાભ લીધો હતો બપોર સુધી માં કુલ 65 દર્દી ને ફ્રી ચેક અપ કરવામાં આવ્યું હતું અને બી પી, ડાયાબિટીસ અંગે જાણકારી આપી હતી અને સાથે થેલેસેમિયા વિશે ચર્ચા કરી હતી દર્દી ઓ ને લોહી ના બોટલ ની ખાસ જરૂર પડતી હોય જેના કારણે તમામ ને તે માટે રક્તદાન કરવા અપીલ કરી હતી રક્તદાન મહાદન વિસે લોકો માં જાગૃતિ લાવવા તે અંગેની માહિતી આપી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

# અકોટા NDPS કેસમાં ફરાર આરોપી ઝડપાયો

**વડોદરા**

વડોદરા શહેર એલ.સી.બી. ઝોન-૦૨ની ટીમે અકોટા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા ગાંજાના ગુનામાં ફરાર આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર, સંયુક્ત પોલીસ કમિશ્નર નિલેશ જાજડીયા, અધિક પોલીસ કમિશ્નર સુધીર દેસાઈ તેમજ નાયબ પોલીસ કમિશ્નર મંજીતા વણજારાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. ઝોન-૦૨ની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન હરીનગર બ્રિજ નજીક બાતમી મળી હતી કે અકોટા પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ નોંધાયેલા ગુનાનો ફરાર આરોપી મોઈન વિપુલભાઈ રાઠોડ ગોત્રી વિસ્તારમાં પોતાના નિવાસસ્થાન બહાર હાજર છે.

બાતમીના આધારે પોલીસે ગોત્રી વિસ્તારમાં રેડ કરી આરોપીને ઝડપી પાડ્યો હતો. આરોપી વિરુદ્ધ અકોટા પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. 11196041260201/2026 મુજબ એન.ડી.પી.એસ. એક્ટ 1985ની કલમ 8(c), 20(b)(i)(A) તથા 29 હેઠળ ગુનો નોંધાયેલ હતો.

પોલીસે આરોપીને બી.એન.એસ.એસ. કલમ 35(1)(જે) મુજબ અટક કરી વધુ કાર્યવાહી માટે ગોત્રી પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.

# અંકલેશ્વર GIDCમાં રમેશ વસાવા નામના બુટલેગરના થેક ઠેકાણે'દેશી દારૂના અડ્ડા..!

**અંકલેશ્વર**

અંકલેશ્વર જીઆઈડીસી માં રમેશ વસાવા નામના બુટલેગરના થેક ઠેકાણે'દેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મોટા લઠ્ઠાકાંડની રાહ જોઈ રહી છે

ગુજરાતમાં દારૂબંધીના કાયદાના લીરેલીરા ઉડતી તસ્વીર ભરૂચ જિલ્લાના ઔદ્યોગિક હબ અંકલેશ્વરમાં જોવા મળી રહી છે. અંકલેશ્વર અત્યારે ગુનેગારો માટે સ્વર્ગ અને સામાન્ય જનતા તેમજ પત્રકારો માટે નરક સમાન બની ગયું છે.

અહીં દારૂના અડ્ડાઓ કોઈ સેવાભાવી 'પાણીની પરબ'ની જેમ અંકલેશ્વર જીઆઈડીસી માં રમેશ વસાવા નામના ઈસમનું ગલીએ ગલીએ ખુલ્લેઆમ દેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે, જે મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના કડક આદેશોને ખુલ્લો પડકાર ફેંકી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ખુલ્લેઆમ દેશી દારૂનું વેચાણ થઈ રહ્યું છે અંકલેશ્વર



જીઆઈડીસીમાં જે પણ ગલીમાં તમે પસાર થાવ એ ગલીમાં રમેશ નામના બુટલેગરના ખુલ્લેઆમ દેશી દારૂના અડધાવો ધમધમી રહ્યા છે અંકલેશ્વર જીઆઈડીસી હોય કે પછી રેલવે સ્ટેશનની પાછળની ભાગે પણ રમેશ વસાવાના દેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે અંકલેશ્વર શહેરમાં જીઆઈડીસી વિસ્તારમાં મોટાપાયે દેશી દારૂનો ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે

શું અંકલેશ્વર પોલીસ રમેશ વસાવા અડ્ડા ઉપર શું કાર્યવાહી કરશે ?? રમેશ વસાવા નો વહીવટદાર કહેવાતા દત્તુ નામે ઓળખાતા સૌને વહીવટ પહોંચાડે છે અંકલેશ્વર પોલીસ હોય કે પછી ભરૂચ એલસીબી હોય સૌને દત્તુ નામનો મસ્ત મોટા વહીવટ પહોંચાવે છે. વર્ષોથી દત્તુનામનો અંકલેશ્વર જીઆઈડીસી પોલીસના વહીવટદાર અને મળીને સૌને વહીવટ પહોંચાવે છે શું અંકલેશ્વર પોલીસ આવા વહીવટ કરતા અધિકારી અને દેશી દારૂના અડ્ડાઓ ચલાવતો રમેશ વસાવા સામે કાર્યવાહી કરશે કે પછી લઠ્ઠા કાંદની રાહ જોઈ રહી છે.



### ફૂટબોલ-ક્રિકેટમાં પરફોર્મ કરનારી એકમાત્ર બોલિવૂડ એક્ટ્રેસ

# નોરા ફતેહીએ ઈતિહાસ રચ્યો, FIFAની ઓપનિંગ સેરેમનીમાં પરફોર્મ કરશે

મુંબઈ

દમદાર ડાન્સર અને એક્ટ્રેસ નોરા ફતેહી FIFA વર્લ્ડ કપ 2026ની ઓપનિંગ સેરેમનીમાં પરફોર્મ કરનારી પ્રથમ બોલિવૂડ એક્ટ્રેસ બનશે. આ સેરેમની 12 જૂને કેનેડાના ટોરોન્ટોમાં BMO ફિલ્ડમાં યોજાશે. આ પહેલા નોરાએ FIFA વર્લ્ડ કપ 2022ની ક્લોઝિંગ સેરેમની અને ICC મેન્સ T20 વર્લ્ડ કપ 2026ની ઓપનિંગ સેરેમનીમાં પરફોર્મ કર્યું હતું. હવે તે પ્રથમ અને એકમાત્ર બોલિવૂડ કલાકાર બનશે, જેણે ફૂટબોલ અને ક્રિકેટના વર્લ્ડ કપની ઓપનિંગ સેરેમનીમાં પરફોર્મ કર્યું છે. વર્લ્ડ કપ 2026 ત્રણ દેશો (અમેરિકા, મેક્સિકો અને કેનેડા) માં યોજાઈ રહ્યો છે, તેથી ફીફાએ દરેક યજમાન દેશની પ્રથમ મેચ પહેલાં ત્રણ અલગ-અલગ ઓપનિંગ સેરેમની યોજવાની યોજના બનાવી છે.

કેનેડાની સેરેમનીમાં બાંગ્લાદેશી મૂળના અમેરિકન ડીજે સંજોય પણ પરફોર્મ કરશે. સંજોયે 2011માં બોલિવૂડ ફિલ્મ રા.વનના પ્રખ્યાત ગીત 'છમ્મક છલ્લો'નું એક સત્તાવાર રીમિક્સ તૈયાર કર્યું હતું. નોરા અને સંજોય ઉપરાંત આ ઈવેન્ટમાં માઈકલ બુબ્લે, એલાનિસ મોરિસેટ, એલેસિયા કારા, એલિયાના, જેસી રેયેઝ, વેજીડ્રીમ અને વિલિયમ પ્રિન્સ જેવા કલાકારો સામેલ થશે. સિંગર કેટી પેરી અમેરિકામાં યોજાનારી ઓપનિંગ સેરેમનીમાં પરફોર્મ કરશે. પેરીએ ઈન્સ્ટાગ્રામ પર આ સમાચાર શેર કર્યાં. તેણે જણાવ્યું કે તે 12 જૂને અમેરિકાના લોસ એન્જલસમાં ઓપનિંગ સેરેમનીમાં પરફોર્મ કરશે. આ ઈવેન્ટ કેલિફોર્નિયાના સોફી સ્ટેડિયમમાં યોજાશે, જ્યાં અમેરિકા અને પેરાગ્વે વચ્ચે મેચ રમાશે. કેટી પેરી ઉપરાંત લિસા, ટાયલા, અનિતા અને રેમા પણ ઓપનિંગ સેરેમનીમાં પરફોર્મ કરશે. 11 જૂને મેક્સિકો સિટીમાં યોજાનારી ઓપનિંગ સેરેમનીમાં ટાયલા, અલેજાન્ડ્રો ફર્નાન્ડેઝ, ડેની ઓશન, લીલા ડાઉન્સ, બેલિન્ડા, જે બાલવિન અને બેન્ડ લોસ એન્જલસ અઝુલ્સ અને માના પરફોર્મ કરશે. શકીરાએ નવું ગીત કર્યું અનાઉન્સ ફિફા વર્લ્ડ કપ 2026માં શકીરા પણ વાપસી કરશે. તેણે ટૂર્નામેન્ટ માટે નવું ગીત 'દાઈ દાઈ' અનાઉન્સ કર્યું છે. આ ગીતમાં નાઈજીરીયન સિંગર બર્ના બોય પણ સામેલ છે.

# ચેન્નઈમાં શ્રીદેવીની પ્રોપર્ટીના કેસમાં કપૂર પરિવારની જીત

### શ્રીદેવીને જમીન વેચનારના પરિવારજનોએ અનેક દાયકા પછી કેસ કર્યો હતો, ચેંગપટ્ટુની કોર્ટે આ દાવાને સ્વીકારી તેના પર કામ ચલાવવા નિર્ણય કર્યો હતો

મુંબઈ

શ્રીદેવીએ ચેન્નઈમાં ૧૯૮૮માં ખરીદેલી એક પ્રોપર્ટી બાબતે થયેલા



દાવામાં બોની કપૂર તથા જાહ્નવી તથા ખુશીનો વિજય થયો છે. આ જમીનના વેચાણને પડકારતી અરજી મદ્રાસ હાઈકોર્ટે ફગાવી દીધી છે. શ્રીદેવીએ જેમની પાસેથી આ જમીન ખરીદી હતી તેમના વારસોએ આ સોદાને પડકારતો કેસ દાયકાઓ બાદ કર્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે આ જમીન વેચવાનો જે તે સમયે કાયદેસરનો અધિકાર નહીં ધરાવતી વ્યક્તિએ આ સોદો કર્યો હતો અને તેથી આ વેચાણખત જ ગેરકાયદેસર છે.

ચેંગપટ્ટુની કોર્ટે આ દાવાને સ્વીકારી તેના પર કામ ચલાવવા નિર્ણય કર્યો હતો. જોકે, હવે હાઈકોર્ટે નીચલી કોર્ટનના ઓર્ડરને ફગાવી દીધો છે. હાઈકોર્ટે જણાવ્યું છે કે મૂળ વેચાણ ખતના દાયકાઓ બાદ આ કેસ થયો છે જે એડમિટ કરી શકાય નહીં. શ્રીદેવીએ ઈસ્ટ કોસ્ટ રોડ પર આવેલી ૨.૭ એકર જમીનની ખરીદી કરી હતી. તેણે જેની પાસેથી જમીન ખરીદી હતી તેમના પરિવારમાં સંપત્તિ બાબતે વિવાદના લીધે આ કેસ થયો હતો.

# સેલિના જેટલીએ પતિ પીટર વિરુદ્ધ FIR નોંધાવી

### ઘરેલું હિંસા, સંપત્તિ છીનવી લેવાનો આરોપ

મુંબઈ

'નો એન્ટ્રી' ફેમ એક્ટ્રેસ સેલિના જેટલીએ તેના ઓસ્ટ્રિયન બિઝનેસમેન અને હોટેલિયર પતિ પીટર હાગ વિરુદ્ધ મુંબઈ પોલીસમાં FIR નોંધાવી છે. એક્ટ્રેસે પતિ પર મારપીટ, નુકસાન પહોંચાડવું, ધમકી આપવા અને સતત પરેશાન કરવાના આરોપો લગાવ્યા છે. ન્યૂઝ એજન્સી ANIના રિપોર્ટ અનુસાર, મુંબઈના વર્સોવા પોલીસ સ્ટેશનમાં શુક્રવારે FIR નોંધવામાં આવી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS), 2023ની કલમ 85, 115(2), 351(2) અને 352 હેઠળ કેસ નોંધ્યો છે. આ કાર્યવાહી ઘરેલુ હિંસા અધિનિયમ, 2005 હેઠળ ચાલી રહેલી કાનૂની પ્રક્રિયા ઉપરાંત કરવામાં આવી છે. તપાસમાં સહયોગ ન કરવાને કારણે મુંબઈ પોલીસે પીટર હાગ વિરુદ્ધ લુક આઉટ સર્ક્યુલર (LOC) પણ જારી કર્યું છે. પોલીસ મામલાની તપાસ કરી રહી છે. ગયા વર્ષે નવેમ્બરમાં સેલિના જેટલીએ અંધેરી કોર્ટમાં પતિ વિરુદ્ધ ઘરેલુ હિંસાનો કેસ દાખલ કરાવ્યો હતો. કોર્ટના દસ્તાવેજો અનુસાર, તેણે ઘરેલુ હિંસા અધિનિયમ હેઠળ વચગાળાની રાહત અને એકતરફી રાહતની માંગ કરી હતી.અંધેરી કોર્ટમાં પોતાની અરજીમાં એક્ટ્રેસે પીટર પર પરપુરુષ સાથે સંબંધ બાંધવા દબાણ, પ્રાઈવેટ પાર્ટમાં રોડ નાખવાની ધમકી સહિતના 15 ગંભીર અને ચોંકાવનારા આરોપો લગાવ્યા છે. પ્રાઈવેટ પાર્ટમાં સળિયો નાખવાની ધમકી- સેલિના અને પીટરે 2010માં લગ્ન કર્યાં હતાં. વર્ષ 2012માં દિલ્હીમાં થયેલા નિર્ભયાકાંડ પછી જ્યારે પણ પીટર અને સેલિના વચ્ચે ઝઘડો થતો ત્યારે તે પ્રાઈવેટ પાર્ટમાં સળિયો (રોડ) નાખવાની ધમકી આપતો. અપ્રાકૃતિક યૌન સંબંધ બાંધવાનું દબાણ- સેલિનાનો આરોપ છે કે પીટર તેને દરરોજ તેના સ્ટડી રૂમમાં બોલાવતો અને તેને પોતાની શરતો પર અપ્રાકૃતિક યૌન ગતિવિધિઓમાં સામેલ થવા માટે મજબૂર કરતો હતો. કંપનીના બોર્ડ ડિરેક્ટર્સ સાથે સંબંધ બાંધવાનું દબાણ- અરજીમાં જણાવાયું છે કે પીટરે 2014ના અંત અને 2015ની શરૂઆત વચ્ચે વર્કપ્લેસ પર પોતાની સ્થિતિ સુધારવા માટે સેલિનાને કંપનીના બોર્ડ ડિરેક્ટર્સમાંથી એકસાથે ફિઝિકલ રિલેશન બનાવવાની સલાહ આપી હતી. નિર્વસ્ત્ર ફોટો પાડ્યા, પછી બ્લેકમેલ કર્યું- સેલિનાએ દાવો કર્યો કે પતિ પીટરે પહેલા તેના નિર્વસ્ત્ર અને વાંધાજનક ફોટો પાડ્યા અને પછી તેના દ્વારા બ્લેકમેલ કર્યું.



# નીતૂ કપૂર અને આલિયા ભટ્ટ વચ્ચે દલીલો, સોશિયલ મીડિયા પર વાયરલ

### આલિયા ભટ્ટ અને રણબીર કપૂર તેમની દીકરી રાહાનું ખૂબ ધ્યાન રાખે છે અને તેને લાઈમલાઈટથી દૂર રાખવાનો પ્રયાસ કરે છે. રાહાની દાદી નીતુ કપૂર તેને ખૂબ પ્રેમ કરે છે.

મુંબઈ

આલિયા ભટ્ટ અને રણબીર કપૂર તેમની દીકરી રાહાનું ખૂબ ધ્યાન રાખે છે અને તેને લાઈમલાઈટથી દૂર રાખવાનો પ્રયાસ કરે છે. રાહાની દાદી નીતુ કપૂર તેને ખૂબ પ્રેમ કરે છે. હવે નીતુએ ખુલાસો કર્યો છે કે કેવી રીતે તે અને આલિયા ક્યારેક રાહાને લઈને દલીલ કરી બેસે છે. બંને વચ્ચે દલીલોનું કારણ શું છે? ોહા અલી ખાનના પોડકાસ્ટમાં, નીતુએ કહ્યું કે તે રાહા માટે ખરેખર ખૂબ જ સારી છે. તે તેને સારી વસ્તુઓ શીખવે છે. ટીવી નહીં, બિનજરૂરી વસ્તુઓ નહીં. હું આલિયા સાથે ખૂબ લડાઈ કરું છું, કહું છું કે, મને ઓછામાં ઓછી તેને એક ચોકલેટ તો આપવા દે. પણ તે કહે છે, ના, શું તમને ખબર નથી કે ખાંડ તેના માટે સારી નથી? હું કહું છું, હા, ઠીક છે, પણ હું દાદી છું, તો મને તેને થોડું બગાડવા દે. પેરેન્ટિંગને લઈને આવેલા પરિવર્તન પર બોલી નીતુ પહેલા અને અત્યારના પેરેન્ટિંગ વિશે વાત કરતા નીતુએ કહ્યું કે ઘણી બધી બાબતો બદલાઈ ગઈ છે. તેણે કહ્યું, આજકાલ ઘણી જાગૃતિ આવી છે. મારા સમયમાં, ટીવી નહીં, ખાંડ નહીં જેવી જાગૃતિ નહોતી. મારા બાળકો આખો દિવસ ટીવી જોતા અને ખાતા રહેતા. તેઓ જમતી વખતે ભગવાન દાદા અને અમર અકબર એન્થોની જોતા રહેતા. નીતુએ કહ્યું કે તે દખલ કરતી નથી. નીતુએ કહ્યું કે તેને આધુનિક પેરેન્ટિંગ માટે ખૂબ માન છે. તેણે કહ્યું, સમય અલગ છે. મેં મારા સમયમાં મારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા, અને આજના માતાપિતા તેમના શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. તેઓ જાણે છે કે તેઓ શું કરી રહ્યા છે. હું દખલ કરતી નથી. હું ફક્ત એક સારી દાદી બનવા માંગુ છું અને રાહા અને સમારા સાથે સારી રીતે રહેવા માંગુ છું. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું રાહાની નજીક છે, ત્યારે નીતુએ કહ્યું, હું નસીબદાર છું કે અમે સાથે રહીએ છીએ. રાહા મને દીદા કહે છે.





# 40 વર્ષની ઉંમરે બીજી વખત માતા બની આશકા, પુત્રને જન્મ આપ્યો

### આશકા ગોરાડિયા અને બ્રેન્ટ ગોબલે ડિસેમ્બર 2017માં લગ્ન કર્યાં હતા

મુંબઈ

લોકપ્રિય ટીવી અભિનેત્રી આશકા ગોરડિયાએ ચાહકોને ખુશખબર આપી છે. અભિનેત્રી બીજી વખત માતા બની છે. આશકા અને તેના પતિ બ્રેન્ટ ગોબલે તેમના બીજા પુત્રનું સ્વાગત કર્યું છે.


આ દંપતીએ સોશિયલ મીડિયા પર આ ખુશખબર શેર કરી છે અને નવજાત બાળકનું નામ જાહેર કરીને ચાહકોને તેની ઝલક આપી છે. આશ્કા ગોરાડિયાએ 8 મેના રોજ પોતાના ઈન્સ્ટાગ્રામ પર દીકરાનો પહેલો ફોટો શેર કરીને આ ખુશખબર આપી હતી. તેણે જણાવ્યું કે તેના દીકરાનો જન્મ 1 મે, 2026 ના રોજ થયો હતો. અભિનેત્રીએ પોસ્ટ સાથે એક ભાવનાત્મક નોંધ લખી છે, પરિવારમાં એક નવા સભ્યના આગમનથી ભગવાનની યોજનામાં અમારો વિશ્વાસ મજબૂત થયો છે. અમારા મોટા દીકરા વિલિયમ એલેક્ઝાંડરને એક નાનો ભાઈ મળ્યો છે અને બંને ભાઈઓના જીવનમાં ઘણી સુંદર અને રોમાંચક ક્ષણો આવવાની બાકી છે. ટીવી અને મનોરંજન ઉદ્યોગના અનેક સેલિબ્રિટીઝે આશકાની પોસ્ટ પર ટિપ્પણી કરી અને તેને અભિનંદન આપ્યા હતા. અભિનેત્રી કરિશ્મા તન્નાએ "શું વાત છે! ખૂબ ખૂબ અભિનંદન" લખીને પોતાની ખુશી વ્યક્ત કરી.

દિવ્યાંકા ત્રિપાઠી, આરતી સિંહ, મોનાલિસા, ગૌરવ ગેરા, આકૃતિ કક્કર અને અન્ય ઘણા સ્ટાર્સે પણ આ કપલને શુભેચ્છાઓ પાઠવી હતી. આશકા ગોરાડિયા અને બ્રેન્ટ ગોબલે ડિસેમ્બર 2017માં લગ્ન કર્યા હતા. આ દંપતીએ પહેલા ખ્રિસ્તી રીતરિવાજ અનુસાર લગ્ન કર્યા હતા અને બાદમાં હિન્દુ લગ્ન સમારોહ યોજાયો હતો. આ દંપતીએ ઓક્ટોબર 2023 માં તેમના પહેલા પુત્ર વિલિયમ એલેક્ઝાન્ડરનું સ્વાગત કર્યું હતું. લોકપ્રિય ટીવી અભિનેત્રી આશકા ગોરડિયાએ ચાહકોને ખુશખબર આપી છે. અભિનેત્રી બીજી વખત માતા બની છે. આશકા અને તેના પતિ બ્રેન્ટ ગોબલે તેમના બીજા પુત્રનું સ્વાગત કર્યું છે. આ દંપતીએ સોશિયલ મીડિયા પર આ ખુશખબર શેર કરી છે અને નવજાત બાળકનું નામ જાહેર કરીને ચાહકોને તેની ઝલક આપી છે. આશ્કા ગોરાડિયાએ 8 મેના રોજ પોતાના ઈન્સ્ટાગ્રામ પર દીકરાનો પહેલો ફોટો શેર કરીને આ ખુશખબર આપી હતી. તેણે જણાવ્યું કે તેના દીકરાનો જન્મ 1 મે, 2026 ના રોજ થયો હતો.

# બોલિવૂડમાં ખુદને સુપર સ્ટાર ગણાવતી અભિનેત્રીઓ પર ભડકી અમીષા પટેલ, એક પછી એક પોસ્ટમાં કર્યા તીખા પ્રહાર

મુંબઈ

ફિલ્મ 'ગદર'ની 'સકીના' એટલે કે અભિનેત્રી અમીષા પટેલ તેના બેબાક અંદાજને કારણે ફરી એકવાર ચર્ચામાં આવી છે. મોડી રાત્રે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શ્રેણીબદ્ધ ટ્વીટ્સ કરીને તેણે બોલિવૂડની નવી પેઢીની અભિનેત્રીઓ અને તેમના પીઆર (PR) ગેમ પર આકરા પ્રહારો કર્યા છે. પીઆર ગેમ અને નકલી સ્ટારડમ પર પ્રહાર અમીષા પટેલે કોઈનું નામ લીધા વગર જણાવ્યું કે, માત્ર પીઆર ગેમ રમીને પોતાને સુપરસ્ટાર કહેવડાવવાનું બંધ કરવું જોઈએ. તેણે કડવું સત્ય કહેતા લખ્યું કે, પોતાને સુપરસ્ટાર ત્યારે જ કહો જ્યારે તમે બોક્સ ઓફિસ પર ઈતિહાસ રચે તેવું કામ કર્યું હોય. ઘણી અભિનેત્રીઓ કે જેઓએ કારકિર્દીમાં એક પણ સોલો બ્લોકબસ્ટર ફિલ્મ આપી નથી, તે પણ આજે પોતાને સ્ટાર ગણાવી રહી છે. અમીષાના મતે, વર્ષમાં માત્ર બે ફિલ્મો કરવાથી કે સેટ પર ફરવાથી કોઈ સ્ટાર નથી બની જતું, તમે માત્ર એક એક્ટર બનો છો જે અમુક પ્રોજેક્ટ્સમાં કામ કરી રહ્યા છે. અમીષાએ દાવો કર્યો કે કેટલીક અભિનેત્રીઓની ફિલ્મો 200 કરોડ પણ કમાતી નથી, છતાં તેઓ પૈસા આપીને પોતાને નંબર 1 કે નંબર 2 અભિનેત્રી તરીકે ઓળખાવે છે. તેણે યાદ અપાવ્યું કે આ વર્ષ 2000 નથી પણ 2026 ચાલી રહ્યું છે, તેથી હવે 100 કરોડની કમાણી કોઈ મોટી વાત નથી. તેના મતે, અસલી ગ્લોબલ સુપરસ્ટાર એ જ છે જેની ફિલ્મો દુનિયાભરમાં કમાણી કરે અને સતત બોક્સ ઓફિસ પર સફળ રહે. અમીષાએ પોતાની કારકિર્દીની વાત કરતા જણાવ્યું કે તેણે 'કહો ના પ્યાર હૈ', 'ગદર' અને 'ગદર 2' જેવી ત્રણ મોટી હિટ ફિલ્મો આપી છે.



પાક્કો ગુજરાત

રવિવાર | 10 મે 2026 | અમદાવાદ

### યશસ્વી જાયસ્વાલ અને શેફાલી વર્માં હાલમાં એન્ટી-ડોપિંગ નિયમોના ઉલ્લંઘન કર્યા

# યશસ્વી જયસ્વાલ અને શેફાલી વર્માં મુસીબતમાં! NADAએ ફટકારી નોટિસ

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ જગતમાંથી એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે, જેમાં સ્ટાર બેટ્સમેન યશસ્વી જાયસ્વાલ અને મહિલા ક્રિકેટર શેફાલી વર્મા મુશ્કેલીમાં મુકાયા હોય તેમ જણાય છે. રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી એજન્સી (NADA) એ આ બંને ખેલાડીઓને નોટિસ ફટકારી છે. કયા નિયમ હેઠળ નોટિસ? ભારતીય ક્રિકેટના ઉભરતા સ્ટાર યશસ્વી જાયસ્વાલ અને શેફાલી વર્મા હાલમાં એન્ટી-ડોપિંગ નિયમોના ઉલ્લંઘન બદલ ચર્ચામાં છે. રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી એજન્સી (NADA) દ્વારા બંને ખેલાડીઓને 'વેરઅબાઉટ્સ ફેઈલ્યોર' (Whereabouts Failure) નિયમ હેઠળ નોટિસ આપવામાં આવી છે.

આ નિયમ મુજબ, જે ખેલાડીઓ રજિસ્ટર્ડ ટેસ્ટિંગ પૂલ (RTP) માં સામેલ હોય, તેમણે એજન્સીને અગાઉથી જાણ કરવાની હોય છે કે તેઓ કયા સમયે અને કઈ જગ્યાએ ડોપ ટેસ્ટ માટે ઉપલબ્ધ રહેશે. અહેવાલો અનુસાર, યશસ્વી જાયસ્વાલનો ડોપ ટેસ્ટ 17 ડિસેમ્બરે અને શેફાલી



વર્માનો ટેસ્ટ 7 નવેમ્બરે નિર્ધારિત હતો. જોકે, જ્યારે ડોપિંગ કંટ્રોલ ઓફિસર (DCO) નિર્ધારિત સ્થળ પર પહોંચ્યા, ત્યારે બંને ખેલાડીઓ ત્યાં હાજર નહોતા. આ ઘટના બાદ NADA એ ફેબ્રુઆરીમાં બંનેને સ્પષ્ટીકરણ નોટિસ મોકલી હતી, પરંતુ ખેલાડીઓ તરફથી કોઈ જવાબ ન મળતા એજન્સીએ તેમના નામે પ્રથમ 'મિસ્ડ ટેસ્ટ' (Missed Test) નોંધ્યો છે. રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી નિયમો મુજબ, જો કોઈ ખેલાડી 12 મહિનાની અંદર ત્રણ વખત વેરઅબાઉટ્સ ફેઈલ્યોરનો દોષિત જણાય, તો તેને એન્ટી-ડોપિંગ નિયમોનું ઉલ્લંઘન માનવામાં આવે છે. આવી સ્થિતિમાં, જો ખેલાડી પોતે નિર્દોષ હોવાનું સાબિત ન કરી શકે, તો તેના પર બે વર્ષ સુધીનો પ્રતિબંધ લાદવામાં આવી શકે છે. હાલમાં યશસ્વી અને શેફાલી બંને પાસે તેમનો પક્ષ રજૂ કરવાની તક છે. યશસ્વી હાલમાં IPL 2026 માં રાજસ્થાન રોયલ્સ માટે રમી રહ્યો છે, જ્યારે શેફાલી વર્માએ તાજેતરમાં જ ભારતની મહિલા વિશ્વ કપ જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. નોંધનીય છે કે હાલ બીસીસીઆઈ પણ એક્શન મોડમાં આવી ગયુ છે. આ વખતે આઈપીએલ વિવાદમાં રહી છે ચાલુ મેસમાં ઈ સિગારેટ અને પછી ફ્લાઈટમાં પણ ઈ સિગારેટ પીવાના વીડિયો વાયરલ થયા છે.

## ફિનની ફાઈન સેન્ચૂરી, કોલકાતાને 8 વિકેટે જીતાડ્યું

મુંબઈ

કોલકાતા નાઈટ રાઈડર્સે IPLની વર્તમાન સીઝનમાં સતત ચોથી જીત હાંસલ કરી છે. ટીમે શુક્રવારે દિલ્હી કેપિટલ્સને 8 વિકેટે હરાવ્યું છે. આ હાર સાથે જ દિલ્હી હવે પ્લેઓફની રેસમાંથી લગભગ બહાર ફેંકાઈ ગયું છે. અરુણ જેટલી સ્ટેડિયમમાં કોલકાતાએ ટૉસ જીતીને પ્રથમ બોલિંગ પસંદ કરી હતી. દિલ્હીએ 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 142 રન બનાવ્યા હતા. કોલકાતાએ 143 રનનો ટાર્ગેટ માત્ર 14.2 ઓવરમાં 2 વિકેટ ગુમાવીને ચેઝ કરી લીધો હતો. ઓપનર ફિન એલેને છગ્ગો ફટકારીને ટીમને જીત અપાવી હતી. આ સાથે જ તેણે પોતાની સદી પણ પૂરી કરી હતી. એલેને માત્ર 47 બોલમાં 5 ચોગ્ગા અને 10 છગ્ગાની મદદથી અણનમ 100 રન બનાવ્યા હતા. તેની સાથે કેમરોન ગ્રીન 33 રન બનાવીને અણનમ રહ્યો હતો. 143 રનનો ટાર્ગેટ ચેઝ કરી રહેલી કોલકાતાએ એક સમયે 31 રન પર બે વિકેટ ગુમાવી દીધી હતી. કેપ્ટન અજિંક્ય રહાણે 13 રન અને અંગકૃષ રઘુવંશી એક રન બનાવીને આઉટ થયો હતો. આવી મુશ્કેલ સ્થિતિમાં ફિન એલેને કેમરોન ગ્રીન સાથે મળીને શતકીય (100+ રન) પાર્ટનરશીપ નોંધાવી ટીમને શાનદાર જીત અપાવી હતી. પાથુમ નિસાંકાએ ફિફ્ટી ફટકારી ઓપનર પાથુમ નિસાંકાએ શાનદાર બેટિંગ કરતા 29 બોલમાં 50 રનની ઈનિંગ રમી હતી. જ્યારે આશુતોષ શર્માએ 39 રનનું યોગદાન આપ્યું હતું અને કેએલ રાહુલે 23 રન બનાવ્યા હતા. કોલકાતા તરફથી બોલિંગમાં અનુકૂલ રોય અને કાર્તિક ત્યાગીએ 2-2 વિકેટ ઝડપી હતી. જ્યારે વૈભવ અરોરા, સુનિલ નારાયણ અને કેમરોન ગ્રીનને એક-એક સફળતા મળી. દિલ્હીનો એક બેટ્સમેન રનઆઉટ થયો હતો. બંને ટીમોની પ્લેઈંગ-XI કોલકાતા નાઈટ રાઈડર્સ: અજિંક્ય રહાણે (કેપ્ટન), અંગક્રિશ રઘુવંશી (વિકેટકીપર), કેમરોન ગ્રીન, રોવમેન પોવેલ, મનીષ પાંડે, રિંકુ સિંહ, સુનિલ નારાયણ, અનુકૂલ રોય, કાર્તિક ત્યાગી, વૈભવ અરોરા, વરુણ ચક્રવર્તી.

**ત્રણ અલગ ફ્રેન્ચાઈઝી માટે 1000+ રન**

## IPL ઈતિહાસમાં જે કોઈ ના કરી શક્યું તે કેએલ રાહુલે કરી બતાવ્યું, રચ્યો ઈતિહાસ

મુંબઈ

ભારતીય ક્રિકેટના સ્ટાર બેટ્સમેન અને દિલ્હી કેપિટલ્સ (DC) ના ઓપનર કેએલ રાહુલે IPL ઈતિહાસમાં એક એવો અનોખો રેકોર્ડ પોતાના નામે કર્યો છે જે આજ સુધી કોઈ બેટ્સમેન બનાવી શક્યો નથી. કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) સામે રમાયેલી મેચમાં રાહુલે માત્ર 23 રનની ટૂંકી ઈનિંગ રમી હતી, પરંતુ આ ઈનિંગ સાથે તેણે એક ખાસ ક્લબ સ્થાપી દીધી છે. ભરોસાપાત્ર ખેલાડી છે રાહુલ કેએલ રાહુલ આઈપીએલના સૌથી ભરોસાપાત્ર બેટ્સમેનો પૈકીનો એક છે. ઓપનિંગ હોય, વિકેટકીપિંગ હોય કે કેપ્ટનશીપ, તેણે દરેક ભૂમિકામાં પોતાની જાતને સાબિત કરી છે. શુક્રવારે (8 મે) અરૂણ જેટલી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં તેણે એક



એવો રેકોર્ડ બનાવ્યો જે તેની સાતત્યતા (Consistency) અને ક્ષમતાનો પુરાવો આપે છે. કેએલ રાહુલ આઈપીએલ ઈતિહાસનો એવો પ્રથમ બેટ્સમેન બની ગયો છે જેણે ત્રણ અલગ-અલગ ફ્રેન્ચાઈઝી માટે 1000 કે તેથી વધુ રન બનાવ્યા હોય. તેની આ સફર આંકડાઓ રસપ્રદ છે. રાહુલે માત્ર રનનો આંકડો જ પાર નથી કર્યો, પરંતુ તે દિલ્હી કેપિટલ્સ માટે સૌથી ઝડપી 1000 રન પૂરા કરનાર બેટ્સમેન પણ બની ગયો છે. તેણે આ સિદ્ધિ માત્ર 23 ઈનિંગ્સમાં હાંસલ કરી છે. આ પહેલા દિલ્હી માટે આ રેકોર્ડ જેપી ડુમિની અને ઋષભ પંતના નામે હતો, જેમણે 35-35 ઈનિંગ્સ લીધી હતી. કોલકાતા નાઈટ રાઈડર્સના કેપ્ટન અજિંક્ય રહાણેએ ટોસ જીતીને પહેલા બોલિંગ પસંદ કરી હતી.

## IPLમાં રીલ બનાવવા-પોસ્ટ કરવા પર BCCIનો પ્રતિબંધ

### નિયમ તોડવા પર ખેલાડીઓ-કોમેન્ટેટર્સ અને ટીમ પર દંડની સાથે કાયદેસરની કાર્યવાહી પણ થશે

મુંબઈ

ખેલાડીઓ, તેમના પરિવારના સભ્યો અને બ્રોડકાસ્ટર માટે કામ કરી રહેલા પૂર્વ ક્રિકેટરો IPL મેચ દરમિયાન રીલ બનાવી શકશે નહીં કે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી શકશે નહીં. નિયમ તોડવા પર BCCI દંડ અને કાનૂની કાર્યવાહી કરી શકે છે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ IPLમાં ભ્રષ્ટાચાર વિરોધી અને સુરક્ષા વ્યવસ્થાને લઈને ખેલાડીઓ, કોમેન્ટેટરો, તેમના પરિવાર અને બ્રોડકાસ્ટરો માટે સોશિયલ મીડિયા કન્ટેન્ટ પર કડક માર્ગદર્શિકા જાહેર કરી છે. બોર્ડે કહ્યું છે કે સંવેદનશીલ વિસ્તારોમાં રીલ કે વીડિયો બનાવવો સંપૂર્ણપણે પ્રતિબંધિત રહેશે. મીડિયા રિપોર્ટ અનુસાર, BCCIની એન્ટી-કરપ્શન યુનિટ (ACU)એ આ સિઝનમાં નિયમ ભંગના ઘણા કેસ પકડ્યા છે. આમાં ખેલાડીઓ અને બ્રોડકાસ્ટર તરીકે કામ કરી રહેલા પૂર્વ ક્રિકેટરો પણ સામેલ છે. બોર્ડે ચેતવણી આપી છે કે સુરક્ષા પ્રોટોકોલનું પાલન ન કરનારાઓ પર ભારે દંડ અને કાનૂની કાર્યવાહી થઈ શકે છે. રિપોર્ટ અનુસાર, આ સિઝનમાં કેટલાક કોમેન્ટેટર્સે નિયમો તોડ્યા છે. એક પૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર મેચની મહત્વની પળોમાં ડગઆઉટ પાસે ફોનથી વીડિયો બનાવતા જોવા મળ્યા હતા. BCCI ટીમે તરત જ રેકોર્ડિંગ અટકાવ્યું. બોર્ડ હવે એક પૂર્વ ક્રિકેટરને કાનૂની નોટિસ મોકલવાની તૈયારીમાં છે, જે મેદાન પર પોતાની યુટ્યુબ ચેનલ માટે વીડિયો શૂટ કરી રહ્યો હતો. નિયમ અનુસાર, IPLનો



સત્તાવાર ડ્રેસ પહેરીને મેદાન પર ખાનગી કન્ટેન્ટનું શૂટિંગ કરી શકાતું નથી. BCCIને ચિંતા છે કે નવી પેઢીના ક્રિકેટરો સોશિયલ મીડિયા પર કન્ટેન્ટ પોસ્ટ કરવામાં વધુ રસ દાખવી રહ્યા છે. એક ભારતીય ખેલાડીને ટીમની મુસાફરી અને રોકાણની માહિતી શેર કરતા રોકવામાં આવ્યો છે.

બોર્ડે જોયું કે કેટલાક ખેલાડીઓ મેચ પહેલાં કે પૂરી થતાં જ વીડિયો પોસ્ટ કરી દે છે. આનાથી ટીમની પ્રાઈવસી અને સુરક્ષાને ખતરો થઈ શકે છે. ઘણીવાર રીલ દ્વારા પ્લેઈંગ-11નો સંકેત પણ મળી જાય છે. બોર્ડે ખેલાડીઓના પરિવારના સભ્યોને IPL દરમિયાન ફોટો અને વીડિયો પોસ્ટ કરવાનું ટાળવા જણાવ્યું છે.

અગાઉ એક ભારતીય ફાસ્ટ બોલરને તેની પત્ની દ્વારા બનાવેલા ટીમ હોટલના વીડિયોને પ્રમોટ કરવા બદલ ચેતવણી આપવામાં આવી હતી. બોર્ડે એવા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ પર પણ નારાજગી વ્યક્ત કરી છે, જેમને ફ્રેન્ચાઈઝીએ ટીમ સાથે અનફિલ્ટર્ડ એક્સેસ આપ્યો છે. બોર્ડનું માનવું છે કે આનાથી એન્ટી-કરપ્શન પ્રોટોકોલનું ઉલ્લંઘન થાય છે.

એન્ટી-કરપ્શન યુનિટ (ACU)એ વાંધો ઉઠાવ્યો છે કે કેટલાક સિનિયર આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ પરિવાર કે મિત્રોને ટીમ બસમાં મુસાફરી કરવા દે છે.

BCCIએ કહ્યું કે ટીમ બસ અને હોટલના પ્રતિબંધિત વિસ્તારોમાં ફક્ત અધિકૃત લોકોને જ મંજૂરી આપવામાં આવશે. બોર્ડે કહ્યું કે આ જ નિયમો રાજ્યોની ટી-20 લીગમાં પણ લાગુ પડશે, કારણ કે ત્યાં પણ IPLના ઘણા ખેલાડીઓ રમે છે અને યુવાનો માટે ખોટું ઉદાહરણ પૂરું પાડે છે.



### ફ્રોડ અને સ્પામ કૉલની ફરિયાદ નહીં સાંભળે તો ₹50 લાખ સુધીનો દંડ

# મોબાઈલ કંપનીઓ પર 'ટ્રાઈ'નો સકંજો

મુંબઈ

દૂરસંચાર નિયામક ટ્રાઈ (TRAI-ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા)એ ટેલિકોમ કંપનીઓ પર સકંજો કસવાની તૈયારી કરી લીધી છે. સ્પામ, અનવોન્ટેડ, ફ્રોડ કોલ અને મોબાઈલ સેવાઓની ગુણવત્તા સંબંધિત ફરિયાદો હવે તેમને 24x7 સાંભળવી પડશે. ફરિયાદોનો નિકાલ કરવામાં 15 દિવસથી વધુ વિલંબ થશે, તો કંપનીઓ પર મહત્તમ 50 લાખ રૂપિયા સુધીનો દંડ લાગશે. આ બાબતો ટેલિકોમ ગ્રાહક ફરિયાદ નિવારણ (ચોથા સુધારા) વિનિયમ-2026ના ડ્રાફ્ટનો ભાગ છે. ટ્રાઈએ તેને જાહેર ચર્ચા માટે રજૂ કર્યો છે. તે મુજબ, રેકોર્ડેડ ઓટોમેટેડ રિપ્લાયથી કામ નહીં ચાલે. ગ્રાહકની માંગ મુજબ મહિલા/પુરુષ ટેલિકોલર સાથે કનેક્ટ




કરવું જરૂરી રહેશે. દરેક પ્રકારના પ્રમોશનલ કોલ પર ગ્રાહકને કોલબેકની સુવિધા આપવી પડશે. ગ્રાહકો દ્વારા નોંધાયેલી ફરિયાદ પર થઈ રહેલી કાર્યવાહીના અપડેટ SMS, ઈમેલ અને એપ પર સતત આપવા પડશે. 1. ખોટી રીતે ફરિયાદ બંધ કરવા પર કંપનીનું શું થશે? કંપનીએ પ્રતિ ફરિયાદ 1,000 રૂપિયાનો દંડ ભરવો પડશે. 2. અપીલના ખોટા નિકાલ પર કેટલો દંડ લાદવામાં આવશે? દરેક બેદરકારી પર 5,000 પ્રતિ અપીલનો દંડ લાગશે. 3. એક ક્વાર્ટરમાં મહત્તમ કેટલો દંડ લાગી શકે છે? કુલ દંડની ઉપલી મર્યાદા 50 લાખ નક્કી કરવામાં આવી છે. 4. ત્રિમાસિક રિપોર્ટ જમા કરવામાં વિલંબ કરવા પર શું નિયમ છે? પહેલા 15 દિવસના વિલંબ પર 5,000 પ્રતિ દિવસ, ત્યારબાદ 20,000/દિવસ લાગશે. 5. રિપોર્ટિંગમાં વિલંબ પર શું? પ્રતિ કેસ મહત્તમ 10 લાખ વસૂલવામાં આવી શકે છે. 6. દંડ સમયસર ન ભર્યો તો? બાકી રકમ પર કંપનીને વધારાનું વ્યાજ ચૂકવવું પડશે. 7. આ ફેરફારોથી શું સુધરશે? કંપનીઓની જવાબદારી વધશે અને તેઓ ફરિયાદોનો ઝડપથી નિકાલ કરવા માટે બંધાયેલા રહેશે. 8. વર્તમાન વ્યવસ્થામાં શું છે? કોઈ સ્પષ્ટ નિયમો નથી, ન તો દંડની મર્યાદા નક્કી છે.

**7.8 કરોડ સબસ્ક્રાઈબર્સને તરત પૈસા મળશે**

## UPI-ATM દ્વારા આ જ મહિનાથી PF કાઢી શકશે: નવી સિસ્ટમ લોન્ચ કરવાની તૈયારી પૂરી

મુંબઈ

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) મે મહિનાના અંત સુધીમાં ATM અને UPI દ્વારા ફંડ ઉપાડવાની સુવિધા શરૂ કરવા જઈ રહ્યું છે. EPFO 3.0 પહેલ હેઠળ 7.8 કરોડ સબસ્ક્રાઈબર્સને કોઈપણ કાગળની કાર્યવાહી વિના ફંડ તરત જ મળી શકશે. આ સિસ્ટમ 2026ના મધ્ય સુધીમાં સંપૂર્ણપણે લાગુ થઈ જશે. ત્યારબાદ PF સંબંધિત તમામ પ્રક્રિયાઓ યુઝર-ફ્રેન્ડલી બની જશે. તેમાં ઓટો-ક્લેમ સેટલમેન્ટ અને કર્મચારીની પસંદગીના બેંક ખાતામાં સીધા ફંડ ટ્રાન્સફર જેવી સુવિધાઓ શામેલ છે.

ATM અને UPIનો વિકલ્પ મળવાથી PF ખાતાધારકોને ઓફિસ જવાની જરૂર નહીં પડે. આ EPFO 3.0 નું સૌથી ખાસ ફીચર છે. હાલમાં PF કાઢવા માટે ઓનલાઈન ફોર્મ ભરવું પડે છે,




દસ્તાવેજો જમા કરવા પડે છે અને 7-10 દિવસ રાહ જોવી પડે છે. પરંતુ EPFO 3.0 માં તમે તમારા PF ખાતામાંથી ATM દ્વારા સીધા પૈસા ઉપાડી શકશો, જેમ ડેબિટ કાર્ડથી કેશ કાઢો છો. સાથે જ ફોનપે, ગૂગલપે જેવા UPI એપથી 1 લાખ રૂપિયા સુધી તરત ટ્રાન્સફર થઈ શકશે. આનાથી ઈમરજન્સીમાં પૈસાની જરૂરિયાત સરળતાથી પૂરી થઈ શકશે. ATM, UPI દ્વારા ઉપાડ માટે કેટલીક શરતો હશે. સભ્યનો યુનિવર્સલ એકાઉન્ટ નંબર સક્રિય હોવો જરૂરી છે. તે આધાર, પાન, બેંક એકાઉન્ટ નંબર, IFSC કોડ જેવા દસ્તાવેજો સાથે જોડાયેલો પણ હોવો જોઈએ. EPFO ATM અથવા UPI દ્વારા ઉપાડની મર્યાદા નક્કી કરવા જઈ રહ્યું છે. આ અંતર્ગત યુઝર પોતાના PF ખાતામાં જમા કુલ રકમના મહત્તમ 50% જ ઉપાડી શકશે. જોકે, PF ઉપાડના નિયમ હેઠળ જો કોઈ સભ્યની નોકરી છૂટી જાય તો તે 1 મહિના પછી PF ખાતામાંથી 75% પૈસા ઉપાડી શકે છે.

### આ વર્ષે સોનામાં ₹17,883નો વધારો જોવા મળ્યો છે

# ચાંદી આ અઠવાડિયે ₹15,269 મોંઘી, ₹2.56 લાખ પહોંચી: સોનું ₹815 વધીને ₹1.51 લાખ થયું

મુંબઈ

આ અઠવાડિયે 1 કિલો ચાંદીના ભાવ 15,269 રૂપિયા વધીને 2.56 લાખ રૂપિયા પર પહોંચી ગયો છે. આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 30 એપ્રિલે 2.40 લાખ રૂપિયા પર હતી. જ્યારે, સોનાના ભાવમાં માત્ર 815 નો વધારો થયો. 30 એપ્રિલે 10 ગ્રામ સોનું 1.50 લાખ રૂપિયા પર હતું, જે વધીને 1.51 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. પરિવહન અને સુરક્ષા: એક શહેરથી બીજા શહેરમાં સોનું લઈ જવામાં ઈંધણ અને સુરક્ષા ખર્ચ ઉમેરાય છે, જેના કારણે અંતર વધવા પર ભાવ વધે છે. ખરીદીનો જથ્થો: દક્ષિણ ભારતમાં વધુ વપરાશ (લગભગ 40%) ને કારણે જ્વેલર્સ મોટી ખરીદી કરે છે, પરંતુ ડિસ્કાઉન્ટનો લાભ મર્યાદિત રહે છે. સ્થાનિક જ્વેલરી એસોસિએશન: રાજ્ય અને શહેરના જ્વેલરી એસોસિએશન સ્થાનિક માંગ-પુરવઠાના આધારે ભાવ નક્કી કરે છે. જૂનો સ્ટોક અને ખરીદ કિંમત: જ્વેલર્સનો ખરીદીનો ભાવ નક્કી કરે છે કે તેઓ ગ્રાહકોને કેટલી કિંમતમાં વેચશે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 17,883 રૂપિયા અને ચાંદી 25,180 રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ



સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.51 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.56 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ સમયગાળા દરમિયાન, 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલટાઈમ હાઈ પણ બનાવ્યો હતો. વિદેશી ઘરેણાં મંગાવવા માટે લાયસન્સ ફરજિયાત સરકારે તાજેતરમાં સોના-ચાંદી અને પ્લેટિનમના ઘરેણાંને 'ફ્રી' કેટેગરીમાંથી હટાવીને 'પ્રતિબંધિત' કેટેગરીમાં મૂકી દીધા છે. વિદેશ વ્યાપાર મહાનિદેશાલય (DGFT) અનુસાર, હવે આ કિંમતી ધાતુઓમાંથી બનેલી જ્વેલરી કોઈપણ દેશમાંથી મંગાવવા માટે સરકાર પાસેથી વિશેષ લાઈસન્સ લેવું પડશે. સરકારે આ પગલું ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) ના દુરુપયોગને રોકવા માટે ઉઠાવ્યું છે. 1. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે. 2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ મુજબ અલગ-અલગ હોય છે. મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે.

આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ઝડપથી પીગળે છે.

સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવે છે.

ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળો નિશાન આવે તો અસલી છે.

## અમેરિકા સાથે વેપાર કરારમાં ઉતાવળ નહીં કરવા સરકારને GTRIનું સૂચન

- **ટેરિફ સંદર્ભમાં ટ્રમ્પ સામે સતત કાનૂની પડકારોને ધ્યાનમાં રાખી કરાયેલું સૂચન**

મુંબઈ

અમેરિકન પ્રમુખ દ્વારા લાગુ કરાતા ટેરિફ સંદર્ભમાં સતત કાનૂની પડકારો ઊભા થઈ રહ્યા હોવાનું ધ્યાનમાં રાખી ભારતે અમેરિકા સાથે દ્વીપક્ષી વેપાર કરાર કરવામાં ઉતાવળ કરવી ન જોઈએ તેવી દેશની થિન્ક ટેન્ક ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટિવ (જીટીઆરઆઈ) દ્વારા ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. અમેરિકા સાથે વેપાર કરાર કરવામાં અર્થપૂર્ણ લાભો મેળવ્યા વગર એકતરફી કરારમાં જોખમ રહેલા છે.

ટ્રમ્પ દ્વારા લાગુ કરાયેલા ૧૦ ટકા ગ્લોબલ ટેરિફને અમેરિકાની કોર્ટે રદબાતલ કર્યા બાદ થિન્ક ટેન્કની આ




ચેતવણી આવી પડી છે. ટેરિફ મુદ્દે ટ્રમ્પને બીજી વખત ફટકો પડયો છે. આ અગાઉ રેસિપ્રોકલ ટેરિફને પણ ગેરકાયદે ગણાવી ત્યાંની કોર્ટે તેને રદ કર્યા હતા. અમેરિકાની ટેરિફ નીતિ મુદ્દે પ્રવર્તી રહેલી સતત અનિશ્ચિતતાને જોતા ભારત દ્વારા લાંબી મુદતના કોઈપણ વેપાર કરારોને ન્યાયી ગણાવવાનું મુશ્કેલ છે. અમેરિકાની વેપાર નીતિ ભાખી ન શકાય તેવી બની ગઈ છે. ટેરિફ સત્તા ટકાવી રાખવા ટ્રમ્પ સત્તાવાળા એક કાનૂની યંત્રણાથી બીજી યંત્રણા વચ્ચે આંટાફેરા કરી રહ્યા છે એમ જણાવી થિન્ક ટેન્કે સ્થિતિને ઉંદર બિલાડીની રમત સાથે સરખાવી હતી.

# RTEના વિદ્યાર્થીઓ પાસેથી ફી વસૂલતી સ્કૂલોને અમદાવાદ DEOના કડક આદેશ

■ કોઈ ફી નહીં વસૂલવા સૂચના, સ્કૂલો યુનિફોર્મ, કેન્ટિન ચાર્જ, ટ્રાન્સપોર્ટ માટે વાલીઓને દબાણ નહીં કરી શકે

અમદાવાદ

અમદાવાદમાં રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે કેટલીક શાળાઓ દ્વારા રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રવેશ આપવામાં આવેલા બાળકો પાસેથી અધર એક્ટિવિટીના નામે ફી ઉઘરાવતા હોવાની અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ મળી હતી. જેને ધ્યાનમાં રાખીને શહેરની તમામ શાળાઓને કડક સૂચના આપવામાં આવી છે. નિયમ પ્રમાણે શાળાઓ અધર એક્ટિવિટીના નામે RTEના વિદ્યાર્થીઓ પાસેથી કોઈપણ ફી ઉઘરાવી શકશે નહીં. જો કોઈ શાળા ફી ઉઘરાવશે તો કડક કાર્યવાહી કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ અમદાવાદ શહેરની 1300 કરતા વધુ શાળાઓમાં 14 હજાર કરતા વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ડોક્યુમેન્ટ ચકાસણી વિદ્યાર્થીઓને ખાનગી સ્કૂલોમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. જ્યાં વિદ્યાર્થીઓ ધો. 1થી 8 સુધી ફ્રીમાં અભ્યાસ કરી શકે છે. પરંતુ કેટલીક શાળાઓ વિદ્યાર્થીઓ પાસેથી અધર એક્ટિવિટીના બહાને વિદ્યાર્થીઓ પાસેથી પૈસા પડાવી રહી છે. જેની ફરિયાદ વાલીઓએ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીને કરી હતી.




RTE હેઠળ થયેલા એડમિશનના બાળકો પાસે ખાનગી શાળાઓ અધર એક્ટીવીટીના નામે ફી ઉઘરાવી વાલીઓના ખિસ્સા ખંખેરતી હોય છે. તેમજ શાળાના યુનિફોર્મ અને પુસ્તકો કોઈ ચોક્કસ જગ્યાએ જ ખરીદવાનો આગ્રહ રાખી શાળાઓ જાણે લૂંટ ચલાવતી હોય તેવી ફરિયાદો પણ જિલ્લા શહેર જિલ્લા શિક્ષણાધિકારીને મળી હતી. ખાનગી શાળાઓ એક્ટીવીટી ફી, શાળા કીટ, યુનિફોર્મ, કેન્ટિન ચાર્જ, વાર્ષિક કાર્યક્રમ ફી, ટ્રાન્સપોર્ટ




## દાગીના ફરીદાબાદ કુરિયર કર્યાને પકડાયો

# પોશ એરિયામાં નોકરે જ કરી 26 લાખની ચોરી

અમદાવાદ

અમદાવાદ શહેરના પોશ વિસ્તારમાં ઘરઘાટી પર વિશ્વાસ રાખવો કેટલો જોખમી સાબિત થઈ શકે છે તેનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગુજરાત યુનિવર્સિટી પોલીસે રૂ.26 લાખની કિંમતના સોના-ચાંદીના દાગીનાની ચોરીનો ભેદ ઉકેલી ત્રણ શખસોની ધરપકડ કરી છે. ઘરઘાટીએ પોતાના દિલ્હીના મિત્રો સાથે મળીને ઘરમાંથી કિંમતી ઘરેણાંની ચોરી કરી હતી અને પોલીસથી બચવા માટે ચોરીનો મુદ્દામાલ કુરિયર મારફતે ફરીદાબાદ મોકલી આપ્યો હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, 21 વર્ષીય શંકર અગ્નિપ્રસાદ ફરિયાદીના ઘરે નોકર તરીકે કામ કરતો હતો. તેણે દિલ્હીમાં રહેતા તેના મિત્રો આકાશ ઠાકુર અને અયાઝ ખાન સાથે મળીને ચોરીનું કાવતરું ઘડ્યું હતું. જેમાં ગત 4 મે, 2026ના રોજ જ્યારે પરિવારના સભ્યો ઘરે હાજર નહોતા, ત્યારે આ ટોળકીએ તિજોરી પર હાથ સાફ કર્યો હતો.

ચોરી દરમિયાન ફરિયાદીના પિતા અચાનક ઘરે આવી પહોંચતા નાસભાગ મચી ગઈ હતી. શંકર અને આકાશ પકડાઈ ગયા હતા, પરંતુ અયાઝ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. ભાગતા સમયે આકાશે ફરિયાદીના ડ્રાઈવર પર હુમલો કરી તેને ઈજા પણ પહોંચાડી હતી.

ધરપકડ બાદ શંકરની કડક પૂછપરછ કરવામાં આવતા તેણે ચોંકાવનારી કબૂલાત કરી હતી. તેણે જણાવ્યું કે, થોડા દિવસ અગાઉ પણ તેણે ઘરમાંથી ઘરેણાં ચોર્યા હતા અને પકડાઈ જવાના ડરથી તે ઘરેણાં પ્રાઈવેટ કુરિયર સર્વિસ દ્વારા ફરીદાબાદમાં તેના એક પરિચિતને મોકલી આપ્યા હતા.

માહિતી મળતા જ ગુજરાત યુનિવર્સિટી પોલીસની એક ટીમ



તાત્કાલિક દિલ્હી અને ફરીદાબાદ રવાના થઈ હતી. પોલીસે ફિલ્મી ઢબે ઓપરેશન પાર પાડી ફરીદાબાદથી કુરિયરનું પાર્સલ રિકવર કર્યું હતું અને દિલ્હીથી ફરાર આરોપી અયાઝ ખાનને પણ દબોચી લીધો હતો.

શંકર અગ્નિપ્રસાદ (ઉં.વ.21), મૂળ દિલ્હીનો અને હાલ આંબાવાડીમાં રહેતો ઘરઘાટી. આકાશ ઠાકુર (ઉં.વ.23), દિલ્હીમાં ફૂડ ડિલિવરી બોય તરીકે કામ કરે છે. અયાઝ અહેમદ ખાન (ઉં.વ.20), દક્ષિણ દિલ્હીનો રહેવાસી.

પોલીસે આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા(BNS) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે કે આ ટોળકીએ અન્ય કોઈ સ્થળે આવી ચોરી કરી છે કે કેમ.

## આસપાસની ફેક્ટરીઓમાં મચી અફરાતફરી

# સાણંદના મોરૈયામાં ટુ-વ્હીલર પાર્ટ્સની કંપનીમાં વિકરાળ આગ

અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં કંપનીમાં ભીષણ આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગના બનાવને પગલે અમદાવાદ, સાણંદ, બાવળા, ધોળકાથી ફાયરની પાંચ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ, સાણંદ તાલુકાના મોરૈયા પાસે આવેલી એક ખાનગી કંપનીમાં આજે(9 મે) ભીષણ આગનો બનાવ બન્યો હતો. જેમાં ટુ-વ્હીલરના મજગાર્ડ બનાવતા ગોડાઉનમાં આગ ભભૂકી હતી. આગ લાગતા દૂર-દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા.



સમગ્ર મામલે આગ ફાયર વિભાગને જાણ કરતાં પાંચ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચીને પાણીનો મારો ચલાવ્યો હતો. આગ લાગતા સ્થાનિક પોલીસ પણ ઘટનાસ્થળે દોડી પહોંચી હતી. આગ એટલી બધી વિકરાળ હોવાથી બાજુની કંપનીઓ પણ આગની લપેટમાં આવી હોવાનું સામે આવ્યું છે.

## સાબરમતીમાં ધોળે દિવસે ચેન સ્નેચિંગ

# બાઈક સવાર બે ગઠિયા સોનાની ચેન ઝૂંટવી ફરાર

અચાનક થયેલા આ હુમલાથી મોક્ષાર્થભાઈ ગભરાઈ ગયા હતા અને તેમણે બૂમાબૂમ કરી મૂકી હતી. જોકે, ગઠિયાઓ પોતાની પૂરઝડપે બાઈક હંકારીને ગણતરીની સેકન્ડોમાં ત્યાંથી પલાયન થઈ ગયા

અમદાવાદ

અમદાવાદ શહેરમાં ધોળે દિવસે લૂંટ અને ચેન સ્નેચિંગની ઘટનાઓથી નાગરિકોમાં ફફડાટ ફેલાયો છે. સાબરમતી વિસ્તારમાં આઠમી મેના રોજ સવારે દૂધ લેવા નીકળેલા એક યુવકને નિશાન બનાવી બાઈક સવાર બે અજાણ્યા શખસો 60,000 રૂપિયાની કિંમતની સોનાની ચેન અને હીરાનું પેન્ડલ આંચકીને નાસી છૂટ્યા હતા. સાબરમતીના રામનગર વિસ્તારમાં રહેતા અને બોપલ રોડ પર કાપડના શો-રૂમમાં નોકરી કરતા મોક્ષાર્થ પ્રવિણચંદ્ર વોરા સાથે આ લૂંટની ઘટના બની છે. ગત સવારે આશરે સવા નવ વાગ્યાની આસપાસ મોક્ષાર્થભાઈ સ્મૃતિ મંદિર પાછળ આવેલા પાર્લરથી દૂધ લઈને પરત ફરી રહ્યા હતા. સ્મૃતિ મંદિરના પાછળના ગેટ પાસે પાછળથી કાળા





કલરની બાઈક પર બે ગઠિયાઓ આવ્યા હતા. તેમણે તક જોઈને યુવકના ગળામાંથી 5.070 ગ્રામની સોનાની ચેન અને હીરાનું પેન્ડલ ઝૂંટવી લીધું હતું.

અચાનક થયેલા આ હુમલાથી મોક્ષાર્થભાઈ ગભરાઈ ગયા હતા અને તેમણે બૂમાબૂમ કરી મૂકી હતી. જોકે, ગઠિયાઓ પોતાની પૂરઝડપે બાઈક હંકારીને ગણતરીની સેકન્ડોમાં ત્યાંથી પલાયન થઈ ગયા હતા. ભોગ બનનાર યુવકે આસપાસના સીસીટીવી ફૂટેજ પણ તપાસ્યા હતા, પરંતુ બાઈકનો નંબર સ્પષ્ટપણે ટ્રેસ થઈ શક્યો નહોતો. આ ઘટના બાદ મોક્ષાર્થભાઈએ પોતાના પિતરાઈ ભાઈ સાથે સાબરમતી પોલીસ મથકે પહોંચી અજાણ્યા શખસો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. સાબરમતી પોલીસે લૂંટનો ગુનો નોંધી, વિસ્તારના વિવિધ સીસીટીવી કેમેરાના ફૂટેજ એકત્રિત કરીને પલ્સર સવાર ગઠિયાઓને પકડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## અમદાવાદમાં એક્સપ્રેસ હાઈવે નજીક

# તોડબાજી કરતા બે ટ્રાફિક પોલીસ કર્મચારી સસ્પેન્ડ..!

અમદાવાદ

અમદાવાદમાં ટ્રાફિક પોલીસની દાદાગીરી અને તોડબાજીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક્સપ્રેસ હાઈવે ચેક પોઈન્ટ નજીક અન્ય રાજ્યની કારના ચાલકને રોકીને તેને ધમકાવવા અને નાણાંની માંગણી કરવા બદલ એક હેડ કોન્સ્ટેબલ અને એક કોન્સ્ટેબલને પોલીસ કમિશનર દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સોશિયલ મીડિયા પર આ ઘટનાની વિગતો વાઈરલ થયા બાદ પોલીસ વિભાગ સફાળું જાગ્યું હતું.

પંકજસિંહ પરિહાર નામના વ્યક્તિએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોતાની આપવીતી જણાવતી એક પોસ્ટ મૂકી હતી, જેમાં ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. આઈ ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનના સ્ટાફે અન્ય રાજ્યની નંબર પ્લેટ હોવાથી કારને રોકીને એક કલાક સુધી બેસાડી રાખી હતી. તપાસના બહાને વાહનચાલકનો મોબાઈલ ચેક કરીને તેને 'કબૂતરબાજી' અને સાયબર ક્રાઈમના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી.પોલીસ કર્મચારીઓએ કેસમાંથી મુક્તિ મેળવવા માટે 'સેટલમેન્ટ' પેટે નાણાંની માંગણી કરી હતી. આ પોસ્ટ સોશિયલ મીડિયા સેલના ધ્યાને આવતા ઉચ્ચ અધિકારીઓને રિપોર્ટ કરવામાં આવ્યો હતો. તપાસમાં તથ્ય જણાતા પોલીસ કમિશનર દ્વારા તાત્કાલિક અસરથી બંને કર્મચારીઓને સસ્પેન્ડ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. સ્થાનિકો અને વાહનચાલકોમાં એવી ચર્ચા છે કે આ માત્ર એક કિસ્સો છે, હકીકતમાં નારોલ અને એક્સપ્રેસ વે ચેકપોસ્ટ પર બહારના રાજ્યોના વાહનચાલકોને પરેશાન કરીને ઉઘરાણી કરવાની રીતસરની હાટડીઓ ચાલી રહી છે.

## એર કૂલર અને ગ્રીન નેટથી અપાશે ઠંડક

# શહેરના 40 ડિગ્રીથી વધુ તાપમાનમાં વન્યજીવો માટે કાંકરિયા ઝૂ તંત્ર સજ્જ

### કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં હાલ 2190 જેટલા પ્રાણીઓ, પક્ષીઓ અને સરિસૃપો વસવાટ કરે છે

અમદાવાદ

અમદાવાદમાં ઉનાળાનો પારો 40 ડિગ્રીને પાર કરી ગયો છે ત્યારે મનુષ્યોની સાથે સાથે પ્રાણી સંગ્રહાલયના અબોલ જીવોને ગરમીથી બચાવવા માટે વહીવટી તંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. કાંકરિયા ખાતે આવેલા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત કમલા નેહરુ પ્રાણી સંગ્રહાલયમાં વન્યજીવોને હીટવેવથી રક્ષણ આપવા માટે હાઈટેક સુવિધાઓ અમલમાં મૂકવામાં આવી છે.

કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં હાલ 2190 જેટલા પ્રાણીઓ, પક્ષીઓ અને સરિસૃપો વસવાટ કરે છે. તાપમાનના વધારાથી બચાવવા માટે સિંહ, વાઘ, દીપડા અને હાથી જેવા પ્રાણીઓના પાંજરા પાસે 38થી 40 જેટલા એર કૂલર લગાવવામાં આવ્યા છે. નિશાચર પ્રાણીઓ માટેના ઝૂમાં ETHE (Earth Tube Heat Exchanger) અને જીઓ-થર્મલ એરેશન સિસ્ટમ કાર્યરત છે, જે અંદરનું તાપમાન સાનુકૂળ રાખે છે. સૂર્યના સીધા કિરણોથી બચાવવા માટે પાંજરાઓ પર ગ્રીન નેટ બાંધવામાં આવી છે અને યોગ્ય શેલ્ટરની વ્યવસ્થા કરાઈ છે.

પ્રાણીઓમાં ડિહાઈડ્રેશનની સમસ્યા ન સર્જાય તે માટે વેટરનરી ડૉક્ટરોની ટીમ દ્વારા સતત નિરીક્ષણ કરવામાં આવે છે. ગરમીમાં ઠંડક આપવા માટે પ્રાણીઓને તરબૂચ, ટેટી અને શેરડી જેવા ફળો આપવામાં આવે છે. વન્યજીવોના પીવાના પાણીમાં ગ્લુકોઝ અને ORS પાઉડર ઉમેરવામાં આવે છે જેથી શરીરમાં પાણીનું સ્તર જળવાઈ રહે. વિદેશી પ્રાણીઓ પર ગરમીની વધુ અસર ન થાય તે માટે વેક્સિનેશન, ડિવોર્મિંગ અને મેડિકલ ચેકઅપ માટે રેગ્યુલર રાઉન્ડ લેવામાં આવે છે.

વેકેશનના સમયમાં અંદાજે 3 લાખ જેટલા પ્રવાસીઓ મુલાકાત લેતા હોવાથી તેમના માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

મુલાકાતીઓ માટે ઝૂ સવારે 9થી સાંજના 7 વાગ્યા સુધી ખુલ્લું રાખવામાં આવે છે. પ્રવાસીઓ માટે પાણીની પરબ, ઠંડક માટે એર કૂલર, ગ્રીન નેટનો છાયડો અને વોટર પોઈન્ટ્સ ઉપલબ્ધ છે.

છેલ્લા 5 વર્ષમાં કાંકરિયા ઝૂની 77.72 લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી છે. પર્યટનને વધુ વેગ આપવા માટે હાલ 'વોક ઈન એવરી' બનાવવાની કામગીરી ચાલુ છે અને નવા પ્રાણીઓ લાવવાની પ્રક્રિયા પણ તેજ કરવામાં આવી છે. મુલાકાતીઓની સુવિધા માટે ઓનલાઈન ટિકિટિંગ અને ઝૂ ગાઈડની વ્યવસ્થા પણ રાખવામાં આવેલી છે.

# આનંદનગર રોડ ઉપર ચાલુ બાઈક ભડભડ સળગ્યું

અમદાવાદ

અમદાવાદ શહેરના વ્યસ્ત ગણાતા આનંદનગર રોડ પર શનિવારે(9 મે) એક ચાલુ બાઈકમાં અચાનક આગ ભભૂકી ઉઠતા વાહનચાલકોમાં નાસભાગ મચી ગઈ હતી. આગ એટલી ઝડપથી પ્રસરી હતી કે જોતજોતામાં આખું બાઈક આગની લપેટમાં આવી ગયું હતું. સદનસીબે, બાઈક ચાલકે સમયસૂચકતા વાપરી નીચે ઉતરી જતાં તેનો જીવ બચી ગયો હતો.

આનંદનગર વિસ્તારમાં આવેલી કોમ્ફી હોટલ પાસે એક બાઈક સવાર રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે અચાનક બાઈકના એન્જિનના ભાગેથી ધુમાડા નીકળવા લાગ્યા હતા અને પળવારમાં જ આગની જ્વાળાઓ દેખાવા લાગી હતી. બાઈકચાલકે તાત્કાલિક બાઈક ઊભું રાખીને સુરક્ષિત અંતરે ખસી જતાં મોટી દુર્ઘટના ટળી હતી. ઘટના અંગે તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયરની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. જો કે, ત્યાં સુધીમાં બાઈકને વ્યાપક નુકસાન પહોંચ્યું હતું. આગના કારણે રોડ પર થોડીવાર માટે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા. પ્રાથમિક દ્રષ્ટિએ આ આગ ટેકનિકલ ખામી અથવા તો પ્રચંડ ગરમીના કારણે એન્જિન ઓવરહીટ થવાથી લાગી હોવાનું મનાઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં ગરમીનો પારો 40-42 ડિગ્રીને પાર કરી રહ્યો છે.

# વટવા મર્ડર કેસ : 34 વર્ષ પહેલાં પત્નીની હત્યા કરી લાશ ખાળકૂવામાં દાટી દેનાર પતિ અને જેઠ ઝડપાયા

### આ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરીને ઘરમાં દાટેલો મૃતદેહ બહાર કાઢ્યો હતો અને વૈજ્ઞાનિક પદ્ધતિથી તપાસ શરૂ કરી હતી

અમદાવાદ

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે વર્ષ 1992માં વટવા વિસ્તારમાં થયેલી એક યુવતીની હત્યાનો ભેદ ઉકેલીને કાયદો અને વ્યવસ્થાના ક્ષેત્રમાં મોટી સફળતા મેળવી છે. 34 વર્ષ જૂના આ ગુનામાં ક્રાઈમ બ્રાન્ચે મૃતક મહિલાના પતિ અને તેના જેઠની ધરપકડ કરી છે. આરોપીઓએ યુવતીની હત્યા કર્યા બાદ તેની લાશને ઘરના જ ખાળકૂવામાં દાટી દઈ પુરાવા મિટાવવાનો પ્રયાસ કર્યો હતો.

વર્ષ 1992માં વટવા વિસ્તારમાં ફરજાના નામની યુવતીની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરીને ઘરમાં દાટેલો મૃતદેહ બહાર કાઢ્યો હતો અને વૈજ્ઞાનિક પદ્ધતિથી તપાસ શરૂ કરી હતી. DNA સેમ્પલ મૃતકના ભાઈના DNA સાથે મેચ થયા હતા અને અન્ય પુરાવાઓના આધારે આ ગુનામાં કુલ 4 લોકોની સંડોવણી સામે આવી હતી.

ક્રાઈમ બ્રાન્ચે આ હાઈ-પ્રોફાઈલ કેસમાં મૃતક ફરજાનાનો પતિ સમસુદ્દીન ખેડાવાળા, ઈકબાલ ખેડાવાળા મૃતકનો જેઠની ધપકડ કરી છે. આ બંને આરોપીઓ હાલ અમદાવાદના જમાલપુર વિસ્તારમાં રહેતા હોવાનું સામે આવ્યું હતું. તપાસ દરમિયાન એ પણ જાણવા મળ્યું છે કે આ હત્યામાં સામેલ અન્ય બે આરોપીઓના અગાઉ મૃત્યુ થઈ ચૂક્યા છે. જેમાં સાલિયા બીબીનું 14 વર્ષ પહેલાં અવસાન થયું હતું અને અન્ય એક આરોપી અબ્દુલ કરીમનું પણ મૃત્યુ થઈ ગયું છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના એસીપી (ACP) ભરત પટેલે જણાવ્યું હતું કે, ટેકનિકલ સોર્સ અને જૂના રેકોર્ડ્સના આધારે આ વણઉકેલાયેલા ગુનાને ડિટેક્ટ કરવામાં આવ્યો છે. આરોપીઓએ વર્ષો સુધી આ રહસ્ય છુપાવી રાખ્યું હતું, પરંતુ ડીએનએ રિપોર્ટ પોઝિટિવ આવતા આખરે સત્ય સામે આવ્યું છે.

પોલીસની પ્રાથમિક માહિતી મુજબ, મૃતક મહિલાનું નામ ફરજાના હતું અને તે મૂળ ધોળકાની હતી. 1992ની સાલમાં જ્યારે તેની ઉંમર 17-18 વર્ષની હતી ત્યારે તેના લગ્ન સુરતમાં થયા હતા, પરંતુ તે એક વર્ષની અંદર પિતાના ઘરે પરત ફરી હતી અને બાદમાં દેહવ્યાપાર તરીકે કામ કરવા લાગી હતી.

તેના પરિવારના લોકો માટે તેની આ જીવનશૈલીથી આબરૂને નુકસાન થતું હોવાથી, તેમને ફરજાના ક્યાં છે અને શું કરે છે તેમાં કોઈ જ રસ નહોતો અને તેમણે ક્યારેય તેની શોધખોળ કરી નહોતી કે પોલીસમાં નોંધ કરાવી નહોતી. ફરજાના અમદાવાદ આવ્યા બાદ તેનો પરિચય સમસુદ્દીન સાથે થયો અને પછી બંનેએ લગ્ન કર્યા. પરંતુ લગ્ન પછી પણ ફરજાનાએ તેની લગ્ન પહેલાની પ્રવૃત્તિ ચાલુ રાખી હતી અને તે સમસુદ્દીનને છોડવા પણ તૈયાર નહોતી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI